
આવતી કાલના નાગરિકોનાં જ્ઞાન, ચારિત્ર્ય
અને સંસ્કાર ઘડતરનું માસિક

સંસ્થાપક : રવિશંકર રાવળ

કુમાર

જાન્યુઆરી ૧૯૫૮ · વર્ષ ૩૫મું · અંક ૧લો · સળંગ અંક ૪૦૯ · [illegible]



વુડકટ : પૂર્ણેન્દુ પાલ



રાસ કલાકાર : સ્વ. ભાનુ સ્માર્ત



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે

દેવા ધાધલના ચાલુ હપ્તા પણ હોશ અને રસપૂર્વક વાંચી નાખ્યો. પરંતુ છેલ્લા સાડા ત્રણ અક્ષરો વાંચવાની હિંમત ન ચાલી. 'અખડીં મેં નીર વરસન' એમ કહીએ તો અતિશયોક્તિ લાગે; પણ એમ તો થાય છે જ કે સાગર-સાવજને વિદાય આપી દીધી ?! અમને-વાચકોને શા માટે અઢાર વર્ષની કેદ આપી? 'સાગરનો સાદ' એમ ગાગરમાં પૂરી દીધો? છતાંયે આટલી વિનંતી માન્ય રાખશો અને 'રાજકુંવરને ગાદીએ બેસાડી, તેડવા આવેલ ધાધલ સાથે અજયપાળ અને સોનલે રાવળનાથ પર પગ...' એમ કરી આવતા અંકથી જ ફરી શરૂ કરી દો! વધુ શું કહી શકીએ? 'આં કેત, ભલા, મિણે ચોણું ખપે?'.

'સુકાની'ની ભાષા દાઢમાં રહી જાય એવી છે. અને ચાર પાતળી રૂલિંગ વચ્ચેની પેલી ટચુકડીઓ ઘરમાં ગાર લીંપ્યા બાદ મૂકેલ ચોખાની ઢગલી જેમ શોભામાં વૃદ્ધિ કરતી હતી.

હજુ તો, "રાવળનાથ"ને તમે બહુ સંકોરો છો, બે-એક પાનાં વધુ આપો, એમ લખવા વિચાર કરતો હતો; ત્યાંજ તમે તેને રાતોરાત રવાના કરી દીધું! 'સોનલની વિદાય લેવાની એની હિંમત ન હતી' એ વાક્ય મુજબ તમને પણ અમારા આગ્રહની અગાઉથી ખબર હશે, જેથી કાંઈ પણ પૂછ્યા જણાવ્યા વિના નીચે ઝીણા સાડાત્રણ અક્ષરો મૂકીદીધાઃ'સમાપ્ત'.

'સાંકળિયું' બહુ જ આકર્ષક લાગે છે: આ વખતે તો ખાસ! મુખ્ય ચિત્રોની સંખ્યા ગણત્રી મુજબની ૧૨-૧૪ને બદલેલાંબોહારડો! કવિતામાં જાણે જોઇએ તે વિષય શોધી લ્યો! 'મૂડી' જેવા લેખો—જેવા કે લિપિવિકાસ, મુદ્રણકલા, બીજી પંચવર્ષીય યોજના...વીનસ વગેરે કેટલાં ગણાવવા?...

(મુંબાઈ) —રમેશ શાહ

ડિસેમ્બર અંકમાં 'ભારત-ગૌરવ'ના લેખમાં ભૂલ થવા પામી છે. ભારતરત્ન પં. ગોવિંદ વલ્લભ પંતને જ બતાવ્યા છે; પરંતુ વડા પ્રધાન નેહરુને પણ એ ખિતાબ એનાયત થયો હતો.

(મુંબાઈ) —દલપતલાલ ચુનીલાલ ઝવેરી

[*આ જ રીતે 'ભારતરત્ન' તરીકે વિશ્વેશ્વ-
૧ ('કુમાર' અંક ૪૦૯)

રૈયાના નામની (નરેન્દ્ર શાહ તરફથી) યાદ આપતો પત્ર પણ મળ્યો છે. વાચકોએ લેખમાં ધીરજથી જોયું હોત તો સમજાત કે આ અંકમાં આપેલા પરિચયો માત્ર 'ચાલુ' (એટલે કે ૧૯૫૭ના) વર્ષના ચન્દ્રક મેળવનારાઓના જ છે. પાછલાં સર્વ વર્ષોના ચન્દ્રકો મેળવનારાઓની સંખ્યા તો ઘણી મોટી થવા જાય છે; જેમાંના કોઈ આ પરિચયમાળામાં અપાયા નથી.]

ગુજરાતનાં વર્તમાનપત્રોએ આચાર્ય નગીનદાસ શાહના અવસાનની ખાસ નોંધ લીધી નથી તે મારે મન એક ઊંડા ખેદની વાત છે. નવેમ્બર ૧૯૫૭ના 'કુમાર'ના અંકમાં આપે તેમના જીવનનો પરિચય ગુજરાતના કુમારો અને યુવાનોને આપ્યો તે માટે આપને હું ધન્યવાદ આપું છું. તે લેખમાં થોડી નાની ભૂલો છે તે તરફ આપનું ધ્યાન દોરવાની રજા લઉં છું. આણંદ છોડીને તેઓ ૧૯૫૫ના જૂનમાં વડોદરા આવ્યા પછી વડોદરા યુનિવર્સિટીએ તેમને ગણિતશાસ્ત્રના માનાર્હ અધ્યાપક નીમ્યા હતા અને ૧૯૫૭ના જૂન સુધી તેઓ ત્યાં ઉચ્ચ વર્ગના વિદ્યાર્થીઓને ગણિત શીખવતા. ૧૯૫૭ના જૂનમાં તેમનો કંઠ બેસી ગયો અને બોલવામાં મુશ્કેલી પડવા લાગી. મુંબાઈના નિષ્ણાત ડૉક્ટરોએ તો તેમનો વ્યાધિ કૅન્સર નથી એવો અભિપ્રાય આપ્યો હતો. પરંતુ આ વ્યાધિમાંથી તેઓ ઊભા થઇ શક્યા નહિ. 'કુમાર'માં તેમના વિષે આપે જે નોંધ લીધી છે તેને માટે હું આપને અને આપના માસિકને ફરીથી હાર્દિક ધન્યવાદ આપું છું.

(વડોદરા) —ન. મા. ભટ્ટ

૪૦૭મા અંકના પૂઠાઉપરના 'સૌન્દર્યરાશિ' ફોટોચિત્રનો પરિચય આપતાં તેનું વૈજ્ઞાનિક નામ આપીને એને 'રાઈ, મૂળા વગેરેના કુળની વનસ્પતિ' ગણાવી છે. આમાં શરતચૂક લાગે છે. Aster એ compositæ (સૂરજમુખીના) વર્ગની વનસ્પતિ છે: નહિ કે રાઈ, મૂળા વગેરેના કુળની. રાઈ, મૂળો વગેરે Cruciferæ વર્ગની વનસ્પતિ છે.

(અમદાવાદ) —ઉષા હરિનારાયણ આચાર્ય

૪૦૮મા અંકમાં 'સાહિત્ય સંપર્ક'માં મારા પુસ્તક 'આપણી લોકસંસ્કૃતિ'ની નોંધમાં ઉલ્લેખ કર્યો છે કે 'જેમાંના ઘણાખરા (લેખો) સ્વ. નિરંજન વર્માના સાથમાં લખાયેલા હોઇ અગાઉ સામયિક પત્રોમાં પ્રગટ થયા હોવાનું સ્મરણ છે.' એ બાબતમાં થોડી સ્પષ્ટતા કરું.

'આપણી લોકસંસ્કૃતિ'માં કુલ દસ લેખો છે. એમાંથી 'સંતવાણીના વિશિષ્ટ પ્રકાર', 'મુસ્લિમોનું મહાપર્વ મહોર્રમ' અને 'આપણું લોકસંગીત' એ ત્રણ જ લેખો પ્રાથમિક સંશોધનરૂપે નિરૂભાઇના સાથમાં લખાયેલા અને છપાયેલા. પુસ્તકમાં ઉપરના જે ત્રણ લેખો ગ્રંથસ્થ કર્યા છે તે સંપૂર્ણપણે નવસંસ્કરણ કરેલા છે ને દરેક લેખ મૂળ કરતાં બેથી ત્રણ ગણો છે.

'રાસ-રાસડા' 'પ્રકૃતિપરાયણ લોકજીવન'-નો કેટલોક ભાગ અને 'સંત-સરવાણી' નિરૂભાઈના અવસાન બાદ રેડિયોવાર્તાલાપ અને રાજકોટ રોટરી ક્લબમાં આપેલાં વ્યાખ્યાનો પરથી તૈયાર કરેલા તે 'ફૂલછાબ' ને 'ઊર્મિ નવરચના'માં છપાએલા. બાકીના ૪ અપ્રગટ છે.

(રાજકોટ) —જયમલ્લ પરમાર

નવેમ્બરના 'કુમાર'માં ૫૫૯મા પાને 'હીરાકણીના પાણીમાં ચોખ્ખો સોડા નાખવાથી લાલ ભૂકો નીચે બેસે છે' એમ છપાયું છે. એમાં 'હીરાકણી'ને બદલે 'હીરાકસી' (જેનું રાસાયણીક નામ 'ફેરસ સલ્ફેટ' છે) જોઈએ.

(નવસારી) —ભરત શાહ

(* એ મુદ્રણનો દોષ હતો: આભાર)



કચ્છના રાજાઓના અવસાન પછી તેમના અગ્નિદાહના સ્થળે બાંધવામાં આવેલી છત્રીઓ ઘણી વાર કલામય હોય છે. એવી, મહારાઓ શ્રી પ્રાગમલજી ત્રીજાની ભુજમાં આવેલી છત્રીમાં તેમનાં કુળદેવી આશાપુરાનું શિલ્પ.

(મુંબાઈ) —ભગવાનજી રામજી ઠક્કર

વનવાસીનું ગીત

· ગાન ·

કાંચળી જોઈને કાયર ભાગે ને મૌવર માંડે મરદ:
સાત પાતાળનાં ભોંયરાં ભેદીને આવતી નાગણ
રાગનું એને ય દરદ...કાંચળી૦

વાંસમાં ઘેરાય વાયરો, જ્યાંથી
ઊપને મધુર વેણ,
નેણ લુભામણ રૂપની રે તંઈ
ડોલતી રમે ફેણ;
આપણી હામે ચાલ જેવી હોય આપણી તેવી મરડ...કાંચળી૦

ઊજળો દા'ડો હોય કાળો અંધાર
ચારેગમ મોતની ડણક,
આપણો યે ટંકાર બોલે ઈમ
રાખીએ તાણી તીરની પણછ;
દાવ ચૂકયાનું કામ નહીં, અહીં આવડયું એનો અરથ...કાંચળી

રાજેન્દ્ર શાહ

છલના

· ગાન ·

આ તે કેવી છલના આલી?
નીર નદીનાં થીર ને ઓલ્યા ઓવારા વહી જાય રે ચાલી...આ૦
સાત સખીનો સંગ તે મૂકી,
એકલી હું તો જળમાં ઝૂકી,
ઠેઠ બુડાડી હેઠ તો યે આ મટકી મારી સાવ રે ખાલી!...આ૦
જમનાનાં જળસરસી ઊભી,
તો ય રે તીરે તરસી ઊભી,
લોક તો લાખો જાય ને આવે ઈલમી મળ્યો એક ના આલી!...આ૦
કેડમાં ગાગર, આંખમાં સાગર,
પગ ભરે ના ડગ છતાં યે ધરતી જાણે સરતી ચાલી!
આ તે કેવી છલના આલી!

વિનોદ અધ્વર્યુ

વણઝારો

· ગાન ·

હું સપનાંનો વણઝારો.
આ ધરથી ઓલે ઘર કેવળ મસ્ત થઈ ફરનારો...હું૦
મારગનાં તરુગુંજન પંખીકૂજન મારાં સંગી,
ધૂળ ધરાની વ્હાલભરી આ મુજને દેતી રંગી;
અગમ ક્ષિતિજનો કાયમ મુજને રહે મળી અણસારો...હું૦
મૂલ નથી લેવાનાં એવાં દેવાં સહુને મોતી,
માંહ્ય રહ્યા દરિયાની ભીતરથી લાવું જે ગોતી;
ઝળહળ તોરણિયાં હું ઘન અંધારે જઈ સજનારો...હું૦
નીંદરમાં ના જોઈ શકું, જાગું ત્યારે પણ ખોઉં;
એ બેના પણ સંગમ-આરે હું નમણું મુજ પ્રોઉં;
આ ધરતી, ઓ ગગન, ઉભયને એક કળી ભમનારો...હું૦

હસિત બૂચ

લાડકડી!

· ગાન ·

પીઠી ચોળી લાડકડી!
ચૂંદડી ઓઢી લાડકડી!
ચૂંદડીએ ધબકારા ઢાંકયા
ને કરમાં કર સોંપ્યા લાડકડી!

ઓઠી આવો લાડકડી!
કેમ કહું જાઓ લાડકડી?
તું શાની સાપનો ભારો?
તું તુલસીનો કયારો લાડકડી!

ચરકલડી ચાલી લાડકડી!
રહેશે ના ઝાલી લાડકડી!
આછેરી શીમળાની છાયા:
એવી તારી માયા લાડકડી!

સોડમાં લીધાં લાડકડી!
આંખભરી પીધાં લાડકડી!
હીબકાંને હૈયામાં રૂંધ્યાં
ને પારકાં કીધાં લાડકડી!

બાલમુકુન્દ દવે

જોડણીકોશ

· મિશ્ર ·

આ કોશ—ના, ના. અહીં પિંજરે સૌ
પંખી પુરાયાં; વળી એક એક
થકી વિખૂટાં, ફફડાટ ભૂલી
પાંખો તણો, કેવળ રૂપધારી.

અહીં સૂતો 'પ્રેમ'—ન કોઇ સાથ—
જોઈ રહ્યો એકલ દર્પણે નિજ
ઓલી રહી આકૃતિ, પ્રીતિ, સ્નેહ—
કંટાળતો; 'મૃત્યુ' વળી રહ્યું હસી
નિજાત્મને; 'જિંદગી' યે વિખૂટી
કશી પડી...
આ 'લાગણી' મૂક બની; ન 'હૈયું'
એકાંતમાં યે ધબકી રહ્યું છે;
ને 'ભાવ' સૌ સ્તબ્ધ ઊભા શું નાયકો
કો નાટયના વેશ ઉતારી સર્વે
સરી જતી જોઈ રહ્યા નદીની
ખુમારી;—ના જિંદગી, સૌ અકેલ.
આ શબ્દને રે અણજાણ વ્યંગ્ય;
ઔચિત્ય ના, ના ધ્વનિ, કલ્પના થકી
વિયોગી ક્રૂરે! કયમ એય કયાંથી
જાણે, અહીં સાવ પડોશમાં રહ્યા
'પ્રીતિ' અને 'પ્રીતમ' ને વળી 'પ્રિયા',
'મૃત્યુ' અને 'મોહ' અને જ 'મૃત્તિકા'.

જીવી રહ્યાં જગપરે જયમ માનવી સૌ,
જીવી રહ્યા શબ્દ કોશ વિષે અહીં સૌ.

મહેન્દ્ર સી દવે

ઉત્તર ધ્રુવના બર્ફસ્તાનની શોધસફરનો અગ્રણી શહીદ



સર જૉન ફ્રૅંકલિન

દરિયાઈ માર્ગે વાયવ્ય દિશાનો માર્ગ (Northwest Passage) શોધવા માટે ઓગણીસમા શતકના પૂર્વાર્ધમાં થએલા બ્રિટિશ પ્રયાસોમાં બૅકના પ્રયાસ પછી, ખરાબ હવામાન અને સમુદ્રમાં બરફના તોફાનમાંથી જીવ બચાવીને જે સંજોગોમાં બૅકને પાછા ફરવું પડયું હતું તેનો વિચાર કરીને, બ્રિટિશ સરકારે એ દિશામાં નવાં સાહસો કરવાનું માંડી વાળ્યું હતું. જોકે દર વર્ષે બ્રિટનની રૉયલ જીઑગ્રાફિક સોસાએટી તરફથી સરકારને એવા પ્રયાસ માટે વિનંતી કરવામાં આવતી હતી અને એ માટે ઝુંબેશ ઉપાડવામાં આવી હતી, છતાં સાત વર્ષ સુધી એક પણ બ્રિટિશ વહાણુ વાયવ્ય દિશાના માર્ગે આગળનો પ્રદેશ શોધવા માટે ઊપડયું નહોતું.

દરમિયાન જમીન માર્ગે કૅનેડાના ધ્રુવસમુદ્રનો આખો યે કિનારો શોધાઈ ગયો હતો. સમુદ્રમાં આવેલા કેટલાક ટાપુઓ, દ્વીપકલ્પો વગેરે પણ નકશામાં ઉમેરાઈ ગયા હતા. આ વર્ષો દરમ્યાન દક્ષિણ ધ્રુવની સફરો પણ શરૂ થઈ ગઇ હતી. અમેરિકા ખંડના ધ્રુવપ્રદેશમાં અશોધિત પ્રદેશ ઓછો રહ્યો હોવાને લીધે, ત્યાં થઇને સીધા પૅસિફિક મહાસાગરમાં પહોંચવાની શકયતા હવે સ્પષ્ટ જણાતી હતી અને એવા સાહસ માટે સમય પાકી ગયો હોવાનું સાહસિકોને લાગતું હતું. ભિન્નભિન્ન સાહસો દ્વારા વાયવ્ય દિશાના માર્ગે માટે ભૂમિકાનું ઘણુંખરું કાર્ય થઈ ગયું હતું. આથી રૉયલ જીઑગ્રાફિક સોસાએટીએ સરકારને ખૂબ દબાણ કર્યું અને સાહસ માટે મંજૂરી મેળવી. બ્રિટિશ નૌકાખાતાએ આ સાહસ માટે મોટા પાયા પર તૈયારીઓ આદરી દીધી.

ઇ. સ. ૧૮૩૯ થી ૧૮૪૩ સુધીમાં સર જેમ્સ રૉસે દક્ષિણ ધ્રુવ તરફ ત્રણ વાર સફર કરી. એ માટે વપરાએલાં નૌકાખાતાનાં વહાણો 'એરબસ' (Erebus) અને 'ટેરર' (Terror) અત્યારે નવરાં પડયાં હોવાથી ઉત્તર ધ્રુવની સફર માટે તે ઉપયોગમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું. બંને વહાણોને પૂરેપૂરાં તપાસવામાં આવ્યાં અને જરૂરી સમારકામ કરી બરાબર મજબૂત કરવામાં આવ્યાં. સઢથી ચાલતાં આ વહાણોને, થોડા સમય પહેલાં જ શોધાયેલા વરાળયંત્રથી સજ્જ કરવામાં આવ્યાં. વહાણમાં ત્રણ વર્ષ ચાલે એટલી ખાધાખોરાકી ભરવામાં આવી અને બીજી દરેક પ્રકારની સગવડ રાખવામાં આવી. બરફરહિત શાંત સમુદ્રમાં એની ગતિ ખૂબ વધારી શકાય એવી તૈયારી પણ તેમાં રાખવામાં આવી. આટલા મોટા પાયા પર સજ્જ થએલું, વરાળયંત્રવાળું ગતિશીલ જહાજ યુરોપના દેશોમાંથી ધ્રુવસમુદ્રની સફરે આ પહેલી જ વાર ઊપડતું હતું.

સાત વર્ષના ગાળા પછી મોટા પાયા પર યોજાએલા આ મહાન સાહસની સરદારી કોને સોંપવી એની બ્રિટિશ સરકારને મૂઝવણ થતી હતી. યુવાન અફસરોને તો આ સાહસમાં લેવામાં આવનાર જ હતા, પરંતુ એની સરદારી કોઈ પીઢ, અનુભવી અને નીવડેલા સાહસિકને સોંપવા માટે સરકારની નજર બે સાહસિકો પર હતી. એક સર જેમ્સ રૉસ અને બીજો સર જૉન ફ્રૅંકલિન. નૌકાખાતાના અધિકારીઓ ઇચ્છતા હતા કે એની સરદારી રૉસને આપવામાં આવે. ઉચ્ચ કક્ષાના કેટલાક સરકારી અધિકારીઓ અને સાહસ-રસિક લોકો ઇચ્છતા હતા કે એની સરદારી ફ્રૅંકલિનને સોંપવામાં આવે.

નૌકાખાતાના ઉચ્ચ કક્ષાના એક અધિકારીએ એ વિષે રૉસને પૂછી પણ જોયું, તો જવાબ મળ્યો : 'ના, ના, સાહેબ. મને માફ કરો. હવે તો હું ઘરડો થવા આવ્યો. મારે તો હવે આરામ કરવો છે. સાહસ-સફરે નથી જવું.' રૉસની ઉમર તે વખતે ચુંમાલીસ વર્ષની હતી, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવની સફરોનો એને હવે થાક લાગ્યો હતો.

બીજી બાજુ ફ્રૅંકલિન આ સાહસની સરદારી પોતાને મળે એ માટે બધા જ પ્રયત્નો કરતો હતો. ધ્રુવપ્રદેશમાં વીસ વર્ષ પહેલાં એણે ઉપરાઉપરી સફરો કરી ઘણો નવો પ્રદેશ શોધ્યો હતો. એ વખતની એની મહત્ત્વાકાંક્ષા અમેરિકા ખંડના આખા ઉત્તર કિનારાની સફર કરવાની અને વાયવ્ય દિશાનો માર્ગ સંપૂર્ણપણે શોધવાની હતી, પણ પછી ટાસ્માનિયાના ગવર્નરપદે એની નિમણૂક થઈ અને એણે બીજી વાર લગ્ન કર્યાં, એટલે ત્યારથી ધ્રુવપ્રદેશમાં જવાની એને બિલકુલ તક મળી નહોતી. અત્યારે એની ઉમર ઓગણસાઠ વર્ષની થઈ હતી. નિવૃત્તિ-પહેલાંની રજા ગાળવા માટે હમણાં એ ઇંગ્લંડ પાછો ફર્યો હતો. એ સમયે ધ્રુવપ્રદેશના મોટા પાયા પરના આ નવા સાહસની વાત સાંભળતાં જ વીસ વર્ષ પહેલાંની એની મહત્ત્વાકાંક્ષા ફરી સળવળી. સાહસની સરદારી પોતાને મળે એ માટે પ્રયત્નો કરવામાં એણે કશું જ બાકી ન રાખ્યું.

પણ નૌકાખાતાના અધિકારીઓ એમાં રાજી નહોતા, કારણ કે એની હવે ઉમર થવા આવી હતી, લૉર્ડ હૅમિંગ્ટને તો ફ્રૅંકલિનને ન જવા માટે સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું પણ ખરું કે, 'સર ફ્રૅંકલિન, મેં સાંભળ્યું છે કે તમને સાઠ વર્ષ થયાં. તો તો તમારે હવે નિવૃત્ત થઈ આરામ કરવો જોઈએ અને ધ્રુવપ્રદેશમાં જવાનું માંડી વાળવું જોઇએ.'

'ના, ના, સાહેબ. મને તો હજુ ફક્ત ઓગણસાઠ વર્ષ જ થયાં છે. હું તો હજુ જુવાનજોધ છું. ધ્રુવપ્રદેશ મારફત પૅસિફિકમાં પહોંચવાની મારી તો જીવનભરની ઉમેદ છે.'


ભૂતકાળમાં ફ્રૅંકલિને એટલું સરસ, સંગીન અને સફળ સાહસિક કાર્ય કરી બતાવ્યું હતું અને સરકારી વર્તુળોમાં, સાહસિકોમાં તેમજ લોકોમાં એની પ્રતિષ્ઠા એટલી બધી જામેલી હતી કે સરકારથી એને ના પાડી શકાઈ નહિ.

ઇંગ્લંડની સરકારે આ વખતના સાહસમાં વધારે રસ લીધો. નકશાઓ, હવામાન, ખાધાખોરાકી અને સાધનો વગેરેની નાનીમોટી વિગતો તપાસી સરકારે જ કાર્યક્રમ તૈયાર કરી આપ્યો. ઇંગ્લંડથી કયે દિવસે ઊપડવું, કયેકયે માર્ગે થઇને જવું, કયાં કયારે પહોંચવું, માર્ગ-

જૉન ફ્રૅંકલિન

લેખક પ્રો. રમણલાલ શાહ એમ.એ.

માં જુદેજુદે સ્થળે કેટલી ઝડપ રાખવી, ખોરાકનો કેવી રીતે કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો ને ક્યાંથી તાજો શિકાર મેળવી લેવો, પૅસિફિક મહાસાગરમાં લગભગ ક્યારે પહોંચવું એની વિગતવાર સૂચના ફ્રૅન્કલિનને આપવામાં આવી. માર્ગમાં આડાઅવળા જઈ ગમે ત્યાં નકામો સમય ન બગાડવાનું અને લૅન્કેસ્ટર સાઉન્ડમાં સમુદ્રમાં ઉનાળામાં બિલકુલ બરફ ન હોવાથી ત્યાં વહાણની ગતિ અસાધારણ વધારી દેવાનું પણ ખાસ કહેવામાં આવ્યું. આ વખતે વાયવ્ય દિશાના માર્ગે પૅસિફિકમાં પહોંચવા વિશે નહોતી શંકા બ્રિટિશ સરકારને, કે નહોતી શંકા સાહસિકોને.



ગોળ ટપકાંવાળી લીટીથી દર્શાવેલી ફ્રૅન્કલિનની આખરી સફરનો માર્ગ

આવા મોટા સાહસમાં સાહસિક તરીકે, અફસર તરીકે કે મામૂલી ચાકર તરીકે પણ જેને જગ્યા મળી તે માણસો પોતાની જાતને ઘણી ભાગ્યશાળી માનવા લાગ્યા. કેટકેટલા માણસો પૂરતી લાયકાત છતાં આ સાહસમાં સ્થાન ન મળવાને લીધે નિરાશ થયા. ફ્રૅન્કલિન સાથે નૌકાખાતાના ચુનંદા અફસરો લેવામાં આવ્યા હતા. સાહસિકો તરીકે પણ એટલા જ શક્તિશાળી માણસોને ચૂંટવામાં આવ્યા હતા. એડ્વર્ડ પેરીના હાથ નીચે ભૂતકાળનાં સાહસોમાં કામ કરનાર કૅપ્ટન ક્રોઝિયેર, એકત્રીસ વર્ષની ઉમરે ચીન સાથેના યુદ્ધમાં જેણે સેનાપતિનું પદ મેળવ્યું હતું તે જેમ્સ ફિટ્ઝમેસ, બૅકની સફરે જઈ ઉત્તમ કામગીરી દાખવનાર ગ્રૅહામ ગોરે, ઑસ્ટ્રેલિયા અને આફ્રિકાના સરકારી ખાતામાં અસાધારણ કાર્યક્ષમતા બતાવનાર ઇરવિંગ, અને આ ઉપરાંત ડેસ વૉક્સ, ફેર હોમ વગેરે કેટકેટલા જાણીતા શક્તિશાળી યુવાનોનું જૂથ જામ્યું હતું. 'એરબસ' ને 'ટેરર' બંને વહાણોમાં મળીને ૧૨૯ માણસો નો કાફલો થયો હતો. આટલી મોટી સંખ્યામાં જેમાં સાહસિકો, ખલાસીઓ વગેરેને રોકવામાં આવ્યા હોય એવું યુરોપનું આ સૌથી પહેલું જ સાહસ હતું. સર્વરીતે સંપૂર્ણપણે સજ્જ થએલા આ વહાણો યુવાન અને અનુભવી સાહસિકોને લઇને ૧૮૪૫ની ૧૯મી મેએ ટેમ્સ નદીમાંથી ઊપડયાં ત્યારે વિદાય આપવા ટોળાં એકઠાં થયાં હતાં.

ઈંગ્લંડથી ઊપડી બંને વહાણો થોડા દિવસમાં જ ગ્રીનલૅન્ડને કિનારે ડિસ્કો બંદરે પહોંચ્યાં. જતાંની સાથે સહુકોઈ પત્રલેખનના કાર્યમાં મશગુલ થઈ ગયા હતા, કારણ કે ઇંગ્લંડથી અહીં સુધી ટપાલની અવરજવર ચાલુ થઈ ગઈ હતી અને સ્વજનો, મિત્રો વગેરેને પત્ર લખવાની આ છેલ્લી તક હતી. ત્યાર પછી ધ્રુવસમુદ્રમાં દોઢ-બે વર્ષ સુધી (વાયરલેસની શોધ હજુ થઈ નહોતી એટલે) બહારની દુનિયાથી તેઓ સાવ અલિપ્ત થઈ જવાના હતા. વળી તેઓ આ રસ્તે પાછા ન આવતાં પૅસિફિકમાં પહોંચી એ લાંબે રસ્તે ઈંગ્લંડ પહોચનાર હતા. એ રસ્તે ઇંગ્લંડ સાથેનો પત્રવ્યવહાર બેરિંગ સામુદ્રધુનીમાં પેટ્રોપાવલોવસ્ક નામના સ્થળ સુધી ચાલુ થઈ ગયો હતો, એટલે દરેકે પોતાના આ છેલ્લા પત્રનો જવાબ પેટ્રોપાવલોસ્કના સરનામે મંગાવ્યો હતો.

ડિસ્કો બંદરેથી ઊપડી તેમણે બૅફિન સમુદ્રમાં જહાજો આગળ હંકાર્યાં. પરંતુ સમુદ્રમાં તરતા હિમપર્વતો નડવાને લીધે તેમની ગતિ મંદ પડી ગઈ હતી. જુલાઈ મહિનાના અંતમાં પોતાનું વહાણ પાછું હંકારી લાવતો એક વ્હેઈલ-શિકારી તેમને મળ્યો. એ શિકાર કરી ઈંગ્લંડ પાછો ફરી રહ્યો હતો. પોતાની સહીસલામતીના સમાચાર ઇંગ્લંડ મોકલાવવાની આ એક વધુ તક તેમને મળી, કારણ કે હવે કોઈ વહાણ પાછું ફરવાનું હોય એવો સંભવ નહોતો, ને ઈંગ્લંડ તથા બીજી બહારની દુનિયા સાથેનો આ તેમનો છેલ્લો સંપર્ક હતો.

તરતા હિમપર્વતો ખસતાં અને માર્ગ સરળ અને અનુકૂળ બનતાં તેમણે બૅફિન સમુદ્રમાંથી લૅન્કેસ્ટરની ખાડીમાં પ્રવેશ કર્યો. તદ્દન બરફરહિત આ ખાડીમાં ઝડપથી અંતર કાપતાં તેમને વાર શી લાગે? અને સરકારે પણ તેમને અહીં સમય બિલકુલ બગાડયા વિના વધુમાં વધુ ઝડપ રાખવાની સૂચના તો આપી જ હતી ને! એટલે વૉકરની ભૂશિરસુધી તેઓ ક્યારે પહોંચી ગયા તેની તેમને ખબર પણ પડી નહિ.

પણ અહીં હવે બેરો સામુદ્રધુનીમાં જામેલા બરફે તેમની આગળની સફર અશક્ય બનાવી દીધી. પશ્ચિમ દિશાનાં સીધાં દ્વાર આમ બંધ હતાં, એટલે ઉત્તર દિશા તરફ જતી એક ખાડી મારફત આગળ જઈ શકાય છે કે નહિ એ જોવા માટે ફ્રૅન્કલિને બંને જહાજો એ માર્ગે લેવડાવ્યાં. આ ખાડીનું નામ વેલિંગ્ટન હતું. કેટલાંક વર્ષ પર પેરીએ એ જોઈ હતી,–જોકે એણે એમાં પ્રવેશ કર્યો નહોતો. ફ્રૅન્કલિને એમાં પ્રવેશ કર્યો. બરફરહિત એ ખાડીની ડાબી બાજુ કૉર્નવૉલિસ નામનો ટાપુ હતો. ખાડી સીધી ઉત્તર તરફ જતી હતી. ફ્રૅન્કલિને ધાર્યું હતું કે એ આગળ જતાં પશ્ચિમ તરફ વળી જતી હશે ને વિશાળ સમુદ્રને મળતી હશે. પણ તેમ દેખાયું નહિ, અને સીધા ઉત્તર તરફ જવાનો તો અર્થ જ નહોતો. એટલે કૉર્નવૉલિસ ટાપુની પ્રદક્ષિણા પૂરી કરી તેઓ લૅન્કસ્ટર સાઉન્ડમાં પાછા ફર્યા. ત્યાં તો ઉનાળાનો અનુકૂળ સમય ઓછો થવા લાગ્યો ને સમુદ્રમાં બરફના મોટામોટા થર જામવા લાગ્યા, એટલે તેમણે બીચી ટાપુ પર શિયાળો ગાળવાન૦ તૈયારીઓ આદરી દીધી.

બેરો સામુદ્રધુની મારફત આગળ વધી શકાયું હોત તો તો સારું થાત. પણ છતાં તેઓ આટલા અલ્પ સમયમાં ઈંગ્લંડથી સીધા બેરો સુધી આવી પહોંચ્યા એ જ એક મોટામાં મોટી સિદ્ધિ હતી, તીવ્ર ઝડપની નિશાની હતી. શિયાળો ગાળવાની વ્યવસ્થિત યોજના ઈંગ્લંડથી જ કરીને તેઓ નીકળ્યા હતા, એટલે એ તેમને મન આપત્તિ નહિ, પણ



બરફમાં અટવાઈ ગયેલાં 'ઍરેબસ' અને 'ટેરર'

ઉત્સવ અને આનંદની વસ્તુ હતી. તેમની પાસે ખાવાનું ભરપૂર હતું. રમતગમત અને આનંદપ્રમોદનાં સાધનો પુષ્કળ હતાં. દર અઠવાડિયે નાટકાદિ મનોરંજનના કાર્યક્રમો થતા. વ્યાખ્યાનો અને ચર્ચાસભાઓની ગોઠવણ થતી. કોઇક મનોરંજક નવલકથા વાંચવામાં પડ્યા હતા, કોઈક વૈજ્ઞાનિક નિરીક્ષણોની પ્રવૃત્તિ કરવા લાગ્યા હતા, કોઈક બરફગાડી લઈ ખભે બંદૂક ભરાવી શિકાર કરવા નીકળી પડ્યા હતા, તો કોઈક એસ્કિમો પાસેથી તરેહતરેહની વસ્તુઓ ખરીદવા ભાવતાલ કરવામાં મશગુલ બન્યા હતા. છતાં ધ્રુવપ્રદેશનો શિયાળો પોતાની અસર બતાવ્યા વિના રહ્યો નહિ. કેટલાકની તબિયત એણે બગાડી અને ત્રણ માણસોના તો પ્રાણ જ હરી લીધા. એક પછી એક ત્રણ સાથીદારોનાં અવસાન થતાં વાતાવરણ થોડા દિવસ શોકમય, ગમગીન બની ગયું. તેમને ત્રણેને આ ટાપુ પર વિધિસર દફનાવવામાં આવ્યા, અને તેમની કબરૂ પર પ્રથ્થરનું સ્મારક રચવામાં આવ્યું.

ફરી ઉનાળો શરૂ થયો. સમુદ્રમાં જામેલાં બરફનાં પડમાં તિરાડો પડવા લાગી. ધીમેધીમે બરફ ઓગળવા લાગ્યો અને બંને વહાણો બરફમાંથી મુક્ત થયાં. આગળની સફર માટે સૌ સુસજ્જ બની ગયા. જહાજોએ લંગર ઉપાડી લીધાં. સફરના આ બીજા તબક્કામાં તેઓ શિયાળો શરૂ થતાં પહેલાં પૅસિફિક મહાસાગરમાં પહોંચી જવાની આશા રાખતા હતા. પણ બેરો સામુદ્રધુનીનો બરફ હજુ બિલકુલ ઓગળ્યો જ નહોતો. હવે જવું કેવી રીતે? એક પછી એક કીમતી દિવસો પસાર થતા જતા અને તેઓ મૂંઝાતા હતા. એમ ને એમ બેસી રહેવું પણ ક્યાં સુધી? નવા કોઈ માર્ગની શક્યતા તેઓ વિચારવા લાગ્યા. ગઈ ઋતુમાં ઉત્તરની ખાડી મારફત તેઓ તપાસ કરી આવ્યા હતા. આ વખતે હવે સમરસેટ ટાપુ આગળ, દક્ષિણ દિશા તરફ પડતી એક ખાડીને રસ્તે પશ્ચિમ તરફના માર્ગની શોધ કરતા કરતા તેઓ રૉસે શોધેલ લોહાકર્ષક ધ્રુવ (magnetic pole)ના પ્રદેશ સુધી આવી પહોંચ્યા.

રૉસની સફરને આધારે તૈયાર કરવામાં આવેલા આ પ્રદેશના નકશામાં તેમણે જોયું તો તેઓ કિંગ વિલિયમ લૅન્ડની ઉત્તરે આવી પહોંચ્યા હતા. અહીંથી આગળ વધવા માટે તેમની પાસે બે માર્ગ હતા: એક હતો વિલિયમ લૅન્ડની પૂર્વ તરફ અને બીજો પશ્ચિમ તરફ. પશ્ચિમે સમુદ્રમાં પુષ્કળ બરફ હતો, જ્યારે પૂર્વ તરફનો રસ્તો અનુકૂળ હતો, એટલે પૂર્વ રસ્તે થઈ આગળ જવાની તેમની ઇચ્છા હતી. પણ નકશો જોતાં એ માર્ગે આગળ જમીનનો પ્રદેશ—કિંગ વિલિયમ લૅન્ડ અને બૂથિયા ફેલિક્સ એ બે વિશાળ ટાપુઓને જોડતી જમીનની એક નાનકડી પટી–સંયોગીભૂમિ (isthumus) આવતી હતી, જેથી જહાજો ત્યાંથી આગળ વધી ન શકે. હકીકતમાં પૂર્વ તરફ એવી કોઈ સંયોગી ભૂમિ હતી જ નહિ, પરંતુ ધુમ્મસને લીધે અને શિયાળામાં સમુદ્રમાં ઠરી ગએલા બરફને લીધે બૂથિયા ફેલિક્સની દક્ષિણે જતાં એ પ્રદેશનું બરાબર નિરીક્ષણ કરવાનું રૉસની દૃષ્ટિ બહાર ચાલ્યું ગયું હતું. જે બરફ પરથી પોતે ચાલ્યો જાય છે એની નીચે જમીનનો પ્રદેશ નહિ, પણ સમુદ્રનો ઠરી ગએલો બરફ જ છે એની રૉસને ખબર ન પડી ને બરાબર નિરીક્ષણ કરવાનો એની પાસે સમય નહોતો, એટલે એણે તૈયાર કરેલા નકશામાં તો બૂથિયા ફેલિક્સ અને કિંગ વિલિયમ લૅન્ડ જોડાએલાં જ રહ્યાં! આ અગાઉ કોઈ સાહસિકે અહીં આવી આ પ્રદેશનો નકશો વિગતવાર તૈયાર કર્યો નહોતો, એટલે રૉસનો નકશો જ પ્રમાણભૂત ગણાતો હતો, અને તેને આધારે ફ્રૅન્કલિનને પૂર્વનો માર્ગ છોડવો પડ્યો. હવે તો, પશ્ચિમ તરફના સમુદ્રમાં પુષ્કળ તરતા હિમપર્વતો હતા, છતાં પણ તે માર્ગે જવા સિવાય છૂટકો નહોતો.

પરંતુ એ દિશામાં થોડું અંતર પણ તેઓ કાપે તે પહેલાં તો બરફના મોટામોટા તરતા પહાડો તેમની તરફ ધસવા લાગ્યા. એની વચ્ચેથી માર્ગ કાઢી આગળ જવા તેઓ ત્યારે મથામણ કરતા હતા, પણ તેમના બધા જ પ્રયાસો શૂન્યમાં પરિણમતા હતા. ભરઉનાળો હતો છતાં સમુદ્રમાં બરફ ઓગળવાની ખાસ કંઈ આશાભરી નિશાની જણાતી ન હતી. ચારે બાજુ બરફ, બરફ અને બરફ હતો. કિંગ વિલિયમ લૅન્ડની ઉત્તરે ખુલ્લા સમુદ્રમાં જ તેઓ હતા, પણ થોડા સમયમાં જ તેમનાં બંને જહાજો—એરબસ અને ટેરર આસપાસથી ખસી આવતા અને ધસી આવતા હિમખંડો વચ્ચે જકડાઇ ગયાં, ઘેરાઈ ગયાં. જહાજો બરફમાંથી છૂટાં પડે એવી આશા જ ન રહી, એટલું જ નહિ પણ ઘેરી વળેલા બરફની સાથે બંને જહાજો પશ્ચિમ તરફ ગમે તેમ ઘસડાવા લાગ્યાં. દિવસેદિવસે બરફ એટલો બધો વધવા લાગ્યો કે આ સંકટમાંથી તાત્કાલિક મુક્તિ મળવાની આશા વ્યર્થ બની ગઈ. ઉનાળાના અત્યંત કીમતી દિવસો આ રીતે વેડફાઈ જવા લાગ્યા, એટલું જ નહિ પણ હવે તો શિયાળો પણ એ પ્રદેશમાં ગાળવાનું નિશ્ચિત બની ગયું! તેમની યોજના પ્રમાણે તો શિયાળા પહેલાં પૅસિફિકમાં પહોંચી જવાનું હતું, અને હવે તો પેટ્રોપાવલોસ્કમાં તેમના પત્રોના જવાબ પણ આવી ગયા હશે; પણ પત્રવાચન અને લેખનના એ આનંદભર્યા દિવસોને બદલે બીજો શિયાળો પસાર કરવાની ચિંતામાં તેઓ પડ્યા હતા. ગયા શિયાળામાં વ્યવસ્થિતરીતે જે આનંદભર્યા દિવસો તેમણે પસાર કર્યા હતા તેવું આ શિયાળામાં બન્યું નહિ, કારણ કે આ વખતે જમીનના કોઈ અનુકૂળ, રમણીય કિનારા પાસે, સુંદર બંદરમાં શિયાળાની જગ્યા પસંદ થઈ શકી નહિ. હવામાન એટલું ખરાબ હતું, ઠંડી એટલી અસહ્ય પડતી હતી અને ચારે બાજુ ઘેરી વળેલા બરફમાં જહાજ એવી રીતે જકડાઈ ગયાં હતાં કે આ શિયાળો જમીન પર છાવણી નાખીને પસાર કરવાને બદલે જહાજમાં જ પસાર કરવાની તેમને ફરજ પડી. એક તો આ બરફ વચ્ચે તેઓ કેદીની જેમ પુરાઈ ગયા હતા તેમાં વળી બીજું મોટું સંકટ આવી પડ્યું. ઇંગ્લંડથી તેઓ ટીનના ડબ્બા... અકબંધ ભરીને જે ખોરાક લઈ આવ્યા હતા, તેમાંથી અરધા ઉપરનો ખોરાક સડી ગયો; બહારથી દુશ્મનોથી ઘેરાએલા કોઈ કિલ્લાના માણસોની સ્થિતિ આંતરિક કલહ અને દ્રોહથી નબળી પડી જાય, તેવી સ્થિતિ તેમની થઇ ગઇ.

છતાં જેમતેમ કરી શિયાળો તો તેમણે પૂરો કર્યો. હવે ઉનાળો થઇ જહાજો બરફમાંથી મુક્ત થાય ત્યાં સુધી, જુદીજુદી ટુકડીઓએ બરફગાડીઓ લઇ આસપાસના ભિન્નભિન્ન પ્રદેશનો પ્રવાસ કરી નકશાઓ તૈયાર કરવાનું, શિકાર મેળવવાનું અને વૈજ્ઞાનિક તેમજ ભૌગોલિક માહિતી એકઠી કરવાનું કાર્ય આરંભી દીધું. કિંગ વિલિયમ લૅન્ડના અજાણ્યા પ્રદેશનો અને એના નહિ મપાએલા કિનારાનો નકશો તૈયાર કરવા ગોરેએ બીજા એક અફસર અને છ મદદનીશો (અનુ. પૃ. ૨૮મે)

ઉત્તરાયણને દિવસે



મનેશચન્દ્ર

તે દિવસે ય ઉત્તરાયણ હતી.

'પતંગ! પતંગ! પતંગ!' સાત વર્ષનો દિવ્યો કૂદતો હતો.

'દિવ્યો' એ 'દિવ્યાંશુ'નું ટૂંકું રૂપ છે. ઘરનાં બધાંએ 'અંશુ'નો છેદ ઉડાડી દઈ વધેલા 'દિવ્ય'માં ભાવપૂર્વક 'ઓ' ઉમેરી દીધો હતો, અને 'દિવ્યો દિવ્યો' કર્યા કરતાં હતાં.

'ભગ્ગુ!' તેણે બૂમ પાડી. ફૂટડું ફૂટડું તેનું મોં પતંગના ઝોલા સાથે ઝોલા લેવા લાગ્યું.

'જી નાનાશેઠ!' બોલતો અગાસીને બીજે છેડે ઊભેલો ભગ્ગુ તેની પાસે આવ્યો.

'જો-જો-જો મારો વીસરંગી!'

'સરસ છે! પણ હજુ ડગ ડગ ડગ થાય છે. લાવો જરા વધારે દોર મૂકી આપું. પછી આકાશમાં સ્થિર થઈ જશે.'

ભગ્ગુએ દિવ્યાના હાથમાંથી દોર લઈ લીધો. પછી દોરની થોડી ઢીલ મૂકી, ખેંચી, કસબીની અદાથી ઊંચો ચઢાવ્યો, ને કપાલપ્રદેશમાં ચાંદલો ચોંટીએ તેમ આકાશમાં ચોંટી દીધો.

આકાશી પ્રકાશ વડે આંજેલાં નયનોથી દિવ્યો ચારેપાસ જોવા લાગ્યો. નજર પહોંચે ત્યાં સુધી અગાસીઓમાં અને છાપરાં પર માણસો જ માણસો દેખાતા હતા. હે...હા...હેહે એવા હોકારા-પડકારા થતા હતા. વ્યોમ અને ભોમની વચ્ચે અદ્ધર એક નવી જ સૃષ્ટિ જાણે રચાઇ ગઈ હોય એમ લાગતું હતું. અદ્‌ભુત! અદ્‌ભુત! દિવ્યાનું હૃદય આ ભાવ સમજતું નહોતું, છતાં અનુભવી રહ્યું.

ભગ્ગુએ પતંગ દિવ્યાના હાથમાં મૂક્યો ને પોતે આજુબાજુ લડાતા પેચો તરફ ડાફોળિયાં મારવા લાગ્યો. એકાએક દિવ્યાના વીસરંગીએ ગોથ ખાધી. તે સાથે જ આઘેના કોઈક છાપરા પરથી એક લાંબો ઝંડો ઊંચો થયો, ઝપટાયો, અને વીસરંગીનો માલિક બદલાયો.

'એઈ છોડ! છોડ!' દિવ્યાએ કાગારોળ કરી મૂકી.

'શું થયું? શું થયું?' ભગ્ગુ એકદમ તેની પાસે આવ્યો.

'મારો પતંગ! મારો પતંગ!' દિવ્યાએ તે છાપરા તરફ આંગળી ચીંધી.

ભગ્ગુએ તે તરફ જોયું. પેલો છોકરો હજુ પણ ખિલ ખિલ ખિલ હસતો હતો તથા તોડેલા દોરની લચ્છી વાળતો જતો હતો.

'કેમ તોડી લીધો પતંગ? પાછો આપી દે!' ભગ્ગુએ બૂમ પાડી.

છાપરા પર ચડીને, ઉત્તરાયણને દિવસે, પતંગની બાબતમાં છોકરાં કોઇનું સાંભળે ખરાં?—તોડી લેનાર છોકરો કેવળ લુચ્ચું લુચ્ચું હસવા લાગ્યો. આજુબાજુના બીજાઓ પણ ગમ્મત ખાતર ઊંચા ઊંચા હાથ કરી કિકિયારીઓ પાડવા લાગ્યા.

ભગ્ગુએ સાદ વધારે મોટો કર્યો અને પેલા છોકરાને કહ્યું, 'હસે છે શું, ઠીકરા! પતંગ તારા બાપનો નથી!'

પેલા છોકરાએ એના તરફ ધ્યાન ન આપ્યું. એ તો નિરાંતે લચ્છી ખિસ્સામાં મૂકી, બીજા કોઈ પતંગને ફસાવવાની રાહ જોવા લાગ્યો.

અહીં દિવ્યાએ રડારોળ કરવા માંડી. હાથ ઉલાળવા માંડયા, પગ પછાડવા માંડયા. ભગ્ગુ તરત તેને છાનો કરવામાં પડયો: 'અરે મારા નાના શેઠ! રડો છો શું કરવા? રડો નહિ; એ નહિ અને આ બીજો—લ્યો, કેવો મજાનો, સર્‌રસ, ફક્કડ ચાંદલિયો છે!'

'ના,ના,ના—મને મારો વીસરંગી!'

'તો લ્યો આ વીસરંગી.'

'આ નહિ, પેલો જ!'

ન માન્યો; ધરાર ન માન્યો. પોતાનું ઘરેણું લૂંટાય અને જે વલખાટ માણસના મુખ પર પ્રસરી જાય તેવો વલખાટ તેના મુખ પર હતો.

શું કરવું? ભગ્ગુ વિમાસણમાં પડયો. દિવ્યો રડયે જતો હતો. તેને છેલ્લાં ચાર વર્ષથી ભગ્ગુએ હુલાવ્યોઝુલાવ્યો હતો. તેના પ્રતિ ભગ્ગુને એવો અને એટલો પ્યાર હતો કે કદીક છે ને જો દિવ્યો રડતો, તો એ રુદનના ધક્કા ભગ્ગુના હૃદયમાં વાગતા. અત્યારે પણ ભગ્ગુ અડધોઅડધો થઇ ગયો. તદુપરાંત તેને ચિંતા એ થઇ કે જો એ રુદનનો અવાજ નીચે ગયો તો શેઠાણી ધમકાવી નાખવાનાં. પાછાં એ કોઇ પણ જાતની દલીલ તો સાંભળવાનાં જ નહિ. દિવ્યાને ઉદ્દેશીને કંઇક અગડંબગડં બોલતાં ભગ્ગુએ પેલા છોકરાના છાપરા તરફ નજર કરી. છાપરું કંઈ પાસે નહોતું. વળી વચ્ચે શેરી આવી જતી હતી. શેરીની સામસામાં આવેલાં એ છાપરાં છોકરાં તો જોકે ટપ દઈને કૂદી જતાં હતાં, પણ ભગ્ગુનું એ કામ નહિ.

ભગ્ગુને પેલા છોકરા તરફ ખૂબ ગુસ્સો ચડયો. તેણે દિવ્યાને સમજાવ્યો કે જો તે છાનો રહે તો પોતે નીચે ઊતરી, પેલા છોકરાને ઘેર જઇ, એને બે મો...ટા તમાચા મારે અને પતંગ લઇને પાછો આવે. દિવ્યો જરા શાંત થયો.

એ છાપરું કયા ઘરનું હતું એની ભગ્ગુને ખબર હતી. તે સીધો ત્યાં ગયો અને બૂમ પાડી: 'ઘરમાં કોઇ છે?'

'કોણ?' બોલતી એક સ્ત્રી બહાર આવી. તેના હાથની આંગળીઓ પર તલ અને ગોળ ચોંટેલા હતા.

'ઉપર તમારો છોકરો પતંગ ઉડાડે છે?'

'ઉપર તો ત્રણ ચાર છોકરાઓ છે—કેમ?'

'ભૂરું ખમીસ પહેર્યું છે એ છોકરો કોણ છે.'

'એ મારો છોકરો છે, પણ છે શું?'

'એને તમે પતંગો નથી અપાવ્યા?' ભગ્ગુના અવાજમાં કટાક્ષ આવ્યો.

'એનું તમારે શું કામ છે? અપાવ્યા કે નથી અપાવ્યા એવું પૂછવાનું કંઇ કારણ?' બોલી, એ સ્ત્રી ભ્રૂકુટિ ખેંચી ભગ્ગુ સામે તાકી રહી.

'કારણ એ કે એ લોકોના પતંગ તોડી લે છે.'

'કોના તોડી લે છે?'

'એક તો મારો જ.'

'મારો છોકરો પતંગ તોડે એવો છે જ નહિ. કોઈક બીજો હશે.'

'મેં મારી જાતે જોયું તે ખોટું?'

'એમ હશે, કદાચ તોડ્યો પણ હશે.' સ્ત્રી બોલી. પછી તેને કંઈક ટીખળ સૂઝ્યું. પોતાના એ ટીખળ પર પોતે જ મલકાતાં કહ્યું, 'એમાં શી મોટી બાબત છે? છોકરાં જો આજે પતંગ નહિ તોડે ત્યારે શું દિવાળીને દિવસે તોડશે?!'

'એટલે?' એ ગરમ થઈ ગયો. 'તમારા છોકરાને કહી દો કે કોઈના પતંગ તોડે નહિ, નહિ તો કોઈ નળિયું મારશે તો માથું યે ફૂટી જશે.'

(જાન્યુઆરી ૧૯૫૮) ❦



વન્ય જીવનના અભ્યાસ, સંરક્ષણ અને આલે-ખન પાછળ જીવન અર્પણ કરનાર જૉહાન જેમ્સ ઑડુબોનનો જન્મ ઈ. ૧૭૮૫માં હાઈ-ટી ટાપુમાં એક ફ્રેન્ચ કપ્તાનને ત્યાં થયો હતો. ૧૭૮૯માં તેમને ફ્રાન્સમાં નૌકાશાળામાં મૂક્યા, પણ સાગર પ્રત્યે તેમને પ્રેમ ન હતો.



૧૮૦૩મા તેમના પિતા અમેરિકા આવ્યા. ફિલાડેલ્ફિયા નજીક એક ખેતરમાં તેઓ રહે-તા, ત્યાં જ જેમ્સને અમેરિકાના વન્ય જીવોનું આકર્ષણ થયું. ફ્રાન્સમાં તેમનામાં કલાશક્તિનો ઉદ્‌ભવ થએલો, એટલે અહીં તેમણે અ-નેક પ્રકારનાં પંખીઓ આલેખવાનું શરૂ કર્યું.



સ્થળાંતર કરીને આવતા યાયાવર પંખીઓના અભ્યાસની જિજ્ઞાસાથી ૧૮૦૪માં તેમણે પહેલવહેલો અખતરો કર્યો, અને પંખીઓનાં કેટલાંક બચ્ચાંને પગે હળવી રૂપેરી દોરી બાંધી. બીજી વસંતઋતુમાં તેમણે તેમાંનાં બે પંખીને દોરી સાથે એ જ સ્થળે પાછાં આવેલાં જોયાં.



૧૮૦૫માં ઑડુબોને લગ્ન કર્યું. ખેતર છોડી ન્યૂ યૉર્કમાં વેપાર કરી જોયો, પણ તરત સમજાઇ ગયું કે પંખીઓનો અભ્યાસ અને તેમનાં ચિત્રો એ જ પોતાનો જીવનહેતુ છે. તે કેન્ટકી ગયા. ત્યાં કુટુંબપોષણ માટે ચક્કી ચલાવતા ને ચિત્રકામ કરતા; પણ ચક્કી યે ભાંગી પડી.



પરંતુ પત્નીએ તેમને આગ્રહપૂર્વક પંખીઓના અભ્યાસમાં જ લગાડી ભરણપોષણ માટે પોતે જ કામ શોધી કાઢ્યું. ઑડુબોન કલમ અને પીંછી લઇને કોઈ મનુષ્યે જ્યાં પહેલાં પગ પણ ન મૂકેલો એવાં જંગલોમાં ઘૂમતા. ઘણી-વાર તો એ ખાધા વિના પણ ચલાવી લેતા.



મેદાનો, ગાઢ જંગલો અને કાદવ જેવી ભૂમિ-માં ઘોડા પર સેંકડો માઇલોનો પ્રવાસ કરી તેમણે નૈસર્ગિક વાતાવરણમાં ને નૈસર્ગિક મુદ્રાઓમાં, ઊડતાં, જીવડાં પકડતાં ને માળા બાંધતાં પંખીઓનાં આબેહૂબ ચિત્રો કર્યાં. એમાં અત્યંત ધીરજ ને પરિશ્રમની જરૂર હતી.

'શું કહ્યું?' એકદમ સ્ત્રીની મુદ્રા ફરી ગઈ. તેનું મુખ લાલચોળ થઈ ગયું. આવેશમાં જ તે ઝપાટાબંધ બોલી ગઇ: 'નળિયું મારીશ? તું એને નળિયું મારીશ? તું કોણ છે નળિયું મારવાવાળો?'

'ત્યારે પારકા પતંગ તોડી શું કામ લે છે તમારો કુંવર?' ભગ્ગુએ પણ અવાજમાં સખ્તાઈ આણી. 'અમારે મફતના નથી આવતા!'

'તારા પતંગમાં મારા છોકરાને શું પૂળો મૂકવો છે તે તોડે?'

'એને બોલાવીને જ પૂછો ને, એટલે તરત ફેંસલો!'

'મારા છોકરાનો જવાબ લેવાવાળો તું કોણ?'

'ત્યારે શું મારે મારો પતંગ જવા દેવો? હાથમાં આવશે તો લમણું સુદ્ધાં તોડી નાખીશ એનું!'

'ઘરમાં કોઈ મરદ માણસ નથી અત્યારે, એટલે તારે મને ડરાવવી છે—એમ?' એ સ્ત્રી રાતીપીળી થઈ ગઇ. તેણે ધડ દઈને કેડે હાથ મૂક્યા.

તેનું આ વલણ જોઇ ભગ્ગુ રોષે ભરાયો. તેને એક પ્રકારની ચીડ ચડી. 'ડરાવવાની વાત કરી મેં? ડરાવવાની વાત કરી મેં? તમારો છોકરો પતંગ તોડે તેનું કશું નહિ, અને ઉપરથી મારી સામે ડોળા?'

બંને એકબીજાને કંઈનું કંઇ કહેવા લાગ્યાં. બોલતાં બોલતાં બંનેના અવાજ ઊંચા થયા—જેમ પતંગો સડસડાટ ઊંચે ચડી જાય તેમ. એકા-એક પેલી સ્ત્રીએ ફાટી જાય એવા જબરા અવાજે બૂમો પાડવા માંડી:



એક પ્રવાસમાં તેમને અમેરિકન વસાહતોના વિખ્યાત સાહસિક અગ્રચારી (પાયોનીઅર) ડૅનિયલ બૂનનો ભેટો થઈ ગયો, જેણે ઓહાયો ને મિસિસિપી સુધી પ્રવાસો કર્યા હતા. તે ઑડુબોનને એવા જંગલમાં લઇ ગયા જ્યાં તેમણે કદી નહિ જોએલાં વન્ય પંખીઓ જોયાં.



કુટુંબનું પોષણ કરવા ઑડુબોન પાંચપાંચ ડૉલરમાં તસવીરો ચીતરી આપતા ને એ રીતે કોઈ વાર કુટુંબને પણ પૈસા મોકલી શકતા. ૧૮૨૦માં તેસિનસિનૅટી મ્યૂઝિયમમાં પ્રાણીઓ-નાં શરીરમાં મસાલા ભરવાના કામે રહ્યા. ત્યાં પોતાનાં ચિત્રોના પ્રકાશનનો વિચાર સૂઝ્યો.



૧૮૨૪માં મિસિસિપી નદીને કાંઠે પંખીઓની શોધમાં એક પ્રવાસ કરી આવ્યા પછી તેમણે વર્ષોના અભ્યાસ અને ચિત્રકામનો કાંઈક બદલો મેળવવા ધાર્યો ને પ્રકાશકની શોધમાં ફિલાડેલ્ફિયા ગયા. ત્યાં કહેવામાં આવ્યું કે આ વિષયમાં યુરોપના લોકોને વધુ રસ પડશે.



ગંભીર નિર્ધાર કરીને હવે તેમણે બે વર્ષ સુધી સંગીત, ચિત્રકામ અને પટ્ટાબાજી શીખવવાનું કામ કરી નાણાં એકઠાં કર્યાં, અને ૧૮૨૬માં ચિત્રો લઈ યુરોપ ઊપડ્યા. લિવરપુલમાં જ એમને સારો આવકાર મળ્યો અને થોડા જ મહિનામાં તેમની કૃતિઓ પ્રસિદ્ધ થઈ.



૧૮૨૭થી ૧૮૩૮ સુધીમાં 'અમેરિકાનાં પંખી' નામની તેમની આખી ગ્રંથમાળા પ્રસિદ્ધ થઇ. તેમાં ૪૮૯ જાતનાં પંખીઓની મૂળ કદની ૧૦૬૫ આકૃતિઓ હતી. યુરોપનાં રાજવંશી-ઓએ એમની મૂળ કૃતિઓ ખરીદી. એમની લાંબા સમયની મહેનતનું આખરે ફળ મળ્યું.



ઑડુબોનની પત્નીએ તેમનામાં રાખેલી શ્રદ્ધા યોગ્ય રીતે ફળી. ૧૮૫૦માં તેમણે વન્ય જીવન-ની નવી ચિત્રમાળાનો પ્રારંભ કર્યો, ત્યાં તેમનું અવસાન થયું. થોડા જ વખતમાં આખા અમેરિકામાં વન્ય જીવોને જાળવી રાખ-વાની તેમના નામની સંસ્થાઓ ઊભી થઇ.

'બચુભાઈ! એ બચુભાઇ! જરા નીચે આવો ને! આ જુઓ ને મારો રોયો બીક બતાવે છે!' ઉઘાડબીડ થતા—એટલે કે છેલ્લીમાં છેલ્લી હદ સુધી પહોળા થતા અને જાલિમમાં જાલિમ રીતે ભિડાતા તેના મુખમાંથી થૂંકના છાંટા ઊડયા અને ભગ્ગુ પર પડયા. ભગ્ગુ ઘૃણાથી પોતાનું મોં લૂછવા મંડી પડયો. આજુબાજુનાં બૈરાં ભેગાં થઇ ગયાં, અને જાણ્યું ન જાણ્યું કે મંડી પડયાં કાબરોની જેમ કલબલાટ કરવા. આટલી બધી બંગડીઓના ખણખણાટ, સાડી-સાલ્લાના કરકરાટ ને તીખા-મોળા શબ્દોના ભડભડાટ વચ્ચે ભગ્ગુની તો જાણે દશા જ ભૂંડી થઈ.

બહુ હોહા થઈ એટલે જુદીજુદી અગાસીમાંથી અને છાપરાં પર-થી કેટલાક પુરુષો ઊતરી આવ્યા. શું છે, શાથી વગેરે પૂછપાછ કરી ન કરી ત્યાં તો એકે સીધો ભગ્ગુનો કૉલર પકડયો. 'કેમ અલ્યા, તારે પાછળ બૈરી-છોકરાં છે કે નહિ?'

ભગ્ગુ ડઘાઇ ગયો. કૉલર છોડાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરતાં કરતાં તે કૉલર પકડનારની સામે તાકી રહ્યો. તેની નજરે એક વસ્તુ ખાસ ચડી ગઇ: પેલાનાં બાવડાં તેના માથા કરતાં ય વધુ પહોળાં હતાં. ભગ્ગુ હતો બે બદામનો નોકર, ને આ બધાં હતાં આબરૂદાર ગૃહસ્થો તેમજ ગૃહસ્થાણીઓ, એટલે તે તતપપ કરવા લાગ્યો. હમણાં પેલો પોતાને મારશે એવી સતત ફડક સાથે પોતાને જે કહેવું હતું તે માંડમાંડ થોડું

તેણે કહ્યું. તેનું બોલવાનું પૂરું થયું ન થયું કે તરત પેલો તો વાક્પ્રહાર કરવા જ મંડી પડ્યો. પતંગ તોડી લીધો? ખોટું બોલે છે? તારા મનમાં એમ કે ઘરમાં કોઈ પુરુષ માણસ નથી તે ઠીક છે, લાગ સાધી લઉં, કેમ? સીધો પોલીસને સોંપી દઈશ ફરી જો પગ મૂક્યો છે તો!'

આભ ફાટ્યું ભગ્ગુને માથે. તેને કોઈ સમજવા જ પ્રયત્ન કરતું નહોતું, કે નહોતું કોઈ એની વાત સાચી માનવા તૈયાર. તે રબડી જેવો ઢીલો થઇ ગયો. કહ્યું, 'ખોટું બોલતો હોઉં તો તમારું જૂતું ને મારું માથું, પણ એ છોકરાને બોલાવો અને પૂછો.'

'માથે જૂતું શું, ધુમ્બા પડશે ધુમ્બા—અઈડ! એકલું બાઇમાણસ જોઈ રોફ બતાવે છે તે તું તારા મનમાં સમજે છે શું?'

આ વખતે એકઠા થએલા પુરુષોમાંથી એકે દરમિયાનગીરી કરી. 'ઊભા રહો. ચાલ, પહેલાં તું એ બતાવ કે તારો પતંગ કેવો છે?'

'વીસરંગી.'

'કેવડો છે?'

'પાશિયો'

'કિન્યા તેં બાંધેલી કે બીજાએ?

'મેં જ—આખી રાત જાગીને બધા પતંગોને જાતે કિન્યા બાંધેલી.'

'અને કેવી બાંધી છે?'

'શૂન્ય અને એક.'

'દોર કેવો છે?'

'ગુલાબી.'

'યાદ રાખજે, જો આમાંનું કશું જ સાચું ન નીકળ્યું તો મારીમારીને તગેડી મૂકીશ.'

'જરૂર—મારો પતંગ તો હું ઓળખી શકીશ ને?'

'બોલાવો એ છોકરાને.'

આટલી વાતચીત થઇ છતાં ય કૉલર પકડનારે તે સ્વીકારી નહિ. બોલ્યો, 'પણ બચુભાઈ, આ બધા પ્રશ્નોનો અર્થ જ શો છે?'

'કેમ?' પ્રશ્નકારે-બચુભાઇને પૂછ્યું.

'આ કહે છે એવો જ પતંગ, એવી જ કિન્યાવાળો અને એવા જ દોરવાળો તો ઘણાની પાસે હોઇ શકે છે.'

'બરાબર છે.' આજુબાજુ ઉભેલામાંથી ઘણાએ ટાપસી પૂરી. ભગ્ગુ ઘડીકમાં આની સામે તો ઘડીકમાં પેલાની સામે, એમ કાકલૂદીનો કંઇક અંશ ભરેલી દૃષ્ટિ ફેંકવા લાગ્યો; પણ કોઇ પોતાનો પક્ષ તાણે એવું તેને દેખાયું નહિ. તે મોં બગાડી ગુપચુપ ઊભો રહ્યો.

બરાબર એ વખતે અંદર ઓરડામાં દાદરા પરથી પેલો છોકરો જ ઊતર્યો—બોલતો બોલતો: 'બા! મને તલનો લાડવો!' તેણે આ બધું સ્ત્રીવૃન્દ અને પુરુષઝુંડ જોયું એટલે ખમચાઈને ઊભો રહી ગયો.

ભગ્ગુએ એ છોકરાને જોયો કે તરત તેનામાં હિંમત આવી. આંગળી ચીંધી કહ્યું, 'આ જ એ છોકરો—પૂછો એને.'

'હવે પૂછ્યાપૂછ્યા!' કૉલર પકડનાર એકદમ તાડૂક્યો. 'શરમ નથી આવતી આટલો મોટો થઈને એક પતંગડી સારુ હોંસાતૂંસી કરતાં? જતો રહે અહીંથી, જતો રહે, જતો રહે!'

એકઠા થએલામાંથી કેટલાક જોરથી હસી પડ્યા—એવા જોરથી કે હાસ્ય ભાલા જેવું તીક્ષ્ણ બની ભગ્ગુના કાળજામાં ચોંચાયું. કૉલર પકડનારે એક મધુરી સહેતુક નજર બધાયથી છાની રીતે પેલા છોકરાની મા તરફ નાખી, જેમાં પોતાની આ કામગીરી તરફ ધન્યવાદ આપવાનું નિમંત્રણ હતું. ભગ્ગુ નોકર ભલે હતો, પણ ઘડાએલો હતો. તેણે એ દૃષ્ટિનો અર્થ પારખી લીધો. તેના હૃદયમાં તિરસ્કાર તિરસ્કાર ફેલાઈ ગયો. જિગર ક્રોધથી તતડી ઊઠ્યું. જાણે શુંનું શું ય કરી નાખું એવી લાગણી થઈ આવી. તેનાથી કંઈક બોલી પણ જવાત, પણ એટલામાં ભેગા થઈ ગએલામાંથી એક જણ અણધારી રીતે બોલી ઊઠ્યું, 'સાહેબ! પતંગનું ફતંગનું તો બહાનું, બાકી આને તો હું પાકો ઓળખું છું!'

બધાએ બોલનાર તરફ જોયું. ભગ્ગુએ પણ જોયું. એકદમ તેનું લમણું ધમધમી ઊઠ્યું. તેના મોઢામાંથી આપોઆપ કટુવચનો સરી પડ્યાં. 'સાલા ચોર, તને કોણ પૂછે છે તે વચ્ચે ડખાડખ કરે છે? તું તારે રસ્તે જા ને, નહીં તો અહીં ને અહીં જામી પડશે.'

પેલા બચુભાઇએ ભગ્ગુના શબ્દો સાંભળ્યા એટલે તેમનું કુતૂહલ અત્યંત જાગૃત થયું. તેમણે બોલનારની સામે ધારીને જોયું. ચહેરો, પોશાક, હાવભાવ વગેરે પરથી તે કોઈ મત ન બાંધી શક્યા, સિવાય કે આ માણસ ક્યાંક નોકર છે. પૂછ્યું, 'તું કોણ છે?'

'હું પેલા લાલ બંગલાવાળા શેઠને ત્યાં નોકર છું.' પેલાએ જવાબ આપ્યો. 'આ આદમી તો સાહેબ, પાકો ચોર છે!'

'ચોર?' બધાં એકદમ ભડકી ગયાં અને કાતિલ કડક નજરે ભગ્ગુ તરફ જોવા લાગ્યા. આવી ભયાનક શંકાશીલ આંખો ભગ્ગુએ ક્યારે ય નહોતી જોઈ. જાણે એકએક આંખે તેની કાયા પર એકએક કાણું પાડ્યું હોય એવી પીડાભરી તેની મનઃસ્થિતિ થઈ ગઈ. અરધી ઘડી, એક ઘડી, અને પછી તરત જ તેની આંખો ફરી ગઇ, સીનો બદલાઈ ગયો. જાડામાં જાડા અને મોટામાં મોટા અવાજે તેણે જાણે કે ગર્જના કરી નાખી: 'હળાહળ જૂઠ્ઠું! તદ્દન ખોટું!'

પેલા કૉલર પકડનારે ફરીથી તેનો કૉલર પકડ્યો અને દબાવ્યો. ભગ્ગુ તરફડી ગયો. માંડમાંડ પોતાની જાતને છોડાવી.

'તને ક્યાંથી ખબર?' બચુભાઇએ લાલ બંગલાવાળા નોકરને પૂછ્યું.

પેલાએ આજુબાજુ દૃષ્ટિ ફેરવી ખાતરી કરી લીધી કે ભગ્ગુ પોતાને કશું જ કરી શકવાનો નથી. પછીથી કહ્યું, 'હું અને આ પહેલાં એક જ શેઠને ત્યાં કામ કરતા હતા. ત્યાં આણે શેઠનાં વાસણો, ઍલાર્મ ક્લૉક, ફોટાની ફ્રેમો એવું બધું ચોરેલું, અને વેચી ખાધેલું.'

'હરામી!' ભગ્ગુએ ચીસ પાડી. આસપાસ ઉભેલા બધાએ તો તેને ખરેખર ચોર જ માની લીધો, અને તેનો ઘડો લાડવો કરવા તલપાપડ થઈ ગયા. ભગ્ગુ એ વાત કળી ગયો. તેનું હૈયું ધડકી ઊઠ્યું.

'વચમાં ન બોલ.' બચુભાઈએ ભગ્ગુને સખત શબ્દોમાં ઝાપટ્યો. 'પહેલાં એ જવાબ આપ કે તું અને આ એકીસાથે કામ કરતા હતા?'

ભગ્ગુની એકદમ જીભ ન ખૂલી; પણ ખૂલી એટલે ઝપાટાબંધ ચાલી. 'એની એટલી વાત ખરી છે, પણ ચોરી તો એણે કરેલી. તે જે કહે છે તે ઉપરાંત ઘડિયાળ અને ઇન્ડિપેન પણ એણે ચોરેલાં. મેં અમારા શેઠને કહી દઈ એને પકડાવી દીધો એટલે શેઠે એને કાઢી મૂક્યો. ત્યારથી એને મારા પર ખાર છે, ને તેથી જ એ મારા પર ખોટેખોટું આળ મૂકી મને વગોવે છે.' પછી ભગ્ગુ પેલા તરફ ફર્યો. 'સાલા હજામ! ફરી જો મારા વિષે ગમેતેમ બોલ્યો તો ડાચું આખું તોડી નાખીશ.'

પેલો નોકર એકદમ બચુભાઈ અને કૉલર પકડનારની પાસે જઈને ઊભો. પછી બોલ્યો, 'એમ તું આંખો કાઢીશ તેથી હું કંઈ ડરી નથી જવાનો. આ બધા મોટા માણસોની આગળ તું મને શું કરી શકવાનો હતો? આઠ થાળી અને છ વાટકા શું તેં નહોતાં ચોર્યાં?'

'ચોરનાર હું હતો કે તું?' ભગ્ગુ બોલ્યો. તેની આંખોમાંથી લાહ્ય લાહ્ય નીકળવા માંડી.

'ઍલાર્મ ક્લૉકને ફ્રેમો-ઇન્ડિપેનો વગેરે વેચી પૈસા ચાંઉ કોણે કરેલા?'

'એટલે તારે શું એમ કહેવું છે કે મેં કરેલા? ડામીજ! ચોરટા!' ભગ્ગુ પ્રજ્વળી ઊઠ્યો. આ ખોટો આક્ષેપ તેનાથી સહન ન થયો ને એકદમ તે પેલા પર ધસી ગયો. મારામારી થઈ ગઈ. (અનુ. પૃ. ૩૦)

વરસો સુધી જેના જીવાણુઓ રોગીના શરીરમાં સચવાઈ રહે છે તે માંદગીનાં મૂળ ડપમો હપતો ટાઇફૉઇડ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ચેપી રોગોનું એક મહત્ત્વનું ચિહ્ન તાવ છે. માંદગી વખતે તાવ હોય ત્યારે સામાન્ય માણસ પણ માંદગીની ગંભીરતા પિછાની લે છે. તાવના બે પ્રકાર વર્ણવી શકાય : ટૂંકી મુદતનો ને લાંબી મુદતનો તાવ. સાતથી નવ દિવસ સુધી ચાલુ રહે તો એ ટૂંકી મુદતનો તાવ છે જ્યારે આથી વધારે સમય પર્યંત ચાલતો તાવ એ લાંબી મુદતનો છે. મલેરિયા, ન્યૂમોનિયા, પ્લેગ વગેરે ટૂંકી મુદતના તાવ છે, જ્યારે ટાઇફૉઈડ, ક્ષય વગેરે લાંબી મુદતના તાવ છે.

કેટલાક રોગો જંતુઓના કરડવાથી તો કેટલાક રોગો થૂંક ને ગળફાનાં રજકણો વાટે ફેલાય છે. જ્યારે બીજા રોગો મળ વાટે ફેલાવો પામે છે. છેલ્લા વર્ગમાં મરડો, કૉલેરા અને ટાઈફૉઇડનો સમાવેશ થાય છે. રોગજીવાણુઓ માટે હોજરીના પાચકરસો પૂરતા પ્રમાણમાં જંતુઘ્ન છે, છતાં પણ ક્ષય, કૉલેરા, ટાઇફૉઈડ ને મરડાના જીવાણુઓ આને ઓળંગી નાના આંતરડામાં ધામા નાખી રોગ આણે છે.


ટાઇફૉઈડમાં આંતરડામાં રોગાવસ્થા થતી હોવાથી એનું બીજું નામ એન્ટેરિક તાવ (enteric fever) છે. તે દુનિયાભરમાં સર્વત્ર ને ખાસ કરી હિંદમાં વિસ્તૃતતાથી ફેલાએલો છે. એબર્થ ગાફ્કી બૅસિલસને લીધે આ રોગ થાય છે. આ જીવાણુઓ દૂધમાં સંવર્ધન પામે છે. વિશુદ્ધ જલમાં પણ તે થોડા વખત માટે વૃદ્ધિ પામે છે. બરફમાં પણ અઠવાડિયાં પર્યંત જીવે છે. ધરતીના ઉપલા પડમાં રહીને મહિનાઓ પર્યંત શક્તિ જાળવે છે. ધૂળ અને રેતીમાં ભળી તે અઠવાડિયાં પર્યંત જીવે છે.

ટાઇફૉઇડ બૅસિલાઈ ઈ. સ. ૧૮૮૧માં એબર્થે શોધેલું. આ ઉપરાંત આ વર્ગમાં પેરાટાઇફૉઇડ બૅસિલાઈ પણ છે. એના એ, બી અને સી એવા ત્રણ પ્રકારો છે. આ ચારેય જીવાણુઓ દુનિયાભરમાં જોવા મળે છે. તે ધરની અને ઉષ્ણતામાનની અમુક સ્થિતિઓ વખતે લાંબા વખત સુધી ઉગ્ર મૃતભક્ષી જીવન જીવે છે. આના જેવા આંતરડાંમાં ધામા નાખતા બીજા જીવાણુઓમાં બૅસિલસ કોલાઈ, મરડાના જીવાણુઓ અને અન્નવિષ તથા કૉલેરાના જીવાણુઓ છે.

રોગીની સારવારમાં કે એના મળના નિકાલમાં પૂરી સાવચેતી ન રાખવાથી સારવાર કરનાર કે રોગીના ઘરનાં માણસો ચેપના ભોગ બને છે. રોગીની પથારીમાં ચેપ વળગી રહે છે અને એમાં સૂનારાઓને ચેપ લાગુ પડે છે. આ ચેપ સ્પર્શ કે વાસથી લાગુ નથી પડતો, પણ રોગના જીવાણુઓ ખોરાક કે દૂધ સાથે પેટમાં જવાથી તે લાગુ પડે છે.

રોગીનાં મળમૂત્રથી તળાવ કે કૂવાનાં દૂષિત બનેલાં પાણીથી લોકોને ટાઇફૉઈડનો ચેપ લાગુ પડે છે. આવાં પાણીથી સાફ કરેલાં વાસણમાં દૂધ ભરવાથી કે દૂધમાં આવું પાણી ભેળવવાથી દૂધ દૂષિત બને છે. ગરમ કર્યા વિનાનું આવું દૂધ ખાવામાં આવતાં ટાઇફૉઈડનો ચેપ લાગુ પડે છે. દૂષિત દૂધ કે બરફવાળો આઈસક્રીમ ને સલાડ ખાવાથી તેમજ ચેપાળ મળમૂત્રના ખાતર વતી ઊગેલાં શાક ને ફળ ધોયા વિના ખાવાથી ચેપ લાગ્યા વિના રહેતો નથી. ચેપભર્યા મળ ઉપરથી ઊડી આવીને ખોરાક પર બેસતી માખો ચેપના ફેલાવામાં મોટો ભાગ ભજવે છે. રસ્તા પર ફેંકેલાં રોગીનાં મળમૂત્રથી દૂષિત બનેલી ધૂળ પવનના ઝપાટા સાથે ઊડી પાણી ને ઉઘાડો પડેલો ખોરાક દૂષિત બનાવે છે.

ટાઇફૉઇડના રોગીના મળમાં મહિનાઓ ને (લગભગ દસ) વરસો પર્યંત રોગજીવાણુઓ હોય છે. તબિયત સુધર્યા પછી પણ લાંબા વખત સુધી રોગીના પેશાબમાં ટાઇફૉઈડના જીવાણુઓ હાજર હોય છે જે થોડા દિવસોથી માંડી અઠવાડિયાં પર્યંત ધૂળમાં જીવતા રહી શકે છે. વળી ટાઇફૉઈડ થયા વિના પણ માણસોના મળમાં રોગજીવાણુઓ વસે છે. એમને રોગવાહકો (carriers) કહેવાય છે. ટાઇફૉઈડના બેથી પાંચ ટકા રોગીઓ પણ રોગવાહક બને છે. રસોડું, દૂધની ડેરી કે બેકરી ચલાવનાર આવા રોગવાહક રોગનો ફેલાવો કરનાર બને છે.



ટાઇફૉઈડને કારણે નાના આંતરડામાં પડેલાં ચાંદાં


ગરીબ અને તવંગર, પુરુષ અને સ્ત્રી દરેકને આ રોગ લાગુ પડે છે; પણ સ્ત્રીઓ કરતાં પુરુષોને અને પંદરથી પિસ્તાલીસ વર્ષની ઉમરવાળાને તે વધારે પ્રમાણમાં થાય છે. જાણવા જેવું છે કે ચેપના ક્ષેત્રમાં આવનાર દરેક જણ ચેપનો ભોગ બનતો નથી. કોઈક માણસોને ચેપ જલદી લાગુ પડે છે, તો કેટલાક મુક્ત રહે છે. રોગના એક હુમલા પછી લાંબા ગાળાની રોગક્ષમતા પ્રાપ્ત થાય છે પણ બીજો હુમલો અસંભવિત નથી.

સમશીતોષ્ણ હવામાનમાં લાંબી મુદતના તાવમાં ટાઇફૉઈડ ઘણો સામાન્ય તાવ છે. એનું પ્રમાણ લોકોની ચોખ્ખાઈનું ધોરણ રજૂ કરે છે. ટાઇફૉઈડ વર્ષભરમાં કોઈ પણ વખતે થઈ આવે છે, પણ એનું વધુ પ્રમાણ ઉનાળામાં અને શરદઋતુમાં હોય છે. ગરમીને કારણે શરીરની શક્તિનો હ્રાસ થવાથી, માખો ને ધૂળથી પાણી ને ખોરાક દૂષિત બનવાથી ગરમીની ઋતુમાં ટાઇફૉઈડનું પ્રમાણ વધારે રહે છે.

ખોરાક કે પાણી વાટે જીવાણુઓ પેટમાં ગયા બાદ નાના આંતરડામાં અડ્ડો જમાવે છે. ત્યાં વિકૃતિજન્ય ફેરફારો આ પ્રમાણે થાય છે: સોજો, કહોવાણ (slough), ચાંદાં (ulcer) અને કિણ (scar). આ ફેરફારો મુજબ દર અઠવાડિયે રોગનાં ચિહ્નો દેખા દઈ ચાર અઠવાડિયાં પર્યંત રોગ ચાલુ રહે છે. રોગસંક્રમણકાળ સાતથી એકવીસ દિવસનો પણ મોટા ભાગે તે દસથી ચૌદ દિવસનો છે.

શરૂઆતમાં આળસ, ભૂખનાશ, બરડા ને પગમાં કળતર, બંધકોષ, નસકોરી ફૂટવી અને પેટમાં સાધારણ પીડા સાથે થોડા પાતળા ઝાડાનાં ચિહ્નો હોય છે. થોડા દિવસ તો કશી માંદગી ના હોય તેમ રોગી હરેફરે છે. પણ મહત્ત્વનું શરૂઆતનું ચિહ્ન માથાનો દુખાવો છે. તાવની શરૂઆત ધીમી અને ઠંડી વાઇને થતી હોઇ શરૂઆતમાં મલેરિયાની ભ્રાંતિ થાય છે. પહેલા અઠવાડિયામાં તાવ સાંજના બે અંશ વધી રોજ સવારે એક અંશ ઓછો થઈ અણઉતાર રહી હફતાના અંત સુધીમાં તો ૧૦૩ થી ૧૦૫ અંશ ફેરનહાઈટ જેટલો થાય છે. તાવના પ્રમાણમાં નાડી ધીમી રહે છે. જીભ ઉપર લાક્ષણિક ચિહ્ન થાય છે. વચમાં ધોળો થર જામે છે અને કિનારો ને ટોચ ચોખ્ખી રહે છે.

બીજા અઠવાડિયામાં તાવ સતત ઊંચો રહે છે. ત્રીજા અઠવાડિ-



ટાઇફૉઈડના જીવાણુઓ

આમાં સવારના તાવ ઓછો થાય છે અને ચોથા અઠવાડિયામાં પ્રથમ સવારનો અને પછી સાંજનો તાવ ઊતરે છે. એકથી ત્રણ અઠવાડિયાં સુધી સવારે ૧૦૧-૧૦૨ અંશ અને સાંજે ૧૦૪-૧૦૫ અંશ ગરમી વચ્ચે ઝોલાં ખાતા તાવની માંદગી એ ટાઇફૉઈડનો તાવ છે. બે ત્રણ રાત ચડ્યા વિના રહે એટલે રોગ મટ્યો ગણાય છે. પણ પંદર ટકા રોગીઓમાં ઊથલો ખાય છે. બેચાર દિવસ તાવ મટ્યા પછી પાછો તાવ શરૂ થાય છે (Relapse), અને તે દસ-બાર દિવસ લગી ચાલુ રહે છે.

ટાઇફૉઈડની શરૂઆતમાં મલેરિયા, ક્ષય, ઈન્ફ્લુએન્ઝા, પાયેલાઈટિસ, કાલાઝાર વગેરે રોગોનાં લક્ષણો સરખાં હોવાથી એની પરખ માટે લૅબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે. એક ટેસ્ટ ડાયેઝોરી-ઍકશનનો છે. એમાં રોગીના પેશાબ ઉપરથી તાવના ચોથા દિવસે રોગની પરખ થઈ શકે છે. રોગના ચૌદમા દિવસ પછી આ ટેસ્ટ થઈ શકતો નથી. બીજો ટેસ્ટ વિડાલ રીઍકશનનો છે. રોગીના લોહીની તપાસ ઉપરથી રોગની પરખ થાય છે. રોગના સાતમા કે આઠમા દિવસ પછી લાંબા ગાળા સુધી પોઝિટિવ આવે છે.

જો સવારમાં તાવ ૧૦૫ અંશ ઉપર અગર તો દિવસના કોઈ પણ ભાગમાં ૧૦૭ અંશ ઉપર જાય તો આરામ થવો અશકય માનવો. તાવ દરમિયાન એકદમ કે અનિયમિત ગરમીનો વધારો થાય તો એ ન્યૂમોનિયા, આંતરડાંમાંનું ચાંદું ફાટવાથી લોહી પડવું (હેમોરેજ) કે નવાં ચાંદાં પડવાની નિશાની રૂપ છે. ટાઇફૉઈડમાંથી ચાંદું ફાટવાથી લોહી પડવું (હેમોરેજ) અને આંતરડામાં છિદ્ર પડવાનાં (Perforation of intestin) ઉપદ્રવો થાય છે. આ બંને ઉપદ્રવો તાવના પંદરથી એકવીસમા દિવસ દરમિયાન થઈ આવે છે. તે વખતે શરીર ઠંડું પડે છે. રોગી બેભાન બને છે. મોટા ભાગે આ ઉપદ્રવો (Complications) પ્રાણઘાતક નીવડે છે. ટાઇફૉઈડમાં મોટા ભાગે બંધકોષ રહે છે, પણ ઘણા કેસોમાં ઢીલો મળ આવે છે ને પીળા રંગના ઝાડાનો દેખાવ વટાણાના સૂપ જેવો હોય છે. તાવ દરમિયાન રોજના ત્રણ ચારથી વિશેષ દસ્ત થાય તો સાવચેતી રાખવાની ખાસ જરૂર છે. વધારે દસ્તથી રોગી નંખાઈ જવાથી માંદગીની ભયાનકતામાં વધારો થાય છે.

તાવના સાતથી બારમા દિવસે છાતી, પેટ અને બરડા ઉપર થોડી ઊપસેલી ગુલાબી રંગની ફોડકીઓ થઈ આવે છે, જે બે ત્રણ દિવસમાં શમી જઈ નવી થઇ આવે છે. આ ફોડકીઓને લીધે તાવને મોતીઝરો પણ કહેવામાં આવે છે. ફોડકીઓ થયા પછી સુધરતા કેસમાં ને ખાસ કરી બાળકોમાં ત્રીજા અઠવાડિયાની શરૂઆતમાં તાવ હળવો થાય છે. જીભ ચોખ્ખી થાય છે ને રાતના ઊંઘ આવે છે. જ્યારે ગંભીર કેસમાં બીજા અઠવાડિયાની અધવચમાં સનેપાત (delirium) શરૂ થાય છે. શરૂમાં થોડો અને રાતના સમયે હોય છે. પછી ચાલુ અને ઘોંઘાટવાળો બને છે. આ વખતે જીભ લાલ, સૂકી અને ચીરા પડેલી હોય છે. દાંત પર મેલ જામે છે. આગળ વધેલી સ્થિતિમાં રોગી આસપાસનું ભાન ગુમાવે છે. તદ્દન બેભાન બને છે. તાવ વધે છે. ધ્રૂજતા હાથે તે કપડાં પકડવા મથે છે. ફાટેલા ડોળા, નાક અને ગુદા વાટે લોહી, ભાન વગર મળમૂત્રનો ત્યાગ, બડબડાટ અને તાણ આ બધાં અમંગળ ચિહ્નો છે.

રોગીને હવાઉજાસવાળા ખંડમાં સુવાડવો. ચોખ્ખાઈની ખૂબ તકેદારી રાખવી. રોગીની પથારીનાં ગાદલાં ને ઓસીકાં રોજ તડકે નાખવાં. ચાદર, ગલેફ ને ઓછાડ રોજ ધોએલાં વાપરવાં. માંદગી દરમિયાન રોગીનું મોઢું અને દાંત સાફ કરવા ધ્યાન આપવું. રોજ મીઠાના કે પોટાશ પરમૅન્ગેનેટના કોગળા કરાવવા. દૂધ ચા ફળનો રસ આપ્યા બાદ પાણી વતી મોઢું સાફ કરાવવું. જીભ પર ગ્લિસરીન, બોરાક્સ કે ગ્લિસરીન ટેનિક લગાડવું. બંધકોષ વખતે કદી જુલાબ ના આપવો, પણ દાક્તરની સૂચના અનુસાર એક ઔંસ પૅરેફીન તેલ આપવું. વધારામાં આ માટે મોટાઓ માટે ગ્લિસરીન પિચકારી અને બાળકો માટે ગ્લિસરીન સપોઝિટરી વાપરવી. હૂંફાળા પાણી વતી રોગીનું શરીર રોજ ચોખ્ખું કરવું આવશ્યક છે. શરીરના એક ભાગ ઉપર પાણીનું પોતું ફેરવવું. તેને ટુવાલ વતી લૂછ્યા બાદ ચાદર વતી ઢાંકી દઇ બીજા ભાગને સાફ કરવો. ભાઠાં ના પડે તે માટે બરડાને કમર ઉપર દિવેલ કે સ્પિરિટનો હળવો હાથ લગાવી બોરિક કે મોઢા પર છાંટવાનો પાવડર છાંટવો. સ્પિરિટ લગાડવાથી શરીરનું કળતર ભાંગે છે. મળમૂત્રની ક્રિયાઓ માટે રોગીને પથારી બહાર ન લઈ જવો, પણ આ ક્રિયાઓ મળમૂત્ર ઝીલવાનાં વાસણોમાં (બેડપૅન ને યુરીનપૉટમાં) પથારીમાં સૂતાંસૂતાં થવા દેવી. આ વખતે પથારી ના બગડે તે માટે ગાદલા ઉપર રબરનો કકડો (મેકીનટૉસ) પાથરવો. એના ઉપર ચાદર નાખવી. ઝાડા બાદ સ્વચ્છ રૂ વતી ગુદા સાફ કર્યા બાદ ત્યાં સ્પિરિટવાળું રૂનું પૂમડું ફેરવવું. બેડપૅન અને યુરીનપૉટ રોજ ઊના પાણીથી સાફ કર્યા બાદ એની અંદર ફિનાઈલ નાખવું. માથાના દુખાવા માટે માથે બરફ મૂકવો. ઊલટી અને તરસ માટે બરફ ચૂસવા આપવો. ૧૦૨ કે ૧૦૩ અંશથી તાવ વધે ત્યારે માથા ઉપર બરફનાં કે નવસારના પાણીનાં પોતાં મૂકવાં. માંદગી દરમ્યાન માવજતનું જ્ઞાન દરેક જણે અને ખાસ કરી બહેનોએ મેળવવું આવશ્યક છે. એની અગત્ય રસોઇના જ્ઞાન કરતાં જરા પણ ઓછી નથી. પણ માંદગીમાં દવા જેટલું જ બલકે, ટાઇફૉઈડમાં તો માવજતનું ઘણું મહત્ત્વ છે. દવા સાથે માવજતનો સુમેળ હોય તો માંદગી ટૂંકાય છે અને રોગની ગંભીરતા હળવી બને છે.

ઘણા દાખલાઓમાં રોગીનું શરીર જલદી ઘસાતું જઈ કૃશ બને છે. આથી એના ખોરાકની બાબત વિશેષ ધ્યાન માગી લે છે. તાવ વખતે રોગીને ખોરાક ન આપવાનો આયુર્વેદનો સિદ્ધાંત છે. लंघनम् परमं औषधम्। પાશ્ચાત્ય વૈદકમાં પણ આ માન્યતા હતી; પણ ગ્રેવ્ઝ નામના દાકતરે ટાઇફૉઇડના રોગીઓને ખવડાવવાનો સિદ્ધાંત રજૂ કર્યો. ખોરાક પૂરતો અને આવશ્યક કેલોરીવાળો લેવાવો જોઈએ. રોગીને માફક આવે એવો એક માત્ર આહાર દૂધ છે. પુખ્ત વયના રોગીને દર બે કલાકે આઠ ઔંસ અને બાળકને ચાર ઔંસ દૂધ આપવાનું છે. રાતના પણ દર ચાર કલાકે દૂધ આપવું. દૂધમાં દર વખતે એક ઔંસ ગ્લુકોઝ નાખવું. જો પેટ ચડવાની કે ઝાડાની ફરિયાદ ન હોય તો દૂધમાં બેન્ગર્સ, ઑવલટાઇન, પેપ્યુટોન કે હૉર્લિક્સનો ભૂકો કે મધ નાખવાં. આ પ્રમાણેના દૂધના આહારથી પેટ ચડવાની, ઝાડાની કે મળમાં ફેદા આવવાની તકલીફ ઊભી થાય તો દૂધ બંધ કરી ઘરે મેળવેલા મોળા દહીંની છાશ આપવી. બીજા પ્રવાહી ખોરાકમાં ખાટાં લીંબુનો રસ, શેરડી ને મોસંબીનો રસ, સાબુચોખાની કાંજી પણ આપી શકાય. એકલા દૂધના આહારથી કંટાળો ન આવે તે માટે દિવસના ખોરાકના વચગાળાના ક્રમમાં છાસ, મોસંબીનો રસ, ત્રણ ભાગ દૂધની બનાવેલી ચા કે કૉફી આપવાં. મોસંબીનો રસ કપડા વતી ગાળી નાખવો આવશ્યક છે. ગ્લુકોઝના વિશેષ પ્રમાણથી પેટ ચડી આવવાની તકલીફ ઊભી થાય છે. આ વખતે ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડવું કે બંધ કરવું.

તાવ દરમિયાન તરસ ખૂબ લાગે છે. પણ પ્રચલિત માન્યતા મુજબ રોગીને છૂટથી પાણી પીવા નથી અપાતું. આ ભયંકર ભૂલ છે.

આ યુગની નવી કહેવતો

ગરીબનો દીકરો જીવે ત્યાં સુધી જીવે.
અળશિયાંને અજવાળું ન ગમે.
તાવડીની તડ રોટલામાં ય પડે.
લાલ દાતરડું લીલાં તરણાં ય વાઢે.
હાફ ઉર્દૂ ન બોલે તે ગઝલકાર નહિ.
કાકીડાની વસતિમાં રંગરેજ ભૂખે મરે.
ગોળ ઘંટીને ચોરસ હાથો ન હોય.
પાઘડી પહેરવા દીકરો પરણાવ્યો!
જેને ઉદ્યમ જ કરવો છે એ તો કારેલાંનું શરબત પણ બનાવે.
ગળિયો બળદ ગોદા ગણવામાં ય આળસ કરે.
સંપત્તિ ને આપત્તિ પડોશણો થવાનો પ્રયાસ કરતી હોય છે.
જૂની સાવરણી જાળાં કાઢવામાં.
હેત વગર હાલરડાં ન ગવાય.
પાનની દલાલીમાં હોઠ રાતા.

રતિલાલ 'અનિલ'

એક બાજુ તાવની ગરમીથી અને બીજી બાજુ પૂરતું પાણી ન મળવાથી રોગીને પેશાબ થોડો લાલ રંગનો ને લાયબળતો થાય છે. જો રોગીને પૂરતા પ્રમાણમાં પાણી પાવામાં આવે તો ત્રાસ ઊભો ન થાય. ખરી રીતે તાવના રોગીને છૂટથી પાણી પીવા આપવું, જેથી શરીરના દોષો મળ, મૂત્ર અને પરસેવા વાટે શરીર બહાર ફેંકાઇ જાય. પુખ્ત વયના રોગીને માટે રોજ સો ઔંસ (સવા છ શેર) પાણીનું પ્રમાણ ઇષ્ટ છે. વૉટરવર્ક્સનું પાણી વિશુદ્ધ હોય છે; પણ જ્યાં કૂવાનદીનાં પાણી પીવાનાં હોય ત્યાં ઉકાળીને શુદ્ધ બનાવ્યા બાદ રોગીને પાણી પીવા આપવું.

રોગીને ૨૫૦૦ કૅલોરી ખોરાક મળવો જોઇએ. આ પ્રમાણમાં ઉપર દર્શાવેલો ખોરાક આપવામાં આવતાં એનું પ્રમાણ મોટું થવા જાય છે. વળી આ પ્રવાહી ખોરાકમાંથી આવશ્યક પ્રોટીન મળવાં દુર્લભ છે. વનસ્પત્યાહારી માટે આની મોટી મુશ્કેલી છે. પેબ્યુટોલ હૉર્લિક્સ જેવી બનાવટો વાપરવી બધાને પરવડી ના શકે. પ્રવાહી ખોરાક પણ પૂરતા પ્રમાણમાં ન લેવાય તો વિટામિનોની ઊણપની સ્થિતિ (એ-વિટામિનૉસિસ) અને ચાવવાનું ન હોવાથી લપાટિયાં વગેરે થઈ આવે છે.આ સ્થિતિ નિવારવા માટે રોગીને અર્ધઘટ્ટ ખોરાક આપવાની હિમાયત કરતાં મુંબાઈની જે. જે. હૉસ્પિટલના માનદ દાક્તર ડૉ. ઝાટકીયાએ, હૉસ્પિટલમાં એમની સંભાળ નીચેના રોગીઓને આપેલા ખોરાકની યાદી આ પ્રમાણે છે. ચા ૧૬ ઔંસ, કૉફી ૮ ઔંસ, પોચા બ્રેડ ૪ ઔંસ, માખણ ૦।। ઔંસ, ચડાવેલા ભાત ૨ ઔંસ, બાફેલાં શાક, (બટાટા વગેરે) ૨ ઔંસ,'મિન્સ્ડ' માંસ ૨ ઔંસ, ઇંડાં નંગ ૨, દૂધ ૨૪ ઔંસ, ગ્લુકોઝ ૧ ઔંસ, ફળોનો રસ ૧૨ ઔંસ, ચિકન સૂપ ૯ ઔંસ. આ ખોરાક ચોવીસ કલાકમાં થોડા પ્રમાણમાં અવારનવાર આપવાનો છે. રોગીની સ્થિતિ અને વજન અનુસાર એમાં ફેરફાર કરવાનો છે. વધારે તાવ વખતે આ ખોરાક આપવામાં વાંધો નથી. ઝાડા વખતે કેળાંનો છૂંદો આપી શકાય. લવારીએ ચડેલા, ઝાડા કે પેટ ચડવાની તકલીફવાળા રોગીને આ ખોરાક નથી આપવાનો. ઉપરના ખોરાકમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ચરબી અને કૅલોરી મળી રહે છે. ડૉ. ઝાટકિયાનું કહેવું છે કે 'આ ખોરાકથી રોગની સમયમર્યાદા ઉપર અસર થતી નથી. વળી ઝાડા, પેટ ચડવું, પરફોરેશન અને હેમોરેજ જેવા ઉપદ્રવોનું પ્રમાણ ઘટ્યું છે. આવો પોષણદાયક ખોરાક આપવાથી રોગીને ગ્લુકોઝ અને વિટામિન સીનાં ઈન્જેક્શન આપવાં પડતાં નથી, અને તાવ મટ્યા પછી અશક્તિનો ગાળો લંબાતો નથી' (ઍન્ટિસેપ્ટિક, જાન્યુઆરી ૧૯૪૭)

તાવ ઊતર્યા પછી સાતમા દિવસે રોગીને ઘટ્ટ ખોરાક આપવો, પણ આ જ અરસામાં તાવ ઊથલો મારતો હોવાથી ખોરાકનો દોષ ગણવામાં આવે છે. પણ આ માન્યતા ખોટી છે. ઘણા દિવસ સુધી પ્રવાહી ખોરાક ઉપર રહેલા રોગીને અર્ધઘટ્ટ કે ઘટ્ટ ખોરાક ધીમેધીમે આપવો. શરૂમાં બાફીને છૂંદેલાં શાક, ખૂબ ચડેલા ભાત, મગનું પાણી, અને ખીચડી આપવાં. પછી બાજરીના રોટલાનો વચલા ભાગનો ભૂકો ને દૂધ અને પછી ક્રમશઃ રોજિંદો ખોરાક આપવો.

રોગીનાં ઊલટી, મળ, મૂત્ર ને ગળફા ચેપી છે. આથી સારવાર કરનારે ખાતાં અગાઉ પોતાના હાથ, પગ ને મોઢું સાબુ વતી બરાબર સાફ કરવાં. મળમૂત્રનાં વાસણ કે રોગીની ગુદા સાફ કર્યા બાદ સારવાર કરનારે કાર્બોલિક સાબુ વતી હાથ ધોવા. રોગીનાં મળમૂત્ર ફાવે તેમ ન ફેંકવાં, પણ ઊંડા ખાડામાં નાખી ઉપર ફિનાઈલ નાખી ધૂળ વતી દાટવાં. ઉઘાડાં પડેલાં મળમૂત્ર ઉપર બેઠેલી માખીઓ પાણી અને ખોરાક ઉપર આવી બેસવાથી ચેપ ફેલાય છે. રોગીનાં કપડાં ઊકળતા પાણીમાં બાફ્યા બાદ સાબુ વતી ધોવાં. ગામમાં ટાઇફૉઇડના કેસ થાય એ પીવાના પાણીની શુદ્ધતાની કસોટી રૂપ છે. આ સમયે નદીકૂવાનાં પાણી વપરાશમાં હોય તો લોકોએ એ પાણી ઉકાળી શુદ્ધ કર્યા બાદ વાપરવું. પબ્લિક વૉટરવર્ક્સની ઉચ્ચ કાર્યદક્ષતાને લીધે મળતું શુદ્ધ પાણી અને આરોગ્ય ખાતાની તકેદારીને લીધે બ્રિટનમાં ટાઇફૉઇડ તાવ હવે નામશેષ બન્યો છે. ટાઇફૉઇડ સામે રક્ષણ મેળવવા માટે સર આલ્મ્રોથ રાઈટે ઈ. ૧૯૦૫માં રસી શોધી છે. આ ટી.એ.બી. વેક્સીનનાં ચોમાસાની શરૂઆતમાં દસ દિવસના ગાળામાં બે ઈન્જેક્શન લેવાથી રોગ સામે રક્ષણ મળે છે, જે વરસ વીતતાં ધીમેધીમે નાશ પામે છે.

અગાઉ ૧૦૧ થી ૧૦૫ અંશ વચ્ચે રહેતા તાવની ચડઊતરમાં રિબાતો ટાઇફૉઈડનો રોગી ૩ થી ૧૨ અઠવાડિયાં સુધી પથારીવશ રહેતો હતો. રોગથી થતા મૃત્યુનું પ્રમાણ દસ ટકા કે એથી વધુ, દર છ રોગીએ એકનું મરણ થાય એટલું, હતું. પણ હવે ટાઇફૉઈડની ભયાનકતા ઘટી છે. માનવીએ એના ઉપર વિજય મેળવ્યો છે. અત્યાર સુધી એના માટે કોઇ રામબાણ ઔષધ ન હતું. ઇ. સ. ૧૯૪૯થી ક્લૉરામ્ફેનિકોલ (Chloramphenicol) નામની દવા વપરાશમાં આવી છે. આની પેટન્ટ દવાઓનાં નામ ક્લૉરોમાયસેટીન, ઍન્ટેરોમાયસેટીન, યુનિમાયસેટીન, સિન્થેટોમાયસેટીન વગેરે છે. આ દવા સૌપ્રથમ મલાયાના ક્વાલાલમ્પુર શહેરમાં ૧૯૪૮માં વપરાઈ અને એની ગુણવત્તા નક્કી થઈ. ૪૮ કલાકમાં એની અસર નીચે તાવ હળવો પડે છે, અને ચારપાંચ દિવસમાં તો સાવ ઊતરી જાય છે. રોગી તાવની રિબામણી, કૃશતા ને મરણોન્મુખતામાંથી ઊગરી જાય છે. આ દવાથી તાવ વહેલો ઊતરી જવા છતાં ય રોગીને આઠ દિવસ સુધી પ્રવાહી ખોરાક ઉપર રાખ્યા બાદ જ અર્ધઘટ્ટ કે ઘટ્ટ ખોરાક આપવાનો છે. વળી તેને પખવાડિયા પર્યંત આરામ લેવો પણ આવશ્યક છે.

પેરાટાઇફૉઈડ તાવ : પેરાટાઇફૉઈડ એ.બી. અને સી. જીવાણુઓના ચેપથી આ તાવ લાગુ પડે છે. આ તાવ ટાઇફૉઈડ જેવો જ છે, પણ એનાં લક્ષણો હળવાં અને સમયમર્યાદા ઓછી છે. દસપંદર દિવસમાં તાવ ઊતરી જાય છે. લૅબોરેટરીની તપાસ બાદ ટાઇફૉઈડ અને પેરાટાઇફૉઈડની ઓળખ નક્કી થાય છે. ટાઇફૉઇડની જેમ આ તાવમાં હેમોરેજ, પરફોરેશન, ન્યૂમોનિયા વગેરે ઉપદ્રવો થઈ આવે છે. માવજત ને ઉપચાર ટાઇફૉઈડની જેમ જ કરવાનાં છે.

ફિલિપ્પાઇન્સ ટાપુઓ




'અગસ્ત્યને પગલે'નો આગળ હપતો **નવનીત પારેખ**

પ્રશાન્ત મહાસાગરના પશ્ચિમ વિસ્તાર ઉપર રાત્રે સાત કલાક સળંગ ઊડયા પછી વહેલી સવારે ત્રણ વાગે મનીલા ઊતરવું પડયું. જાપાનનાં મીઠાં, ગુલાબી સ્વપ્નોમાંથી આ નિદ્રાભંગ ઘણો વસમો હતો, પરંતુ આવા બ્રાહ્મમુહૂર્તે બે પળ માટે સ્વાધ્યાયનો અવસર આપવા માટે પરિચારિકાનો આભાર માનવો રહ્યો. શહેરની આખા ફિલિપ્પાઇન્સમાં સૌથી મોટી ને શ્રેષ્ઠ મનીલા-હોટેલે પહોંચતાં તો મળસકું થઇ ગયું. મનીલા-ઉપસાગરને કાંઠે જ બાંધેલી આ હોટેલનાં માલિક શ્રીમતી ઝામોરાને ભારતીય સંસ્કૃત તથા તત્ત્વજ્ઞાન માટે બહુ માન છે. ને તે વિષે ઘણાં પુસ્તકો પણ વાંચેલાં છે.

ફિલિપાઈન્સ એક અજબ દ્વીપ-સમૂહ–અથવા તો ટાપુઓનું ઝુંડ છે. બધા મળીને સાત હજારથી પણ વધારે ટાપુઓનો આ દેશ બનેલો છે! છતાં તેમનો કુલ વિસ્તાર બ્રિટિશ ટાપુઓથી પણ ચોથા ભાગનો છે. પશ્ચિમ પ્રશાન્ત–મહાસાગરમાં ઉત્તર-દક્ષિણ અગિયારસો માઈલ સુધી છૂટાછવાયા પથરાએલા આ દ્વીપોમાંના ઘણાંખરા તો તદ્દન નાના ને નિર્જન છે અને તેમનાં કોઈ નામ પણ નથી. હું તો આ દ્વીપસમૂહને હિમાલયના શૃંગસમૂહ સાથે સરખાવું. હિમાલયમાં પણ પંદરસો માઈલ સુધી વિસ્તરેલાં હજારો નાનામોટાં શિખરો છે, જેમના ઉપર હજુ કોઈ માનવીએ પગ પણ મૂકયો નથી કે તેમનું નામ પણ પાડયું નથી. ફિલિપાઇન્સના ૭૦૮૩ ટાપુઓમાંથી ફક્ત ૪૬૬ બેટનો જ વિસ્તાર રહ્ણે ચોરસમાઈલથી વધારે છે. સૌથી મોટા 'લુઝો' અને 'મિન્ડાનાઓ' છે જ્યારે 'મિન્ડોરો' તથા 'પાલાવાન' પણ મોટા દ્વીપ છે.

પાંચથી અઢાર અક્ષાંસ વચ્ચે પથરાએલા આ દ્વીપોની આબોહવા તેમજ ભૂમિ-પ્રદેશ આપણા મલબાર અને કોંકણ પ્રદેશ સાથે સરખાવી શકાય. ઘણાખરા ટાપુઓમાં લાંબી પર્વતમાળાઓ આવેલી છે અને ઘણે સ્થળે વરસાદ પણ સરેરાશ એંશી ઇંચથી વધારે પડે છે. ત્યાં પણ અષાઢ માસથી નૈઋત્યનું ચોમાસું બેસે છે. આખોયે પ્રદેશ લીલોછમ અને રળિયામણો રહે છે અને જુદાજુદા દ્વીપોમાં વિવિધ વનરાજિ થાય છે. ઘણે સ્થળે ડીપ્ટેરોકાર્પ નામનાં વૃક્ષ થાય છે જે સવાસો-દોઢસો ફીટ જેટલાં ઊંચાં ઊગે છે! ખેતી તો મુખ્યત્વે ડાંગરની જ. અહીં પણ પહાડોમાં પગથિયા જેવાં ખેતરો (terraced-fields)માં ડાંગરનું વાવેતર થાય છે. સૈકાઓ પહેલાં વસાહત માટે આવેલા ભારતના લોકોએ આ દ્વીપોમાં ડાંગર તેમજ શેરડીનું વાવેતર પ્રથમ શરૂ કરેલું; જ્યારે ઘણા પાછળથી આવેલા સ્પૅનિશ તથા અમેરિકન લોકોએ તમાકુનું વાવેતર શરૂ કરાવ્યું છે.



અતિશય વરસાદને કારણે પૂરથી બચવા ફિલિપ્પાઈન્સમાં ઘણે સ્થળે લોકો જમીનથી અધ્ધર આવી ઝૂંપડીઓ બાંધીને રહે છે

પરંતુ ફિલિપ્પાઈન્સનું 'મનીલા-હૅમ્પ' નામનું એક પ્રકારનું શણ તો જગતભરમાં જાણીતું છે. કેળના જેવો આ છોડ પંદર-વીસ ફીટ ઊંચો થાય છે. અને તેનાં પાંદડાંના રેસા મજબૂત દોરડાં બનાવવામાં બહુ ઉપયોગી છે. અહીં દેશમાં નાળિયેરી પણ ખૂબ હોઈ મનીલા-હૅમ્પ, તમાકુ અને ખાંડની સાથે કોપરેલ પણ મોટા પ્રમાણમાં પરદેશ નિકાસ થાય છે. અહીં એક પ્રકારની નાળિયેરીના રેસા તથા નેતરની ઘણી પહોળી હૅટ બનાવે છે, જે સ્પૅનિશ સંસ્કૃતિનું જ ચિહ્ન છે.

પ્રાગૈતિહાસિક સમયમાં ભારતના વસાહતીઓ હિંદી–ચીનને રસ્તે આ દ્વીપો ઉપર આવી વસ્યા પછી ઇસવીસનની શરૂઆતમાં વળી જાવા-સુમાત્રાના લોકો કલિમંથન (બોર્નીઓ)ને માર્ગે અહીં આવેલા. ત્યારે તો જાવા-સુમાત્રામાં હિંદુ ધર્મ તથા ભારતીય સંસ્કૃતિ જ પ્રવર્તતી હતી, તેથી ફિલિપ્પાઈન્સ ઉપર પણ ભારતીય ધર્મ તથા સંસ્કારોનું નવું મોજું ફરી વળ્યું. અલબત્ત, ભારતીય સંસ્કૃતિની વાહક તો સંસ્કૃત ભાષા જ હતી. તેથી ફિલિપ્પાઇન્સની રાષ્ટ્રભાષા 'ટગલોગ' મૂળ સંસ્કૃતમાંથી જ ઊતરી આવેલી છે, અને પાછળથી તેના ઉપર ચીની, અરબી, સ્પૅનિશ તથા અંગ્રેજીનાં આક્રમણ થયા છતાં પણ હજુ સંસ્કૃત–મૂળમાળાના ઘણા શબ્દો ઝીણવટથી અભ્યાસ કરનારને મળી આવશે. થોડા નમૂના જોઇએ.

ટગલોગ	સંસ્કૃત	ટગલોગ	સંસ્કૃત
Asa	आशा	Gada	गज (હાથી)
Astacona	अष्टकोण	Gunita	गणित
Bagyu	वायु	Hari	हरि (સૂર્ય)
Bangsi	बंशी (બંસી)	Laba	लाभ
Bani	वाणी	Linga	लिंग (મૂર્તિ)
Calunia	करुणा	Mana	मन
Catha	कथा (ઇતિહાસ)	Mandala	मण्डल
Cosa	कोष	Manusia	मनुष्य
Dueha	दुःख	Mucsa	मोक्ष
'Naga	नाग	Sila	शील
Papa	पाप	Sinta	चिन्ता
Sandana	चन्दन	Vastu	वास्तु
Sampaka	चम्पक	Janibu	जम्बु
Sangsala	संसार		

લેખન-કળા પણ અહીં ભારતીય વસાહતીઓએ જ શરૂ કરેલી, પરંતુ સ્પૅનિશ પાદરીઓના અત્યાચારો નીચે ત્યાંનાં બધાંય પુસ્તકોનું




સત્યાનાશ વળી ગયું અને હવે તો ક્યાંક સ્થળે જૂજ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથ મળી આવે છે. આપણે ત્યાં જેમ અંગ્રેજીનું સ્થાન રાષ્ટ્રભાષા હિંદી લઈ રહી છે તેમ ત્યાં હવે ત્યાંની રાષ્ટ્રભાષા ટગલોગ લઈ રહી છે. પરંતુ સેંકડો વર્ષોના સ્પૅનિશ તથા અમેરિકન શાસન પછી આ પુરાણી ભાષાને ફરી પ્રસ્થાપિત કરતાં વર્ષો લાગશે. ટગલોગની લિપિ તો હવે નવી રોમન લિપિ જ છે!

શક સંવતના છઠ્ઠા સૈકા (ઈ.સ. ૭મા સૈકા)માં સૂમાત્રાના મહાસામ્રાજ્ય શ્રીવિજયનું આધિપત્ય આ દ્વીપો ઉપર પણ પ્રસર્યું ને દોઢસો વર્ષ સુધી ટક્યું. તે પછી જાવાના સામ્રાજ્ય મજ્જપાહિતનું રાજ્ય અહીં ચાલ્યું. આ બંને કાળમાં હિંદુ દેવો, ભારતીય પ્રણાલિકાઓ સાહિત્ય તથા કલા-કૌશલ અહીં આવ્યાં અને ફેલાયાં. ત્યાંના રાજકર્તાઓ 'રાજા' કહેવાયા. ટગલોકોના દેવાધિદેવનું નામ 'બથાલ' (સંસ્કૃત ભટ્ટાર=શિવ) હતું, જ્યારે વિષયન લોકોના દેવને 'શિવાય' કહેતા આ દ્વીપોના લોકો માનતા કે આકાશમાંના એક દાનવ (આપણા રાહુ) ને લીધે જ સૂર્યગ્રહણ ને ચન્દ્ર-ગ્રહણ થાય છે. એક દ્વીપના મોરો લોકોએ તો આખા દિવસના પાંચ વિભાગ પાડીને તેમને નામ આપ્યાં હતાં : 'મહેશ્વર' 'કાલ' 'શ્રી' 'બ્રિર્મા' અને 'બિષ્ણુ'. ટગલોકોના પુરાણા કાયદાઓ અને વહીવટી તંત્ર મનુ-સ્મૃતિને આધારે રચવામાં આવેલાં.

પણ યુરોપી દિગ્વજેતાઓના આવવાથી એશિયાભરનાં ધર્મ, સંસ્કૃતિ તથા પ્રણાલિકાઓ ઉપર જબરદસ્ત ફટકો પડ્યો. બીજા બધા દેશો પોતાની આઝાદી ગુમાવી બેઠા છતાં પણ ઊંડાં મૂળ ઘાલેલી તેમની સંસ્કૃતિ તો એ ઝંઝાવાતમાં પણ ટકી રહી, પરંતુ ફિલિપ્પાઈન્સના આ નાના દ્વીપસમૂહમાં યુરોપી શાસન સૌથી લાંબું ચાલ્યું અને સ્પેનના ઝનૂની પાદરીઓના અત્યાચારો નીચે અહીંની સંસ્કૃતિ એવી તો કચડાઇ ગઇ કે તેના મૂળ આજે તો શોધ્યાં યે માંડ મળે.

વિખ્યાત પોર્ટુગીઝ નાવિક મૅગેલને ઇ. ૧૫૨૧માં ઍટલાન્ટિક તેમજ પ્રશાન્ત મહાસાગર માર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરી અને ફિલિપ્પાઇન્સના સેબુ ટાપુ પર ઊતર્યો. રૉબર્ટ ક્લાઈવ તથા બીજા યુરોપી મુત્સદ્દીઓની જેમ ત્યાંના રાજાઓનાં અંદર અંદરના ઝગડાઓના લાભ લેવા જતાં તે ત્યાં માર્યો ગયો; પરંતુ ત્યારથી ફિલિપ્પાઇન્સમાં યુરોપી શાસનનો પગપેસારો થઇ ગયો. સાઠ જ વર્ષમાં ઈ. ૧૫૮૧માં સ્પૅનિશ સેનાએ આ બધા ટાપુ કબજે કર્યા ને સ્પેનના રાજા ફિલિપના નામ ઉપરથી આ દ્વીપ-સમૂહને આજનું નામ આપ્યું. પછી તો ત્રણસો વર્ષ સુધી અહીં સ્પેનના સૈનિકો અને પાદરીઓનું આપખુદ શાસન બિફામરીતે ચાલ્યું, તે છેક ઈ.૧૮૯૮માં યુનાઇટેડ સ્ટેટ્સ સાથેના વિગ્રહમાં સ્પેન હારી ગયું ત્યાં સુધી. અમેરિકાનું એ શાસન પણ ૧૯૪૨માં



ડાબી બાજુ : ફિલિપ્પાઈન્સ ટાપુઓના 'મનીલા હેમ્પ' નામે જગવિખ્યાત ગણાતા શણની વાડીનું એક દૃશ્ય

←મૅલેબાનમાં મીઠાનાં અગર

જાપાને આ દ્વીપો જીતી લીધા ત્યાં સુધી ચાલ્યું. અને પછી 'બળતું ઘર કૃષ્ણાર્પણ'ની જેમ અમેરિકાએ તેની સ્વતંત્રતા જાહેર કરી! ૧૯૪૫માં જાપાન શરણે થયા બાદ આ દ્વીપ-સમૂહ ફરી સ્વતંત્ર થયો.

અહીંની રાજધાની મનીલામાં હિંદી વેપારીઓ સારી સંખ્યામાં સ્થાયી થયા છે. ઘણાખરા સિંધ અને પંજાબના છે ને મુખ્યત્વે કાપડના વેપારમાં છે. તેમની ઑફિસો, નવી અમેરિકન મોટરો તથા તેમની મહેમાનગીરી ઉપરથી તેમાંના ઘણાખરા સમૃદ્ધ લાગ્યા.


પૂર્વ-એશિયામાં ઑફિસનો સમય બધે ઘણો વહેલો હોય છે. મનીલામાં તો સવારના આઠ વાગ્યે ઑફિસો ખુલી જાય. બપોરના બારથી બે સુધી ભોજન ને આરામ, પછી સાંજે ચાર કે પાંચ વાગ્યે બંધ.

મનીલાના વિશાળ રાજમાર્ગો તથા નવાં સરકારી મકાનો અમેરિકન અસર સૂચવે છે. લુઝાઁ દ્વીપના નૈઋત્ય ખૂણે નાના ઉપસાગર મનીલા-બેના પૂર્વ કાંઠે આ શહેર વસ્યું છે. ઉપસાગરને કાંઠેકાંઠે બાંધેલા રોનકદાર રાજમાર્ગ ડયૂઈ-બુલેવાર્ડને મુંબઈના મરીન ડ્રાઈવ, નેતાજી સુભાષ માર્ગ કે શિકાગોના 'લેઇક–શોર ડ્રાઇવ'ની સાથે સરખાવી શકાય. અહીંથી સૂર્યાસ્તનું અત્યન્ત સુંદર દૃશ્ય જોવા મળે છે. અને ઘણીખરી રેસ્ટોરાંઓ તેમજ નાઈટ-ક્લબો આ રસ્તા ઉપર જ આવેલી છે. રાત્રે અમે 'રીવીએરા નાઇટ-ક્લબ' પર ગયા. અંદરના રાચરચીલા તથા ફ્લોર–શો ઉપર અમેરિકન તેમજ સ્પૅનિશ બંને પ્રણાલિકાની અસર હતી. વાદ્ય-સંગીત તો સ્પૅનિશ જ હતું. પૂર્વ એશિયામાં ફિલિપ્પિનો વાદ્યવૃંદ (ઑરકેસ્ટ્રા) બહુ જાણીતું છે.

મનીલાના વાહનવ્યવહારમાં ત્યાંની જીપનીસ તરત ધ્યાન ખેંચે. મહાયુદ્ધ પછી બચત રહેલી જીપોનાં ઉપરનાં ખોખાં બદલીને તેની નાની બસો બનાવી છે, જે બધા જ રસ્તાઓ ઉપર દોડે છે. સામાન્ય બસ કરતાં તે નાની ખરી, પરંતુ તેની મુખ્ય સગવડ એ છે કે તેને ઈચ્છા પ્રમાણે ઊભી રખાવીને ચડી કે ઊતરી શકાય છે. સવારી દીઠ દસ સેન્ટ (પચીસ નયે પૈસે) આપવાના. વળી, આપણા રાજસ્થાની ટાંગાં જેવી ઘોડાગાડીઓ પણ અહીં હોય છે, જેને 'કાલેસા' કહે છે.

લલિત કળાઓને પ્રોત્સાહન આપવા માટે મનીલામાં ચાલતી 'આર્ટએસોસીએશન ઑફ ફિલિપ્પાઈન્સ'નાં સંચાલિકા શ્રીમતી પુર્સિતા લૅન્ડેસ્માએ સંસ્થાના સભ્યો સાથે મારો પરિચય કરાવવા માટે સાંજે એક નાનો સમારંભ ગોઠવ્યો હતો. સંસ્થાના પ્રમુખ ડૉ. લીમ તથા વીસેક કાર્યવાહક સભ્યો આવેલા. તેમાંના કેટલાક ચિત્રકાર હતાં તો કેટલાક સંગીતજ્ઞ હતા. વળી ન્યૂ યૉર્કના U. S. I. S. તરફથી આયોજિત એશિયાઈ કલાકારોના સ્ફટિક પરનાં આલેખન-ચિત્રો (જેનો પરિચય 'કુમાર'ના ૪૦૫માં અંકમાં આવી ગયો)ના પ્રદર્શનના સંચાલક શ્રી કાર્લ ઑસ્ટરટૅગ પણ હતા. આદુના રસથી મિશ્રિત ચા તથા ચોખાના લોટની મિઠાઈ ખાતાંખાતાં અમે એશિયાની વિપુલ કલાસમૃદ્ધિ તથા વિવિધ પ્રણાલિકાઓની સરખામણી કરી.

બીજે દિવસે મનીલાથી ચાળીસ માઈલ દૂર આવેલા ટગાયટે સ્થળે જતાં મોટરમાં બ્રાઝિલના સાઓ પાઓલો શહેરના છાપાના તંત્રી શ્રી બ્રોડી સાથે હતા. મનીલા અખાતનો કાંઠો છોડ્યા પછી ડાંગરનાં ખેતરો, વાંસના ઝુંડ તથા કેળ અને પોપૈયાની ભરચક [અનુ. પૃ. ૨૭ ઉપર]



પચ્ચીસ વર્ષ પહેલાં



સીધાં ચઢાણ ચડવા માટે સાથેના મોટા ચિત્રમાં છે તેવી દોરડાની એક ખાસપ્રકારની ગાંઠની રચના હોયછે. જેથી આરોહક ઊંચેનીચે જઈ શકેછે.

પોષ ૧૯૮૯
અંક ૧૦૯

ચન્દ્રવદન મહેતાનું નામ કદાચ બીજા કોઈ સામયિક કરતાં 'કુમાર'ના વાચકોને વધારે જાણીતું હશે; કેમકે 'કુમાર'માં એમના જેટલાં કાવ્યો, લેખો ને નાટકો બહુ ઓછાનાં આવ્યાં છે. તેમાં યે છેલ્લાં વર્ષોમાં આવેલી એમની આપકથા 'બાંધગઠરિયાં'એ એમને ખૂબ લોકપ્રિય કરી દીધા. એ 'બાંધગઠરિયાં' જેવી રમતિયાળ ગદ્યશૈલીમાં એમણે આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં એક ભારેખમ લેખમાળા શરૂ કરેલી : હિમાલયનાં શિખરો સર કરવા નીકળેલા 'શિખરિણીઓ'–સાહસવીરોની. પણ પોતાની રસળતી શૈલીથી એ વિષયને પણ એમણે કેવો દિલચસ્પ બનાવેલો તેની પ્રતીતિ ૧૦૯મા અંકમાં આવેલા પહેલા જ હપતાની તારવણી તમને કરાવશે :

હિંદુસ્તાનની નિશાળોમાં વર્ષોથી ભૂગોળ શીખવાતી જાણી છે. મૅકમિલન, ફિલિપ અને નેલસનના સેંકડો નકશાઓ વળ ઘાલી કૈંક પાટિયા પર ધૂળ ખાતા કે ખુલ્લા રહીને અક્ષરો ઝાંખા કરતા પડ્યા છે. રોજ ને રોજ કેટલા યે ધોરણોમાં શિક્ષકો લાકડીનું ઠીકું લઇને એ નકશાઓ ઉપર હજારો માઈલ ઊંચેનીચે ફેરવે છે. ઘણા યે ગભરાએલા વિદ્યાર્થીઓ પોતાની ગંદી આંગળી હિમાલય, કારાકોરમ અને હિંદુકુશ એમ લવતાં ત્યાં મૂકી જાય છે. વળી કેટલા યે વિદ્યાર્થીઓ મોડી રાત સુધી માથે ઝોંસાએલા લેસન પેઠે કરાંચીથી માંડીને બલુચિસ્તાનની પાંખ કાઢી ચમન, કમારદિન, મીરમશાહ, સફેતખોહ દોરી, પાછા ઊંચે વળી કાલાદોષ, ચિત્રલ, દીર અને હુંઝાને અર્ધ ગોળાકારમાં ઘેરી, સડસડાટ નીચે ઊતરતાં શીવકી, ગંગોત્રી કામટને નંદાદેવી સુધી આલેખી, નેપાલભુતાનનાં બે મોટાં-નાનાં ચકરડાં પાડી, છેક ભુતાનની ટોચે કુલ્હાંકાંગરી સુધી ઝીણા કાગળો પર સખત પેન્સિલથી લિસોટાં ઘસડ્યા કરે છે. ક્વચિત્ એમાં રંગનાં ધાબાં ચીતરાય છે, પણ એ લિસોટા અને ચિતરામણોનાં ધાબાંમાં કેટલું અદ્ભુત સૃષ્ટિસૌંદર્ય, કેટલી સુંદર વનરાજિઓ, કેટલી રમ્ય અને ભવ્ય કુદરતલીલા, કંઈ કેટલાં ગગનચુંબી શિખરો, કંઈ કેટલાં શિખરોની હારગૂંથણી વચ્ચે થનગનતાં કે થીજેલાં સરોવરો તથા ગજગતિએ ફરતા માઇલો લાંબા બરફના પહાડો અને કડકડાટ કરતા પડતા હિમધોધો સંતાયા છે, એની કયા શિક્ષકે આજ સુધીમાં કયા વિદ્યાર્થીને મોહિની લગાડી છે? હિંદની ઉત્તરે હિમાલય, અને હિમાલય પર બરફ અને એટલામાં જ ત્યાંની ભૂગોળ ગોળ વળી જાય છે.

પણ અનેક ભારતવાસીઓની જીવનસફરના ધ્રુવતારક આ પહાડો, અનેક કવિઓ ને કલાકારોની પ્રેરણાના ધામ આ પહાડો, અનેક યાત્રીઓના તીર્થધામના ભંડાર આ પહાડો, અનેક પ્રવાસીઓના સાહસક્ષેત્ર આ પહાડોનું સામર્થ્ય ક્યારે કોણે પૂરું આંક્યું છે? જો કોઈ શિક્ષકે એની મોહિની લગાડી હોત તો શા માટે કેલાસ, સ્મિથ, રટલેજ, કિડ, યંગહસબંડ, ફ્રેશફિલ્ડ, ફાર્મર, ઍલેકઝાન્ડર, અબ્રુસી, બ્રૂસ, નૉર્ટન, મેલરી, ડુત્રેનોલ વગેરે અનેક પરદેશીઓને હાથે હિમાલયની આંટીઘૂંટીઓનો અંદાજ થાત, એનાં હિમશિખરોની માપણી થાત, એની ગહન ખીણોની તપાસ થાત, એમાં ભવ્ય સૃષ્ટિસૌન્દર્યનાં દર્શન થાત? હિમાલય તો અનેક હિંદીઓ ગયા છે એ ખરું, પણ ભૂગોળ શીખીને તો કોઈ જ નથી ગયા. તો ભૂગોળ રચવા કે ઇતિહાસ સર્જવા તો જાય જ શાના? જે જાય છે કે ગયા છે તે ધર્મની પ્રેરણાને લઇને, તપ, ત્યાગ, વૈરાગને અંગે. સાહસ અને સંશોધને આપણે ત્યાંથી દેશવટો લીધો છે. કાઠિયાવાડ ગુજરાતના ડુંગરાઓ ખૂંદવા કેટલા જુવાનિયાઓ બહાર પડ્યા? આબુ કે એટલામાં, બિચાર કોઈ રડીખડી રખડુ ટોળીના જુવાનજૂથ સિવાય જીવસટોસટનાં જોખમો સામે બાથંબાથા કરનારા સાચા વિદ્યાર્થી જુવાનો કેટલા નીકળ્યા?

પૂર્વે હિમાલયનું એક પ્રવેશદ્વાર દાર્જીલિંગ છે. જરા પણ મુસીબત વિના ત્યાં પહોંચી શકાય છે, અને એટલામાં જ ઉદાર વિશાળ હિમાલય પોતાના સૌંદર્યસમૃદ્ધ સર્વોત્કૃષ્ટ શિખર કંચનજંઘાનાં દર્શન કરાવે છે. એવરેસ્ટ–ઉમા શિખર–અહીંથી સવાસોએક માઈલ દૂર છે.

કુતુબમિનારની ટોચ પર ચડી ઉત્તરમાં નજર કરતા ઊભા રહો, તો તમારી સામે ડાબે હાથે ઊંચામાં ઊંચું શિખર નજરે પડશે તે નાંગા પર્વત, અને પછી જરી જમણા હાથે સહેજ જ નજર દોડાવો તો માઉન્ટ ગૉડવિન ઑસ્ટિન દેખાશે. કેવું વિચિત્ર! શું આ શિખર ઉપર ગૉડવિન ઑસ્ટિન સાહેબ આરામખુરસી પર બેઠા હશે, કે ત્યાં એમનું ઘર હશે? બંને શિખરો કાશ્મીરની કલગીઓ છે. નાંગા ૨૬,૬૨૯ ફૂટ છે અને ગૉડવિન ઑસ્ટિન ૨૮,૨૫૦ ફૂટ. બંને લગભગ સરખા ઊંચા હોવા છતાં બંનેનાં સૌંદર્યમાં ફેર છે. નાંગાનું શિખર આખા હિમાલય ઉપર એક વાતે અજોડ છે. એને ચઢવામાં મનુષ્યની સઘળી શક્તિઓનો ઉપયોગ કરતાં પણ એ કદી યે ચઢાશે કે કેમ એની કૈંકને શંકા રહે છે. કેમકે એ શિખર ૧૭,૦૦૦ ફૂટ પછી એકલું જ સીધું સપાટ રૂપાનો પિરામિડ સરજતું આકાશ ચુંબવા ચાલ્યું જાય છે.

હિમાલય એટલે એક પર્વતની હાર એવું થોડું જ છે? સેંકડો આડીઅવળી ડુંગરાવલિઓ; અને એવી સેંકડો ઉપર વળી નવી ડુંગરાવલિઓ અને એમ હારની હારો ખડકેલી જ હોય. આપણે ધારો કે એક ૨૦,૦૦૦ ફૂટ ઊંચા શિખર પર જવું હોય તો નીચેથી ત્રિકોણ રૂપે સીધા ચાલ્યા જવાનું એવું કંઈ નહિ. હજાર ફૂટ ઊંચે જઇએ, વળી ૨૦૦નો ખાડો, વળી ૫૦૦ ચઢવાના, વળી માઇલનો સપાટ પ્રદેશ,

વળી એકાદ ડુંગરો, વળી હજાર બે હજાર ચઢવાના, વળી મોટી ખીણ (એવી કે ગયા તો ગયા જ.) તો વળી ત્યાં નાનો પુલ બંધાવેલો હોય, ને તે કૂદ્યા કે ચઢો ત્રણચાર હજાર ફૂટ, કે એ...ને જબરજસ્ત ખળખળ કરતો એકાદ નદીધોધ આવ્યો જ છે. હવે? તો કેભાઇ દોરડાં. એટલે, આ નાકાથી પેલા નાકે નદીધોધ પર ઝૂલતું દોરડું અને તે હાથે ઝાલી ટીંગવાઇને નટ-ખેલ માફક પકડીપકડીને પાર જવાનું. પડ્યા તો પાણીમાં, અને પાણીનો પણ કાંઈ વેગ! દેખ્યો દેખાય નહિ એવો. એ માંડ પાર કર્યો કે વળી ચાલો ચઢો, હાંફો, ઊતરો, ગોળ ચક્રાવો ખાઓ, બે માણસ સાથે ન ચાલી શકે એટલો સાંકડો પર્વતનો ખભો, તેના પર ચાલો કીડી જેવા. પગ જરાક ખસ્યો કે થઈ રહ્યું. આમ ને આમ તેર હજાર ફૂટ ઊંચે તો જવાના. પછી ઋતુ પ્રમાણે બરફ-પગથારો આવવાની, બરફની નદીઓ આવવાની. કોઈ ઠરેલી, કોઈ અરધી ઠરેલી. એમાં પોચો બરફ. ભૂલેચૂકે જો પગ બરાબર ન રહ્યો તો?

આમ કરતાં કરતાં આગળ ચાલતા જ જાઓ, ચાલતા જ જાઓ, ઊંચે ને ઊંચે. ન મળે જન કે જનાવર, ઘાસ કે લીલોતરી. મોજાં લપેટેલા પગે, અધમણીઆ જોડા પહેરી, હાથમાં કોદાળી લઈ એકેકની કેડે દોરડું બાંધી ઊંચી ડાકે ચાલો આકાશમાં. બરફ એટલો સખત કે પગથિયાં બનાવતા જવાનાં, ત્યાં વળી કોઈ પહાડ જ એવો આવે કે આખો બરફનો જ ડુંગરો. અને વળી ચાલતો, જાણે કોઈ મોટી જબરજસ્ત પાંચ સાત માઈલ લાંબી ધોળી ગોકળગાય સરતી ન હોય? એમ સરે. અને આપણે એની પીઠ પરથી પસાર પણ થઈ જઇએ!

આમ કંઈક ૨૦,૦૦૦ ફૂટ પર પહોંચાય; પણ એમાં યે કેટલી છાવણી કરતા જઇએ, થાક ખાતા જઇએ, રાતવાસો બરફના ડુંગરામાં ઠામ ખોદી બનાવતા જવાનો, ખાવા-પીવાની (પીવાની? હાસ્તો; બરફ ઉકાળીએ ત્યારે પાણી મળે) મુસીબતો. દસ-પંદર કપડાં નીચે શરીર-પરસેવે પલળેલું હોય. નહાવાનું... (કેમ કંઈ ઠેકાણે છે કે?) અને પવન તો કલાકના સોથી દોઢસો માઈલના વેગથી સાધારણ ફૂંકાતો જ હોય. એ સુસવાટા, તેમાં વળી વાદળાં મળે, તેઓ સતાવી ચાલ્યાં જાય. વળી હિમની રજકણો ઊડે તે વાગે. ઠંડી, ઠંડી ને ઠંડી, અને સૂરજ તપે ત્યારે લીલાંભૂરાં ચશ્માં ન પહેર્યાં હોય તો આંખ આંધળી થઈ જાય, કેમકે સફેદ બરફથી સૂર્યનાં કિરણો વધારે તેજદાર બનતાં આંખ ઝંખવાઈ જાય છે. અને બસ એટલું જ? અરે, ફેફસાં બૂમો પાડવા માંડે એ ઊંચાઇએ તો. હવામાં ઑક્સિજનનું પ્રમાણ ઉપર ઘણું ઓછું થવાથી શ્વાસોચ્છ્વાસની મુસીબત પડે છે, ને એમાં પણ ધીમેધીમે ટેવાવું પડે; ત્યારે સો-બસો ફૂટ ઊંચે માંડ જઈ શકાય, અને તે યે ખૂબીથી, કિસબથી, કળાથી. રાભા જેવા ધડધડ લાવો ચડી નાખું એમ નહિ ચાલે. શ્વાસોચ્છ્વાસ સાથે તમારું ડગલું ભરાવું જોઇએ; બરાબર સંગીતમાં તાલ પડે તેમ. એમાં ભૂલભાલ થઈ તો જુઓ મજા! એવો દુખાવો છાતીમાં શરૂ થાય કે ચલાય જ નહિ; પણ એમ ડુંગર પર ડુંગર ને તેઉપર ડુંગર, એમ ઊંચામાં ઊંચી હારમાળાની ટોચ તે શિખર. કદીક બે શિખર પાસેપાસે પણ હોય.

માઉન્ટ ગૉડવિન ઑસ્ટિનને હવે માઉન્ટ 'કે ટુ'(K 2)થી ઓળખવામાં આવે છે. એનો અર્થ એવો છે કે કારાકોરમ પર્વતમાળમાં એ શિખરનો નંબર બીજો છે. એટલે ટનો ત કરીએ તો અર્થ સુંદર થતાં 'કેતુ' નામ આપવાનું મન થાય છે.

કેતુ શિખર દુનિયાનાં સર્વ શિખરોમાં બીજે નંબરે ઊંચું છે: ૨૮,૨૫૦ ફૂટ. કંચનજંઘા છે ૨૮,૧૪૬ ફૂટ. બંને વચ્ચે ફરક બહુ નથી, પણ કંચનજંઘાનું સૃષ્ટિસૌંદર્ય કેતુ શિખર તો શું, પણ સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટથી પણ વધે છે, એટલી સુંદર એની રચના છે.

પણ આપણે કાશ્મીરને માથે બહુ થોભ્યા. હવે નીચે જમણી તરફ આંખ દોડાવો. ગંગોત્રી, કામટ, નંદાદેવી, ત્રિશૂળી, પંચશૂળી, પીંડારી એમ શિખરપરંપરા ચાલી આવે છે. નંદાદેવી તો તમે બદ્રીકેદારથી જોઈ શકો; એ ૨૫,૬૪૫ ફૂટ ઊંચું છે, અને એટલામાં તો એટલાં બધાં શિખરો છે કે જાણે ઠઠ જામી ન હોય.

હિમાલયની મધ્યમાં હરિદ્વાર કે કઠગોડામથી તમે ચાલ્યા જાઓ–ઊંચે ને ઊંચે, તો હિમાલયના હૃદયકમળ સરખા માનસ સરોવરનાં દર્શન થઈ શકે; અને જરા તિબેટમાં આગળ વધો એટલે કૈલાસ શિખરનાં દર્શન થાય. એ બેનાં વર્ણન વાણીથી પર છે.

કૈલાસ શિખર પહેલું ૧૭૧૫માં યુરોપિયન મિ. ડેસીડેરીની નજરે પડ્યું. એની ઊંચાઈ ૨૨,૯૨૮ ફૂટ છે. શાસ્ત્રોમાં, કથાઓમાં, વાર્તાઓમાં, પુરાણોમાં, મુસાફરોનાં વર્ણનોમાં, ચીનાઈ તવારીખોમાં, કૈલાસનાં અનેક વર્ણનો છે. એના માહાત્મ્ય વિષે, એના અજબ સૌંદર્ય વિષે ભારોભાર લખાણો છે. શિવલિંગ જેવા આકારનું એવું શિખર હિમાલયભરમાં બીજું ભાગ્યે જ હશે. ચારે બાજુથી ગોળ, જાણે મોટું શિવલિંગ જ. કંચનજંઘા જટાધારી સમાધિમય શિવસ્વરૂપ જેવું લાગે છે. એનું સૌંદર્ય અલબત્ત અધિક છે; પણ કૈલાસનું તપોધન વિશેષ છે. સૈકાઓથી અનેક મનુષ્યે એની પરકંમાઓ કરી છે. બેત્રણ દિવસમાં એની આસપાસ ફરી શકાય છે. એમ ફરતાં એક ૧૮,૬૫૦ ફૂટ ઊંડી ખીણમાંથી પસાર થવું પડે છે. પવનની એકાદ ઝાપટ જો ત્યાં લાગી તો કૈલાસનાથને ખોળે સદાનો મોક્ષ મળી જાય! નંદાદેવી, ત્રિશૂળી, માંધાતા એ ત્રણે હિમાલયનાં ગણ્યાં-ગાંઠ્યાં સુંદર શિખરોમાં આવે છે. નંદાદેવીની રમણીયતા એની સુરેખ નાજુકતાને લીધે છે.

હવે પૂર્વમાં નેપાળની બરાબર મધ્યમાં રાજ્યદંડ સમું ધવલગિરિ, ૨૬,૭૯૫ ફૂટ. કેટલું સુંદર નામ! અને પછી એની પૂર્વમાં ૨૯,૨૫૦ ફૂટ ઊંચું–હિમાલયનું મુકુટમણિ–જગતભરના શિખરોનો રાજવી–માઉન્ટ એવરેસ્ટ. નેપાલી ભાષામાં એનું નામ ચોમો લુંગ્મા–પૃથ્વીની દેવીમાતા. એ પછી નેપાલ ને તિબેટની સરહદ પર તેમ નેપાલ ને સીકીમની સરહદ પર રખવાળશું ઊભું કંચનજંઘા, ૨૮,૧૪૮ ફૂટ. સૃષ્ટિના હિમગિરિઓમાં સૌથી શ્રેષ્ઠ અને સુંદર, ગહન અને ભવ્ય... એની મોહિની એટલી અજબ છે, એનું સૌંદર્ય એટલું માદક છે કે હું લખ્યે જ જઈશ અટક્યા વિના; એટલે એ શિખર વિશે અહીંથી જ બસ. મનુષ્ય-પ્રયત્ને પણ એ જિતાવું મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે, એમ ભલભલાનું માનવું છે. એનાં અનેક કારણો છે. એની આસપાસ અનેક હિમરાજો રોકાણ કરતા ખડા છે. એક બિંદુમાંથી તમે જરા જરા છેટે પાંચ લીટીઓ નીકળતી દોરો, એવું કંચનજંઘાનું શિખર છે. એટલેકે એને શિખરે પહોંચતાં પાંચ ખભાઓ આપણને મળે; પણ એ પાંચ ખભાઓ વચ્ચેના ગાળામાં બરફના હિમધોધનાં તોફાનો, હિમપ્રપાતો, હિમઝંટકાવો, વાવાઝોડાંઓ, ચાલતા-સરતા હિમગિરિઓમાંથી અચાનક હિમની ભેખડોનું તૂટવું, એથી હવામાનમાં થતી અનેક પ્રકારની ઊલટાસૂલટી અસરો, વીજળી, વરસાદ ને વાદળાંઓના તાંડવો–વગેરે દૈવી આયુધોથી કંચનજંઘા એટલું સુરક્ષિત છે કે મનુષ્યના બધા પ્રયાસ હજી સુધી અફળ જ નીવડ્યા છે.

આવો અજબ છે હિમાલય. એની વનશ્રી, એનાં સરોવરો, નદી ધોધ વગેરે માટે અહીં શું લખીએ? બે હજાર માઈલ લાંબી એ ગિરિમાળમાં શું શું નથી? કઈ વનસ્પતિ નથી, ક્યાં સુંદર પશુ પંખીઓ નથી, ક્યાં સૃષ્ટિસૌંદર્યો નથી? અને છતાં હજી હિમાલયની મોહિની જેટલી હિંદ સિવાયના પરદેશીઓને લાગી છે, એટલી હિંદીઓને નથી લાગી. ધર્મના કારણે અનેક યાત્રીઓએ એ નગાધિરાજનો હિમપ્રવાસ કર્યો છે. એના ખરાબમાં ખરાબ ઢોળા-

વો, કપરામાં કપરી ખીણો પસાર કરી છે; પણ એ સિવાય સાહસ સમજીને હિમાલય ખૂંદવા ભાગ્યે જ કોઈ વીરલાઓ બહાર પડયા હશે. હિમાલયનું અદ્‌ભુત સૃષ્ટિસૌંદર્ય ન્યાળવા બહુ જ ઓછા ત્યાં ગયા છે. એનાથી ઊતરતી પંક્તિનું સૌંદર્ય ન્યાળવા જેટલા વિદેશ ગયા છે તેથી યે ઓછા હિમાલય ગયા છે. ધારો કે કાલે હિંદુસ્તાનના દરેકેદરેક જણને લાખલાખરૂપિયાની લોટરી પાકે તો સેંકડોની સંખ્યા આલ્પ્સ પર દોડશે, નેપલ્સ, જીનેવા, લ્યુઝરન કે માઉન્ટ બ્લૅંક જોવા દોડશે; આફ્રિકા જશે, અમેરિકા જશે, ઇંગ્લંડના લેઈક ડિસ્ટ્રિકટ્સમાં છાપો મારશે, આયર્લૅંડમાં કિલાર્ની જોવા જશે, પણ અમેરિકાથી, જર્મનીથી, સ્વિટ્ઝર્લૅંડથી, ઈંગ્લંડ ને ઈટાલીથી અનેકાનેક શિખરિણીઓને આકર્ષી રહેલો હિમાલય જોવા નહિ જાય. અને કદાચ એ સૃષ્ટિસૌંદર્ય જોવા જાય તો પણ શું જુએ છે? ન ધરતી જુએ, ન ઝાડ જુએ, ન સૂરજ જુએ, ન ચંદ્ર જુએ. સગવડતાથી બે વખત ખાતાંખાતાં સુખચેન માનવાની ભ્રમણામાં એકાદ અંધારીઆ ડબ્બામાં પુરાઈ સડસડાટ કરતાં બે દિવસમાં શ્રીનગર જઈ, આઠ દિવસમાં પાછા ફરી કાશ્મીર જઈ આવવાનો ગર્વ કરનારા અનેક મળશે; પણ હિમાલયની અખંડ શાંતિનો, સનાતન ગૌરવનો, અદ્‌ભુત સૌંદર્યનો એકાદ દૃષ્ટિપાત પણ ભાગ્યે જ મેળવ્યો હોય તો નસીબ. ઊગેલા સૂરજ પછી અને આથમેલા સૂરજ અગાઉ ચાર ઈંચ પહોળા અને છ ઈંચ લાંબા પતાકડા પર કૅમેરા દ્વારા એનું સૌંદર્ય પરહેજ કરવાની મોટાઈમાં સ્વર્ગ માનનારાઓ આગળ હિમાલય ભાગ્યે જ પોતાની સમાધિમાંથી જાગી એકાદ મીટ સૌંદર્યની ભેટ ધરતો હશે.

વર્ણોપચાર વિદ્યા નામે ઓળખાતી ઉપચારની એક નવી જ પદ્ધતિ વિષે એ અંકની માધુકરીમાં પ્રકટેલી વિગતો પણ જાણવા જેવી છે.

વર્ણોપચાર વિદ્યા પ્રમાણે જ્યારે શરીરમાંથી અમુક રંગ ઓછો થાય છે ત્યારે અમુક રોગ થાય છે. આ વિદ્યામાં ખાસ કરીને ભૂરો, રાતો, નારંગી, પીળો અને લીલો એટલા રંગોનો ઉપયોગ કરવામાં આવે છે.

ઉપર જણાવેલા દરેક રંગની શીશીમાં પાણી ભરી ઓછામાં ઓછી તે બે કલાક તડકામાં રાખવી; એથી વધારે રહે તો કાંઇ વાંધો નહિ. ચોમાસાની શરૂઆત પહેલાં ઉપર જણાવેલી રંગની શીશીઓમાં ખાંડેલી સાકર રાખી તેને પણ ઓછામાં ઓછી બે કલાક તડકામાં રાખવી, જેથી ચોમાસામાં જ્યારે વાદળાં હોય ને તાજું પાણી ન થઇ શકે ત્યારે તેનો ઉપયોગ થાય. આ પ્રમાણે થએલી દવાનો ઓછામાં ઓછા ૧ આંસનો ડોઝ બબ્બે કલાકે આપવો.

ભૂરો રંગ ઠંડો ને નરમ છે. તે શાંતિ ને પવિત્રતા શરીરમાં ફેલાવે છે ને લોહીને સુધારે છે. એનાથી લગભગ પચાસેક રોગ મટે છે. ભૂરૂ પાણી ને પ્રકાશથી નીચેના રોગો મટે છે:

ગાંડપણ, મરડો, સર્પદંશ, અપચો, મલેરીઆ, તાજો સંધિવા (કળતર), છોકરાનું રડવું, દિલગીરી, ખરેરી, હડકવા, હેડકી, તરસ, મગજનો તાવ, ઈન્ફ્લ્યુએન્ઝા, મૂર્છા, માથું દુખવું, ભારે અવાજ, ઉધરસ (તાજી), કૉલેરા, ન્યૂમૉનિયા, ઊલટી, ટાઇફૉઈડ તાવ, માતાના તાવ, તાણ, આંચકી, શૂળ, બળાનાં દર્દો, મોઢામાં ચાંદાં, પેઢાં ચઢવાં, ફેર ચડવા, અતિસાર, આંતરડાનો રોગ, દુખતી આંખો, માથામાં ગૂમડાં, ધબકારા, ઍપેન્ડિસાઇટિસ, દાંત આવવા, પિત્ત, પેટમાં ચૂંક, પેશાબમાં મુશ્કેલી, કાનનો દુખાવો, ખસ, ઘા, ડામ, દાઝવું, ગૂમડાં, કમળો, હરસ, આંજણી, બહેરાપણું, નસ્કોરી ફૂટવી, ટાલ વગેરે.

રાતો રંગ નરમ અને સખત હોઈ જીવન, હિંમત ને બળવર્ધક છે. રાતા પાણી ને પ્રકાશથી સુસ્તી, પક્ષઘાત, સુકાઇ જવું, તરસ, અગ્નિમાંદ્ય, ઊંઘ ઊડી જવી વગેરે દૂર થાય છે.

તદ્દન પીળા રંગની શીશીઓ ન મળે તો ઝાંખા નારંગી રંગની ચાલે. ઝાંખા નારંગી પાણી અને પ્રકાશથી માત્ર કોઢ એક જ મટે છે. ઘેરો નારંગી રંગ સામાન્ય રીતે શક્તિ આપનાર છે ને તેનાથી થાકનો તાવ, જૂની ઉધરસ, અમ્લપિત્ત, કબજિયાત, જૂનું કળતર, શરદીનો કફ, ઝાડામાં પાણી, ઓડકાર, સંધીવા, દમ, પેટમાં દુખવું, અપચો, ઊનવા મટે છે.

લીલા પાણી અને પ્રકાશથી ગૂમડાં, ઘા, શરદી વગેરે મટે છે. ચામડીનાં દરદો ઉપર આ પાણીનાં પોતાં મૂકવાં. —નરેન્દ્ર મહેતા

લવિંગિયાંની લૂમ

'શેરીમાં રમીરમીને છોકરાં કેવાં ગંદાં થઈ જાય છે!'

'હા બહેન. કાલે મારા મનુને શોધી કાઢતાં પહેલાં મારે બીજા આઠ છોકરાને નવડાવવા પડેલા!'

'સાચે જ તું દસ રૂપિયાની એક લેખે ઘડિયાળ વેચે છે?'

'હા, બહેન.'

'પણ એટલો તો બનાવવાનો જ ખર્ચ થાય!'

'એટલો જ થાય છે.'

'તો તને નફો ક્યાંથી મળે?'

'રીપેરિંગમાંથી.'

'ધ્રુવ પ્રદેશમાં એવી તો ઠંડી હતી' એક સફરી હાંકતો હતો–'કે ત્યાં મીણબત્તીની જ્યોત પણ જામી જતી અને અમે એને ફૂંક મારીને પણ હોલવી નહોતા શકતા.'

સાંભળનારે પણ ટાપશી પૂરી: 'હા, છેલ્લા અમે જ્યારે એ વિસ્તારમાં હતા ત્યારે અમારા મોંમાંથી અમે બોલેલા શબ્દોનાં પણ જામેલાં ચોસલાં જ બહાર આવતાં હતાં; અને, અમે શું બોલ્યા એ જાણવા અમારે એ બધાંને ગરમ કરવાં પડતાં હતાં!

યજમાન મહેમાનોને પોતાનું નવું આલેશાન મકાન બતાવી રહ્યા હતા: 'અહીં આ ત્રણ તરવાના હોજ બનાવ્યા છે. આ હોજ ઠંડા પાણીમાં તરવાનું પસંદ કરતા મિત્રો માટે છે, આ બીજામાં ગરમ પાણી રહે છે અને આ ત્રીજો હોજ ખાલી રહે છે.'

'ખાલી?' નવાઈ પામી મહેમાને પૂછયું, 'એની પાછળ શો ખયાલ છે?' 'ઓહ, એ તો એવા મિત્રો માટે બનાવડાવ્યો છે જેઓને હજી તરતાં ન આવડતું હોય!'

બૉક્સિંગ-હરીફાઇમાં એક હરીફ પડી ગયો. રૅફરીએ તુરત ગણવા માંડયું: 'એક ...બે...ત્રણ...ચાર...પાંચ...છ...સાત...'

પણ ત્યાં તો પડેલા હરીફે તેનો હાથ પકડી લીધો ને કહ્યું, 'મને જરા ઓછું સંભળાય છે; એ બધું ફરીથી મોટેથી બોલોને!'

'નાનાં બાળકો કેમ ઉછેરવાં તેની મારી પાસે છ યોજનાઓ છે.' 'મારી પાસે તો છ બાળકો છે; યોજના એકે નથી.'

બા: સફરજનનું દીઠું બસમાં ન ફેંક્યું તે માટે તને ધન્યવાદ. તેં કયાં રાખ્યું એ?

બચુ: મારી બાજુનાના ગજવામાં!

ભારતીય કલામાં જૈન સંપૂર્તિ

બૌદ્ધ કલાની જ સમકાલિન હોવા છતાં અલ્પપરિચિત રહેલી આ કલાનો પરિચય આપતો લેખ

લેખક: રવિશંકર મ. રાવળ



ઉત્તર ભારતમાં મળે નહિ એવું વિરાટ પ્રતિમાનિર્માણ દક્ષિણ ભારતમાં છે. તેમાંની શ્રમણબેલગુલની ઇન્દ્રગિરિ ટેકરી પરની ગોમતેશ્વરની કાયોત્સર્ગ સ્વરૂપની આ પ્રતિમા વિખ્યાત છે. આવી ૨ બીજી પ્રતિમા કારકલ તથા ત્રીજી મેનુરમાં છે.

આધુનિક જૈન સમાજને જેનો પૂરો ખયાલ પણ નહિ હોય અથવા જેનું મૂલ્યાંકન કરવા જેટલી તુલનાશક્તિ બહુ જ થોડા જનોને છે, એવી કલાસમૃદ્ધિ ધરાવવાનો યશ આજના સંશોધકો અને કલાપ્રવીણોએ પ્રાચીન જૈન સંપ્રદાયને આપ્યો છે.

સાધારણરીતે જૈન કલાસમૃદ્ધિનું સરવૈયું લેતાં શત્રુંજય, ગિરનાર, આબુ, રાણકપુર કે કુંભારિયાનાં દેવસ્થાનો અને જૈન કલ્પસૂત્રો કે કાલક-કથાનાં ચિત્રો તથા વિજ્ઞપ્તિપત્રોમાં આજની સમાલોચના પર્યાપ્ત થાય છે. પરંતુ ઇતિહાસ અને પુરાતત્ત્વની પરંપરામાં જૈનકલાનો નિર્માણયુગ બૌદ્ધધર્મની સાથે જ આરંભાયો છે એ નિર્વિવાદ ઠર્યું છે.

ભારતના પ્રાચીન ધર્મસંપ્રદાયોમાં બુદ્ધ અને જૈન સંઘો સમકાલીન અસ્તિત્વ ધરાવતા હતા. બૌદ્ધ સાધુઓની જેમ જૈન સાધુઓ માટે પણ ગિરિનિવાસો અને ભિક્ષુગૃહો નિર્માણ થયાં હતાં. ફરક એટલો જ હતો કે જૈનોને ચૈત્યમંદિરો જેવા મંડપોની જરૂર નહોતી.

ઇ. પૂ. બીજા સૈકા જેટલા પ્રાચીન સમયથી એવા જૈન ગિરિનિવાસો ઓરિસ્સા, દક્ષિણ ભારત ને ગુજરાતમાં ગિરનાર વગેરે સ્થળે થયા હતા. તેમાંનાં બાદામી, પાટના (ખાનદેશ), ઇલૂર વગેરે સ્થળોનાં ગુફામંદિરો ભારતની કલાના શ્રેષ્ઠ પંક્તિના નમૂના છે. એ પ્રત્યેકનું સ્વરૂપ આજનાં જૈન મંદિરો સાથે મળતું નહિ હોવાથી ઘણો કાળ તેને બૌદ્ધ સંપ્રદાયનાં ગણી લેવામાં આવ્યાં હતાં.


ઓરિસ્સામાં આવેલી ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓ ભારતની પ્રાચીનતમ સ્થાપત્યરચનાઓ ગણાય છે. તેની હાથીગુફાના પ્રવેશદ્વાર ઉપર પ્રાચીન લેખ છે તેનું સ્વરૂપ ગિરનારના અશોકના શિલાલેખોને મળતું હોઈ તેને બૌદ્ધ ગુફા ધારી હતી, પણ તેનો ઉકેલ થતાં તેમાં પ્રારભ જૈન સૂત્રથી કરેલો છે તે પરથી છેવટનો નિર્ણય થઇ ગયો.


એ હાથીગુફાની રૂપવિધાનની શૈલી અને શિલ્પાકૃતિઓ અચૂકપણે સાંચીનાં તોરણદ્વારો ને ભારતના વિહારો જેવી છે. એટલે તે ઇ. પૂ. બીજા સૈકાનું કામ ઠરે છે. ત્યાં બૌદ્ધ સંપ્રદાયના કોઇ અવશેષો નથી. ગજલક્ષ્મી, નાગ કે વૃક્ષપૂજા, સ્વસ્તિક વગેરે ચિહ્નો તો એ કાળે સર્વવ્યાપક હતા.

પશ્ચિમ ભારતમાં બીજાપુરની દક્ષિણે બાદામીની ગુફાઓ જોતાં સમજાય છે કે એ કાળે બ્રાહ્મણ બૌદ્ધ અને જૈન દાર્શનિકોનું સહજીવન કેટલું શકય બન્યું હતું. બાદામીની પાંચ ગુફાઓમાં એક જૈન ગુફા છે. એ ૧૬ ફૂટ ઊંડી અને ૩૧ ફૂટ પહોળી છે. બાદામીની નજીકમાં એહોળ ગામે બ્રાહ્મણ ગુફાની પાસે બાદામીથી પણ મોટી જૈન ગુફા છે. તેની પરાળ ૩૨ ફૂટ લાંબી, ૭ ફૂટ જેટલી પહોળી અને સુઘડ એવી છત છે. આસપાસ નાનાં દેવઘરો કોતરેલાં છે અને સામે મુખ્ય ગોલકમાં શ્રીમહાવીરની પદ્માસનપ્રતિમા છે. આગળ બે કોતરણીભર્યા સ્તંભો છે.


અજંતાથી ૩૦ માઇલ છેટે ઔરંગાબાદની પાસે આવેલાં ઈલૂરનાં શિલ્પ સીધાં પહાડમાંથી જ અખંડ કોતરી કાઢેલાં છે. જગતની વિશાળકાય કલાકૃતિઓમાં તેની ગણના થાય છે. ગ્રીક શિલ્પો તેની પાસે વામણાં બની જાય છે. પહાડને ઉપરથી ભોંતલ સુધી કોતરી મંદિરનો સંપૂર્ણ ઘાટ, સ્તંભો અને છેવટ અંદરના મંડપો અને ગોલકોમાં અદ્ભુત પ્રભાવવાળી પ્રતિમાઓ સ્વચ્છ, સમપ્રમાણ, સુઘડ, તક્ષણકાર્યથી પરિપૂર્ણ બનાવેલી છે. ચાર માઈલના ઘેરાવામાં ખડક કાપીને કરેલાં ૩૪ જેટલાં એ ખડકમંદિરોમાં ૫ થી ૮મા સૈકાની શિલ્પકળાનો પ્રસ્તાર છે; આમાં મોટા ભાગની બ્રાહ્મણ અને બાકીની બૌદ્ધ-જૈન ગુફાઓ છે.


ઈલૂરની આ જૈન ગુફાઓ સૌથી પાછળ થએલી લાગે છે. ઈ. સ. ૮૫૦ પહેલાંની તે નથી. ઇન્દ્રસભા અને કૈલાસનાથ બંને મંદિરો બે





ઓરિસ્સામાં ઉદયગિરિ અને ખંડગિરિમાં આવેલી ભારતની પ્રાચીનતમ ગણાતી ગુફાઓમાંની રાણીગુફા તથા વ્યાઘ્રગુફાનાં પ્રવેશદ્વાર





ચિત્ર અને શિલ્પથી સમૃદ્ધ બાદામી(વાતાપી)ની ગુફાઓમાં એક જૈન ગુફા પણ છે. તેમાં ઉપર દર્શાવ્યા મુજબનું સારું ને વિશિષ્ટ ભાતવાળું શિલ્પ છે. બાજુમાં સિતન્નવાસલનું એક ભીંતચિત્ર, પદ્મપુકુર.

માળનાં છે અને અંદર નાના ખંડો છે. અંદર ગોમતેશ્વર અને પાર્શ્વનાથની પ્રતિમાઓ છે તે પરથી તે દિગંબર જૈન સંપ્રદાયનાં છે એમ નિર્ણય કરી શકાય. ત્યાં એક કુદરતી માપનો હાથી છે. સામી બાજુ ૩૧ ફૂટ ૬ ઇંચનો એક જ શિલ્પનો સ્તંભ હતો તે સો વર્ષ પહેલાં પડી ગયો. ગુફાઓના ઉપરના ભાગમાં કોતરેલી પાર્શ્વનાથની વિરાટ પ્રતિમા પરના અક્ષરો મુજબ તે ઈ. સ. ૧૨૩૫ની આસપાસ થઈ હશે.

ગુફાશિલ્પમાં અગત્યનું ગણીએ એવું એક પાષાણમંદિર, પ્રાચીનતા અને કલાપૂર્ણતાભર્યું ઉલ્લેખવા જેવું, દક્ષિણમાં તીનીવેલી પ્રાંતમાં શ્રીવીલીપુત્તુરથી ૨૭ માઇલ દૂર, કન્યાકુમારીથી ૭૫ માઈલ ઉત્તરે 'કાલુગુમલાઇ' નામના સ્થળે મહાબલીપુરમ્ જેવું જ ખડકમાં કોતરેલું છે. એ પૂર્ણ થવા પામ્યું જ નથી. એનો દાનવીર મૃત્યુ પામતાં કામ બંધ પડ્યું ન હોત તો એનો કેટલો વિસ્તાર થઇ શકત તે કહેવાતું નથી.

પણ દક્ષિણનાં જૈન ગુફામંદિરોની કલામાં સિતન્નવાસલ (સિદ્ધણવાસ) અથવા સિદ્ધનો વાસ તે સ્થાપત્યશોભા ઉપરાંત ચિત્રકલાની પ્રાચીન પરિપાટીના એક અનન્ય સ્થાન તરીકે જાણીતું થએલું છે. પુદુકોટાથી નવ માઈલને અંતરે આવેલા આ ગુફામંડપનો વિસ્તાર ૧૦૦ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. તેનો રચનાપ્રકાર ઇ. સ. બીજી સદીથી આરંભી ૧૦મી સદી સુધી પહોંચ્યો છે. ૧૦મી સદીમાં પલ્લવરાજા મહેન્દ્રવર્મા કલાનો મહાન આશ્રયદાત હતો. તેણે ત્યાં ચિત્રો કરાવ્યાં છે તેમાં સુશોભિત કમળસરોવરો તેમ જ અપ્સરાઓ અને કેટલાક જૈન પ્રસંગો છે. ચિત્રોમાં અજંતાના પાછલા સમયની સંપૂર્ણ અસર છે. ભીંતો પર ચિત્રો કરવાની એ પ્રથાનું સંરક્ષણ આજ સુધી જૈન સંપ્રદાયે જોકે નભાવ્યું છે; માત્ર તેની રુચિકક્ષા અને પરીક્ષણમાં ભ્રષ્ટતા આવેલી જણાય છે. ઈલુરનાં મંદિરોનાં ચિત્રોનો સંબંધ ગુજરાતની ૧૦મી–૧૧મી સદીની ચિત્રકલા સાથે સ્પષ્ટ થયો છે. તેનું સ્વરૂપ કલ્પસૂત્રોનાં ગ્રંથસ્થ ચિત્રોમાં ઊતરી આવ્યું છે.


દક્ષિણ ભારતની જૈન-પ્રભાવિત આ શિલ્પકલા બાદામી, ઐહોલ ઇલૂર કે સિતન્નવાસલથી સમાપ્ત થતી નથી. ઉત્તર ભારતમાં મળે નહિ એવું વિરાટ પ્રતિમાનિર્માણ પણ જૈન કલ્પનાએ દક્ષિણ ભારતને આપ્યું છે. એવી ત્રણ પ્રતિમાઓ શ્રમણબેલગુલ, કાર્કલ અને પન્નુરમાં છે.

શ્રમણબેલગુલની પ્રતિમા તો સુપ્રસિદ્ધ છે. કેવળીજ્ઞાન પ્રાપ્ત થયું છે એવા ગોમતેશ્વરની એ પ્રતિમા મૈસુર રાજ્યમાં ઈન્દ્રગિરિની ૪૦૦ ફૂટ ઊંચી ખડક ટેકરી પર છે. તપસ્વીની નિઃસંગતા દર્શાવતી ૫૮ ફૂટની એ નગ્ન પ્રતિમાની જરા પણ ક્ષોભરહિત બાલોચિત સરલતાભરી મુદ્રા દર્શાવવામાં શિલ્પકારને અપ્રતિમ સફળતા મળી છે. કાર્યસિદ્ધિનો બીજો ચમત્કાર તો ખડકના મથાળેથી ૫૮ ફૂટ સુધીનું વધારાનું ખડકદળ કાપી કાઢ્યું છેતેછે. પર્વતની ટોચનેજ ઉપરથી પ્રતિમારૂપે કોરી કાઢવાની આ યોજના ભારતીય શિલ્પીની અપૂર્વ મૌલિકતા છે. આવું મૂર્તિનિર્માણ મિસર વિના અન્ય સ્થળે નથી થયું.

કન્નડદેશમાં કારકલમાં આવેલી પ્રતિમાની ઊંચાઈ ૪૧ ફૂટ ૫ ઈંચ છે ને વજનમાં લગભગ ૮૦ ટન છે. આ પ્રતિમા ઈ.સ.૧૪૩૨ના વખતની છે. પન્નુર કે વેનુર ખાતેની પ્રતિમાની ઊંચાઈ ૩૫ ફૂટ છે. તે ઇ. સ. ૧૬૦૪માં બનેલી છે. ત્રણે દિગંબર જૈન સંપ્રદાયની છે અને ત્રણે ઊભેલી કાયોત્સર્ગ સ્વરૂપની નગ્ન છે.







↑આ જ અંકની આર્ટપ્લેટની પૂર્તિમાં આખુ પાનું ભરીને જેનું ઉમદા ચિત્ર આપ્યું છે તે, ચિતોડના રાણા કુંભાએ ઊભા કરેલા જયસ્તંભની જ સ્થાપત્યપ્રણાલિ અને આકૃતિવાળા શ્રી અલાટના આ જૈન સ્તંભની કારીગરી પણ એટલી જ ઉત્કૃષ્ટ છે. ←ઉપર : કુમારપાળના સમયની તાડપત્ર પર લખેલી એક જૈન પોથીમાં આપેલા કુમારપાળ તથા તેની રાણી દર્શાવતા આ ચિત્ર ઉપરથી તત્કાલિન વેષભૂષા, અલંકારો આદિનો ખયાલ મળે છે. જૈન ગ્રંથભંડારોમાં સચવાએલાં અસંખ્ય હસ્તલિખિત ગ્રંથો, વિજ્ઞપ્તિપત્રો ઈત્યાદિમાં આવી કૈંક અપરિચિત ચિત્રસામગ્રીઓ હજી યે સંઘરાએલી પડી છે.

દક્ષિણ ભારતને ઉત્તર ભારત સાથે સાંકળવામાં મહાકોસલની જૈન કલા-પરિપાટીનું મહત્ત્વ છે. રામગિરિની ટેકરી (જ્યાં મેઘદૂતનો યક્ષ વસ્યો હતો)ના ગુફાગૃહોમાં જૈન પ્રસંગો મળી આવ્યા છે. કલચૂરી રાજવંશના મતસહિષ્ણુ નરેશો શૈવ હોવા છતાં જૈનોને રક્ષણ અને આશ્રય આપતા.. એ રાજકુળને દક્ષિણના રાષ્ટ્રકૂટો સાથે સંબંધ હતો. તેમની સભામાં જૈન વિદ્વાનો રહેતા. પુષ્પદંત તેમનો રાજકવિ હતો.


બુદ્ધ અને મહાવીરનો જીવનકાલ એક જ સમયમાં વીત્યો હતો, છતાં બૌદ્ધ ધર્મ આરંભમાં ઘણાં વિશાળ રાજ્યોનો આશ્રય પામ્યો. પૂર્વ ભારતમાં પાટલીપુત્રનો તે રાજ્યધર્મ થયો ત્યારથી તેનું વિશ્વમાં બહુમાન થયું. પરંતુ તે સાથે શ્રીમહાવીર અને તેમના અનુયાયીઓએ પશ્ચિમ ભારતમાં જે પ્રસાર કર્યો તે ઘણો મૌન પણ વ્યાપક હતો.

જૈન સંપ્રદાય ખેતી અને યુદ્ધનાં ક્ષેત્રોથી અલિપ્ત રહેવાનો આગ્રહ સેવતો હતો, એટલે વેપાર અને વ્યવહારના ક્ષેત્રમાં સંકળાએલી પ્રજા-નો આદર પામ્યો. આથી ભારતમાં જ્યાં જ્યાં વેપાર અને વહીવટનાં મોટાં મથકો હતાં ત્યાં સ્તૂપો, ભિક્ષુગૃહો અને મંદિરોનું નિર્માણ થયું છે.

તક્ષશિલામાં, મથુરામાં, અવધમાં, મહાકોસલમાં એવાં જૈન સ્થાનો મળી આવ્યાંછે,જેની શિલ્પ-મુદ્રાઓ,ઉત્કીર્ણ લેખો,પ્રતિમાઓ, અલંકારો તત્કાલ પ્રજાની સંસ્કૃતિ અને શિલ્પવિદ્યાના અતિ ઉચ્ચ પ્ર-કારના નમૂનારૂપ છે. છતાં મૌર્યકાળથી ઈ. સ. ૧૦૮૦ સુધીની એક-સરખી અંકોડા પૂરતી આ અનેકવિધ શિલ્પસામગ્રી એકત્રિત થઈ બૌદ્ધ કે બ્રાહ્મણ સ્મારકો જેટલી પ્રસિદ્ધિ પામી નથી. પ્રાચીન તક્ષશિલામાં જે સ્તૂપ મળી આવ્યો તેના શિલ્પમાં બાકટ્રીયન, ઇરાની, બેબીલો-નિયન અસરોવાળી આકૃતિઓ જોવા મળે છે.

મથુરાનગરી જે સમયે સમૃદ્ધિપૂર્ણ હતી તે વખતે ત્યાં અનેક જૈન ધનાઢ્યો વસતા, તેમના દાનથી થએલાં મંદિરોની જે શિલ્પસામગ્રી કંકાલી ટેકરીમાંથી મળી આવી છે તેમાં જૈન પ્રતીકોથી ભરપૂર તક્ષણ-પ્રચુરતા અને પ્રતિમાઓ મથુરાના મ્યુઝિયમમાં છે તે તે કાલની કલાની ચરમ સીમા રજૂ કરે છે. અવધકોસલ અને ઉત્તરભારતના સ્તૂપો ઈ. પૂ. ૫૦ વર્ષ પહેલાંના ઠરે છે. જૈન શિલ્પાવશેષો ઉત્તર ભારતમાં બ્રાહ્મી-લિપિનો વિકાસ, વ્યાકરણ તથા પ્રાકૃત ભાષાઓનો ઉદય રાજકીય ને સામાજિક પરિસ્થિતિ અને ઇતિહાસ તથા જૈન-ધર્મના પૂજાકાંડ પર પ્રકાશ પાડે છે. તેના અલંકારો તેમજ વેશોની સુસ્પષ્ટ કોતરણી ભારતીય કલામાં ગ્રીક, ઈરાની, આસીરિયન તેમ જ બેબીલોનની અસરો કેટલી ઊતરી હતી તેનાં દૃષ્ટાંતો પૂરાં પાડે છે. ખાસ કરી પાંખોવાળા સિંહો, દરિયાઇ પ્રાણીઓ તેમજ વેલબુટ્ટીમાં ગ્રીક પ્રકારો ભારતના સંસ્કાર-વ્યવહારનાં ઉદાહરણો છે, છતાં વસ્તુ સંપૂર્ણ ભારતીય છે. બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન સર્વે કોઇ તત્કાલીન દેશવ્યાપી કલાસ્વરૂપોનો પોતાના સં-પ્રદાય માટે વિના સંકોચ ઉપયોગ કરતા. બધાનાં પ્રતીકો એક જ શિલ્પભંડારમાંથી મળી રહેતાં. વૃક્ષ,કઠેડા,ચક્રો,શણગારો બધે સરખાં હતાં. જૈન ધર્મના ઈ. પૂ.ના પુરાતન અને આજ સુધીના શિલ્પની પાકી સાક્ષી આપતા ભૂતકાળના મહત્ત્વના અંકોડા ત્યાં મળી રહે છે.

ઉત્તર ભારતનાં ગુપ્ત સમયનાં જૈનગિરિમંદિરો બહુ નાના કદનાં છે.




ગ્વાલિયરનું આ જૈન મંદિર ઈ. સ. ૧૦૯૩માં જ થયું છે છતાં તેનો ઘણો ભાગ નાશ પામ્યો હોઈ જે કંઈ અવશેષો રહ્યા છે તેના પરથી પણ તેની ભવ્યતાનો સારો ખયાલ આવે છે. નીચે: ગ્વાલિયરનું તૈલપ મંદિર (તેલી કા મંદિર) અને તેના પરનું શિલ્પ.

ગ્વાલિયરનું તૈલપમંદિર, સૌરાષ્ટ્રમાં ગોપ, કદવાર, કલસાર વગેરે સ્થળ એનાં સાક્ષીરૂપ છે. કાલાનુક્રમે આઠમા સૈકામાં ગર્ભમંદિર ઉપરનાં શિખરોમાં વિકાસ ને ઉઠાવદાર સ્વરૂપો થયાં, ને તેમાંથી ઓરિસ્સાનાં રથાકારનાં શિખરોનો પ્રારંભ થયો. દેવતાની પ્રતિમાના બહિરંગ જેવાં એ મંદિરો ગગનગામી સ્વરૂપે વધવા લાગ્યાં ને એ રીતે દક્ષિણમાં ગોપુરોથી મંદિરોનો વૈભવ વધ્યો. ભુવનેશ્વર અને પુરીનાં મંદિરો જેવાં એ શિખરોના ઘાટનો પ્રારંભિક પ્રકાર સૌરાષ્ટ્રના રાણકમંદિર અને ધૂમલીમાં એક દેવમંદિરમાં જણાય છે. કચ્છમાં કેરા, કોટાઈ વગેરે મંદિરો નવમા સૈકાના નમૂના છે. પણ પછીથી ગુજરાત, રાજસ્થાન અને બુંદેલખંડના શિલ્પીઓએ રંગમંડપ અને તેની જાળીઓને વિમાનસ્વરૂપ આપી જે ભવ્યતા ઊપજાવી છે તેની આગળ ઓરિસ્સાનાં મંદિરો તોતિંગ લાગે છે.






રાજસ્થાન અને ગુજરાતમાં દસમી સદીમાં જે રાજપૂત રાજ્યો થયાં, તેઓમાં દેવમંદિરો, રાજ્યમહેલો, જલાશયો, કિલ્લાઓ બાંધવાની એક અપૂર્વ હરીફાઇ લાગી હોય એમ દેખાય છે. મૂળરાજ સોલંકીએ ગુજરાતમાં રુદ્ર મહાલયનું બારમાળનું મંદિર શરૂ કર્યું તે વખતે સ્થાપત્યમાં ગુફામંદિરમા એ ભારેખમ સ્તંભો ને કોતરકામની પ્રણાલી જીવતી હશે. નવાં રાજ્યોની સ્થાપના સાથે શાંતિભર્યા ધંધા કરનારી જૈન પ્રજાએ નગરોની જાહોજલાલીમાં સારો ભાગ ભજવ્યો હશે ને ઉપયોગી સમાજ તરીકે પણ આદર પામ્યા હશે. સૂર્ય, શિવ કે વિષ્ણુના ઉપાસક રાજાઓથી તેમને કદી ઉપદ્રવ થયો જાણવામાં નથી. તેઓ વસ્તુસંચય કરવામાં અને દ્રવ્યસંચય કરવામાં પ્રવીણ હોઇ અનેક વાર રાજ્યકર્તાઓને આપત્તિ વખતે સહાયકારક બન્યા હતા, એ પણ વનરાજ ચાવડાના સમયથી સુવિદિત છે. ગુજરાતનાં નવાં પાટનગરો વસ્યાં ત્યારે તેમાં આગળ પડીને બાંધકામો કરનાર જૈન સમાજો હતા. તેમની વ્યાપારકુશળતા ને અર્થવ્યવસ્થાના અનુભવે તેમાંના કેટલાક ક્રમેક્રમે ગુજરાતના રાજપુરુષો, મુત્સદ્દીઓ અને ધનાઢ્ય વેપારીઓ થયા. અન્ય સંપ્રદાયોની ધાર્મિક સંસ્થાઓ ને મંદિરો રાજ્યાશ્રયથી સર્જાએલાં અને નભેલાં તે રાજ્યાશ્રય જતાં ખંડિત થયાં તથા ઉપેક્ષા પામ્યાં. તેમના નિર્વાહ કે મરામત માટે ખર્ચ કરનાર કોઈ રહ્યું નહિ, જ્યારે જૈનધર્મના શ્રીમંતો અને દાનવીરોએ દેવકાર્યમાં પોતાની સંપત્તિ



રાણકપુરના અજોડ અને વિશાળ જિનપ્રાસાદનું ગગનચુંબી શિખર (ફોટો : આર. આર. ભારદ્વાજ)

'આબુ પરનાં દેલવાડાનાં મંદિરોની પ્રશસ્તિ તેના શિલ્પવૈભવ માટે થાય છે, તેમ, મારવાડમાં રાણકપુર ખાતે ધરણાશાહે બંધાવેલા ચતુર્મુખ જિનપ્રાસાદનો સ્થાપત્યપ્રભાવ ભારતનાં ગણનાપાત્ર મંદિરોમાં તેને ઉચ્ચ પદ અપાવે છે. તેના ૪૨૦ સ્તંભોની રચના, તેનો પ્રમાણબદ્ધ સુમેળ, મંદિરને ઉન્નત સ્વરૂપ આપવાની યોજના, અને ખાસ તો, બે માળની ભવ્યતા વધારવા મેઘનાદ મંડપ નામનો તેનો પ્રકાર ભારતીય સ્થાપત્યરચનામાં સ્થપતિની બુદ્ધિનો યશોધ્વજ છે. પહેલાંના શિલ્પીઓએ રંગમંડપમાં અનેક સ્તંભો દ્વારા ઘુમ્મટ ટેકવીને ચારે દિશાનાં હવાપ્રકાશ ખેંચ્યાં, તે જ પ્રમાણે આ મેઘનાદ મંડપે ઉપરના માળના સ્તંભોમાંથી હવાપ્રકાશ ખેંચવા સાથે મંડપની ઊંચાઈ વધારી આપી.'

(જુઓ આ અંકમાં શ્રી રવિશંકર રાવળનો લેખ : ભારતીય કળામાં જૈન સંપૂર્તિ · આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)




ગ્યારાસપુર-ભીલસા-માં માલાદેવી મંદિરનું ભોંયતળિયું અને પરસાળ
ફોટો : આર્કીઑલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા
(આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)



ચિતોડગઢ ઉપર આવેલા જાણીતા કીર્તિસ્તંભની બાજુમાં જ અને લગભગ તેની જ શૈલી પર રચાએલો
ચિતોડનો જૈન સ્તંભ • ઈ. સ. ૧૧૦૦ લગભગ (ફોટો : આર્કીઑલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા)
(આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)




કુંભારિયાજીમાં મહાવીરસ્વામીના મંદિરની છતની તકતીઓનું શિલ્પવૈવિધ્ય (ફોટો : જગન્નાથ મહેતા)
આબુની તળેટીમાં ઉત્તર ગુજરાતમાં કુંભારિયાજી મુકામે આવેલા તેરમી સદીના જૈન મંદિરની કારીગરી, તેની પડોશના ને સમકાલીન દેલવાડાનાં મંદિરોના આરસ પથ્થરને પડછે રેતિયા પથ્થરની હોવા છતાં એટલી જ ઉત્કૃષ્ટ છે. એની શિલ્પખચિત સાત છતો પૈકી ચોથા નંબરની છત (આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)




ગુજરાતના વાઘેલા રાજવીઓના મંત્રીઓ વસ્તુપાળ તેજપાળે તેરમી સદીમાં બંધાવેલાં આબુ ઉપર દેલવાડાનાં મંદિરોમાં
'લૂણુ-વસહી' મંદિરનો રંગમંડપ (ફોટો: જગન્નાથ મહેતા)

આ મંદિરોની કલામાં ગુજરાતના શિલ્પીઓએ આઠમી સદીના ખજુરાહોનાં મંદિરો કરતાં જે વિશેષતા કરી છે તે તેના રંગમંડપની રચના છે. તે પહેલાંના રંગમંડપોની છત ચારે પાસની દીવાલો પર ટકાવવામાં આવતી અને તેની ઉપર મેરુ ઘાટનું શિખર થતું. મંડપને કદીકદી અંદરથી બે બાજુ જાળિયાં અથવા વિમાન ઘાટના ગવાક્ષો કે ઝરૂખા મૂકવામાં આવતા. પરંતુ ગુજરાતના શિલ્પીઓએ આઠ થાંભલાઓ ઉપર ગોળાકારે લાંબી શિલાઓ ગોઠવી, ઉપરથી અઢાંશ મારી, ધીરેધીરે નાનાં થતાં ગોળ વર્તુલોનો, ઉપર મળી જતો ઘુમ્મટ રચ્યો, અને તેમાં યે, જગતને અપાર આશ્ચર્ય કરાવતું નકશીદાર આરસનું ઝુમ્મર જેને 'મધુચ્છત્ર' કહે છે તે ગુજરાતના શિલ્પીઓનું નાવીન્ય છે. (જુઓ આ અંકમાં શ્રી રવિશંકર રાવળનો લેખ: 'ભારતીય કળામાં જૈન સંપૂર્તિ') (આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)







આબુનાં મંદિરોના શિલ્પની બારીક કારીગરી તથા મનોહર લાલિત્યની વાનગીરૂપ
દેલવાડાના લૂણવસહી મંદિરના સ્તંભો પરના ગણધરો
(ફોટો : જગન્નાથ મહેતા · આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)




શત્રંજયનાં જૈન મંદિરો (ફોટો: આર. આર. ભારદ્વાજ)

સૌરાષ્ટ્રમાં પાલીતાણા પાસે હજારેક ફૂટ ઊંચી શત્રુંજયની ટેકરી ઉપર જૈનોએ મંદિરોની જાણે નગરી કરીને જે અજબ દૃશ્ય રચ્યું છે તેનો ભારતનાં ગિરિમંદિરોમાં જોટો નથી. પરંતુ વિદેશી હુમલાઓથી ખંડિત થએલાંનો જે જીર્ણોદ્ધાર થયો તેમાં અગાઉના જેવી શુદ્ધિ રહી નથી.

(આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)



ભારતીય સ્થાપત્યપરંપરામાં ગુજરાત ખાતે છેલ્લામાં છેલ્લું સર્જન: હજી ગઈ જ—ઓગણીસમી સદીમાં બંધાએલા અમદાવાદના હઠીસિંગના મંદિરનું પ્રવેશદ્વાર (ફોટો: જૉન્સ્ટન અને હૉફમન)
આ વિશાળ જૈનમંદિર અમદાવાદના શેઠ હઠીસિંહે ઇ. ૧૮૪૮માં દસ લાખ રૂપિયાના ખર્ચે બંધાવેલું. એની કારીગરી અને સ્થાપત્ય-રચના આબુનાં મંદિરોને લગભગ મળતી છે. બહારના ભાગમાં સુંદર પૂતળીઓ કોરેલી છે. પ્રેમચંદ સલાટે કરેલું એ મંદિર ૧૯મી સદી સુધી ગુજરાતના સલાટો કેવું કામ કરી શકતા તેની સાક્ષી પૂરે છે.
(આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથના સૌજન્યથી)



ઉત્તર ગુજરાતમાં કુંભારિયાના નેમિનાથના મંદિરનું શિલ્પ. રાજકુમારી સુદર્શના અને શ્યામલી–વિહાર તીર્થની વાતના આ શિલ્પાલેખનમાં સરોવર, નદી, વહાણો તથા શિકારના દૃશ્યની સુંદર સંયોજના છે. નીચે : તિરૂપરૂતી-કુંડરમના ૧૪મી સદીના જૈન મંદિરની છત પરનું ચિત્રાલેખન


આપી ચિરકાળનો યશ પ્રાપ્ત કર્યો છે.


૧૧મી સદીના પરદેશી હુમલાથી ઉત્તર ભારત પાદાક્રાન્ત થઇ ગયો. રાજ્યકુળો જડમૂળથી ઊખડી ગયાં અને પ્રજાના મોટા સમુદાયો દક્ષિણ તરફ ભાગી છૂટ્યા. પરદેશી સૈન્યોએ દેવમંદિરો, પ્રતિમાઓ ને ગ્રંથોનો સર્વનાશ કર્યો. પણ ગઝનીનાં ધાડાં પાછાં વળ્યાં કે તુરત જ આબુ, શત્રુંજય ને ગિરનાર ઉપર શિલ્પીઓનાં ટાંકણાંનાં તાલ પડવા લાગ્યા અને જૈનધર્મના દેવમંદિરો પહેલાંની જેમ આરતીપૂજાથી ગાજી રહ્યાં. જૈન સંપદાયનું એક વિશેષ સુજ્ઞ કાય એ છે કે ખંડિત થએલ મંદિર કે પ્રતિમાની પુનઃપ્રતિષ્ઠા કરી તેને ઉપયોગમાં લઈ શકાય છે. આથી પૂર્વજોએ કરેલાં કીર્તિકાર્યો સચવાઇ રહે છે અને પ્રજાના કલાસંસ્કારને પૂર્તિ આપે છે. આ રીતે શત્રુંજય, આબુ, ગિરનાર, રાણકપુર વગેરે જૈન પ્રજાના જ નહિ પણ સકલ ભારતવર્ષના કીર્તિધ્વજમાં મોજૂદ છે.

આબુનું સૌથી જૂનું મંદિર સં. ૧૦૮૮માં ભોળા ભીમદેવના મહામંત્રી વિમળશાહે બંધાવ્યું હતું અને બીજાં મંદિરો ઈ. સ. ૧૨૩૦ના અરસામાં વાઘેલાના મંત્રીઓ વસ્તુપાળ તથા તેજપાળે બંધાવ્યાં. આ મદિરોનું બાંધકામ ધોળા આરસથી કરેલું છે.

આ મંદિરોની કલામાં ગુજરાતના શિલ્પીઓએ આઠમી સદીનાં ખજુરાહોનાં મંદિરો કરતાં જે વિશેષતા કરી છે તે તેના રંગમંડપની રચના છે. તે પહેલાંના રંગમંડપોની છત ચારેપાસની દીવાલો પર ટકાવવામાં આવતી અને તેની ઉપર નાનું મેરુ ઘાટનું શિખર થતું. મંડપને કદી કદી અંદરથી બે બાજુ જાળિયાં અથવા વિમાનઘાટના ગવાક્ષો કે ઝરૂખા મૂકવામાં આવતા. પરતુ ગુજરાતના શિલ્પીઓએ આઠ થાંભલા પર ગોળાકારે લાંબી શિલાઓ ગોઠવી ઉપરથી અઠાંસ મારી ધીરેધીરે નાનાં થતાં ગોળ વર્તુલોનો ઉપર મળી જતો ઘુમ્મટ રચ્યો. તેમાં ય જગતને અપાર આશ્ચય કરાવતું નકશીદાર આરસનું ઝુમ્મર જેને 'મધુચ્છત્ર' કહે છે તે ગુજરાતના શિલ્પીઓનું નાવીન્ય છે. મંદિરની રચનામાં દ્વારમંડપ, શૃંગારચોકી, નયચોકી, ગૂઢમંડપ, ગર્ભગૃહ, તોરણ શિખર, મંગળ ચૈત્ય વગેરે વિભાગોવાળો શિલ્પવિસ્તાર છે.

રંગમંડપના સ્તંભો પર વિવિધ વાદ્યો સહિત ઊભી રાખેલી અપ્સરાઓ, વિદ્યાધરીઓ, નર્તિકાઓ, સ્તંભો પર સંમોસરણ તથા ભીંતો ને છતો પર કોરેલા ઋષભદેવના જીવનપ્રસંગો, નાગપબંધ, તથા અનેક શરીર છતાં એક મસ્તકવાળું માનવપ્રબંધ એ બધું શિલ્પકલાનો વ્યાપક સમાદર બતાવે છે.





ભારતીય સ્થાપત્ય પરંપરામાં ગુજરાત ખાતેનું છેલ્લું સર્જન–હઠીસિંગનાં દહેરાં (૧૯મી સદી)

જૈન સંપ્રદાયમાં જાણે એ કાળે એવી માન્યતા હશે કે મંદિરમાં કોઇ ઠેકાણે સપાટ પ્રદેશ, ભીંત કે છતમાં, ખાલી રખાય નહિ. એનાં દૃષ્ટાંત તરીકે દેરાણી-જેઠાણીનો ગોખ બતાવવામાં આવે છે. કિંવદન્તી પ્રમાણે કારીગરોને આગળ કામ કરી શકે માટે તેણે કોતરણી કરતાં પડેલા કસ્તરની ભારોભાર રૂપું કે નાણું મળતું, એનું રહસ્ય એટલું જ કે કલાકારીગીરી માટે દેવમંદિરમાં દ્રવ્યનો સંકોચ લેશભાર નહોતો, સામાન્ય જનને તો એ દેવસૃષ્ટિમાં ગયાનો આનંદ થાય અને સંસ્કારીને કલાની સમાધિ લાગે એવાં એ કાર્યો નિઃશંક બન્યાં છે.

આબુની પ્રશસ્તિ તેના શિલ્પવૈભવ માટે થાય છે, તો મારવાડના રાણકપુરના મંદિરમાં ૪૨૦ સ્તંભોની રચના, સુમેળ અને મંદિરનો સ્થાપત્યપ્રભાવ ભારતનાં ગણનાપાત્ર સ્થાનોમાં તેને પદ અપાવે છે. મંદિરને ઉન્નત સ્વરૂપ આપવાની યોજના, ભેમાળથી ભવ્યતા વધારવા મેઘનાદ મંડપ નામનો પ્રકાર ભારતીય સ્થાપત્યરચનામાં સ્થપતિની બુદ્ધિનો યશોધ્વજ છે. આગળના શિલ્પીઓએ રંગમંડપમાં અનેક સ્તંભો દ્વારા ચારેકોરથી હવાપ્રકાશ ખેંચ્યાં, મેઘનાદ મંડપે ઉપરના માળના સ્તંભોમાંથી હવાપ્રકાશ સાથે મંડપની ઊંચાઈ વધારી આપી.

પવિત્ર, સ્વચ્છ અને જનસંપર્કથી અલગ વાતાવરણ મેળવવા માટે ગિરિનિવાસનું માહાત્મ્ય ભારતમાં પુરાણપરિચિત છે. પણ તેનો શ્રેષ્ઠપણે ઉપયોગ કરવામાં જૈન સંપ્રદાયે શત્રુંજયનાં શિખર ઉપર મંદિરોની જ આખી નગરી ઊભી કરીને તો અવધિ કરી બતાવી છે. સૌરાષ્ટ્રમાં પાલીતાણા આગળ ભાગ્યે જ ૧૦૦૦ ફૂટ ઊંચી એ ટેકરી ઉપર માનવીની સાધનાએ જે અજબ દૃશ્ય રચ્યું છે તેનો જોટો ક્યાં યે નથી. આ મંદિરોનો ખરેખરો રચનાકાળ નિશ્ચિત નથી. કોઈ તો જરૂર ૧૧મા સૈકાનું હશે પરંતુ ૧૪મા–૧૫મા સૈકામાં વિદેશી હુમલાઓથી ખંડિત થએલાં તેનો જીર્ણોદ્ધાર કરતાં પહેલાંના જેવી શુદ્ધિ રહી નથી. ઘણે ઠેકાણે મરામતને કારણે પ્લાસ્ટરના લપેડા નીચે ઘણું અદૃશ્ય થયું છે. પણ આ મંદિરોમાં ૧૪મા થી ૧૮મા સૈકા સુધીના અનેક પ્રકારના સ્થાપત્ય નિર્માણના નમૂનાઓ મળી આવે છે. પાછળના કાળમાં પ્રતિમાઓ અને ચિત્રોનું રૂપકામ તથા નકશીના ઉઠાવ નબળાં જણાય છે.

ગિરનાર ને તારંગાનાં મંદિરોની ભૂતળરચના વિચક્ષણ છતાં બુદ્ધિયુક્ત છે. પણ ઉપરના સમુદ્ધારકાર્યમાં અજ્ઞાત શિલ્પીઓએ તેમના પૂર્વજોની કીર્તિ પર અસ્તર માર્યાં છે. બનાસકાંઠામાં ને કચ્છમાં જે જિનમંદિરો છે તેનું અસલ સ્વરૂપ તો ક્યાં ય રહ્યું પણ જીર્ણોદ્ધારને નામે તે આરસ ને ટાઈલ્સની વખારો અથવાં કાચના ઠઠેરા બની ગયા છે. મુંદ્રા આગળનું ભદ્રેશ્વરનું પ્રાચીન પ્રસિદ્ધ મંદિર જગડુશાહે બંધાવેલું તેની સર્વ ભીંતો ચૂનાના અસ્તરથી સંન્યાસીના મુંડાની જેમ વીતરાગ બની ગઈ છે, અને


દ્વારની કમાનો પર રમકડાં જેવી મડમો અને અંગ્રેજી પૂતળાંના બેહૂદા ઢગલા છે, આ આરોપની સામે ધન્યાસ્પદ અપવાદ રૂપે રાણકપુર અને આબુનું જીર્ણોદ્ધારનું કામ ગણી શકાય. એનું ઉદાહરણ સર્વત્ર સ્વીકાર પામે તો જ આગલાં પાપોનું પ્રાયશ્ચિત થાય.

મંદિરોના દાનવીરો અને શિલ્પીઓ જ્યાં સુધી સંસ્કાર અને વિદ્યાના ઉપાસકો હતા ત્યાં સુધી જૈન સંપ્રદાયે કરાવેલાં મંદિરો પ્રતિમા ને અલંકારો અને દીપસ્તંભો, ધાતુપ્રતિમાઓ, દીવીઓ વગેરેમાં એક રમ્ય ઝલક સચવાતી રહી હતી; પણ ૧૯મી સદી પછી બ્રિટિશ વર્ચસ્વ વધતાં એ સંસ્કારો લુપ્ત થયા અને આજે ઉપર કહ્યા તેવા હાલ ઘણે ઠેકાણે થયા છે.

મરામત ને રંગકામ પાછળ તમામ મંદિરોના કુલ ખર્ચે વર્ષે એંશી–પંચાશી લાખ રૂપિયા થવા જાય છે એમ એક સંભાવિત વ્યક્તિએ કહ્યું હતું. તેમ હોય તો જૈન કોમ આ કાર્ય માટે પૂર્ણ અભ્યાસી શાસ્ત્રજ્ઞ કુશળ કલાકાર ને નિરીક્ષકો નીમીને ફરી પૂજ્ય સ્થાનોની પ્રતિષ્ઠાનું રક્ષણ કરી શકે છે.

રંગ અને ચિત્રની હકીકત પર આવતાં મંદિરોમાં થતું ચિત્રકામ અને રંગકામ આજકાલના સુસંસ્કારી જનની રુચિને સંતોષે એવું થતું નથી. કારણ કે તેમાં કોઇ પ્રકારે જૈન કલાની પ્રાચીન શિષ્ટતા કે પરિપાટીનો સંભાસ કે અસર નથી. આધુનિક બજારુ રમકડાં જેવા રંગરાગ, અને ભેંકારાં સંગીતમાંથી કોમની પ્રજાને કયા સંસ્કાર અને સદ્‌ગુણોની પ્રાપ્તિ થશે એ માનસશાસ્ત્રનો પ્રશ્ન બને છે. પણ ગુજરાતને ગૌરવ લેવા જેવી હકીકત એ છે કે ભારતવર્ષમાં અજંતા પછી ૧૧મી સદીથી અપભ્રંશ થએલી કલાનું એક મોટું આશ્રયસ્થાન ગુજરાત ને મારવાડ હતું. મોટે ભાગે ૧૩મીથી ૧૯મી સદીનાં કલ્પસૂત્રો ને કાલક-કથાના હસ્તગ્રંથોમાં જ એ કલાના અવશેષો રક્ષાએલા મળ્યા હતા, ને તેથી જ વિદ્વાનો ભારતીય કલાના ઇતિહાસની ખૂટતી કડીઓ મેળવી શક્યા છે. એ કલા છેક રાજસ્થાન, નેપાળ, બંગાળ ને દક્ષિણ સુધી વિસ્તરી હતી, પણ મોટું સરોવર સુકાઇ જતાં છેવટનું જળ જેમ એક મોટા ખાડામાં સચવાઇ રહે તેમ ગુજરાતના ધનાઢ્ય જૈન સમાજે એને ગ્રંથભંડારોમાં સાચવી રાખી તથા ધર્મસંબંધથી પ્લુત એ પ્રકારની પરંપરા અને રૂઢિનું રક્ષણ કર્યું હતું. હવે તે કલાકારો—વિદ્વાનોના અભ્યાસમાં એક અગત્યનું પ્રકરણ બની છે.

કાષ્ઠશિલ્પના ઉત્તમોત્તમ નમૂના પાટણનાં ગૃહમંદિરો કે ઘરદહેરાસરો છે. આ અપૂર્વ શિલ્પકૃતિઓની નિકાસ કે વેપાર પર અટકાયત મુકાવી જોઇએ. મંદિરોના નાના નમૂનાઓ કાષ્ઠશિલ્પીઓએ જૂનાં મંદિરોની છતોમાં કાષ્ઠપૂતળીઓ, નકશીઓ, પ્રસંગો અને નકશીદાર સ્તંભો કોતર્યાં છે. એ આરસના તક્ષણની સ્પર્ધા કરે છે.



બુંદેલખંડમાં સોનગઢ મુકામે આધુનિક બાંધણીનાં જૈન મંદિરો

પાટણ ને અમદાવાદમાંથી કલાશિલ્પની અનેક અપ્રાપ્ય વસ્તુઓ પરદેશના સંગ્રહાલયોમાં પહોંચી ગઇ છે. એ માટે હવે સૌ જૈન કલાપ્રેમીઓને ખેદ થવો જોઇએ અને હવે પછીથી એવી વસ્તુઓ મેળવવા ઉદાર દાનફંડમાંથી તેની ખરીદી કરી સંગ્રહ રચવો જોઈએ, જેથી પ્રજા જૈન કલા માટે સુયોગ્યરીતે ગૌરવ લઇ શકે. ઉપરાંત કુશળ અને કલાવિદ્ વિદ્વાનો પાસે એ વસ્તુઓની પરીક્ષા, કદર ને નોંધ કરાવી ઉત્તમ ચિત્રો સાથે તેના ગ્રંથો પ્રજા સમક્ષ મૂકવાથી જૈનકલાની સંપૂર્તિમાં યશકલગી ઉમેરાશે.

નાનાં કે મોટાં, ભણેલાં કે અભણ, સુધરેલાં કે પછાત સૌને એકસરખાં આકર્ષતી

કૌશલ-કળા

લેખક: 'પુ શુ તાન'

જગતમાં ભાગ્યે જ એવો કોઈ માણસ હશે જે જાદુના નામથી ઓળખાતી અનન્ય કૌશલ-કળાથી મુગ્ધ થયો ન હોય. જનસામાન્યને અસર કરી જનારી આ એક વિરલ કળા છે. એને જ્ઞાતિ, જાતિ, દેશ, વેશ, વય કે ભાષા વિક્ષેપ કરી નથી શકતાં. આ કળા અને માત્ર અંગ્રેજી ભાષા જાણનારો વિશ્વની પરિક્રમા સરળતાથી કરી આવી શકે છે.

આ કળાની ખૂબી તો એ છે કે દરેક જોનારને એ શીખવાની તત્ક્ષણ ઇચ્છા થાય. અને એ શીખવી પણ એટલી જ સરળ છે. એના માટે કોઈ વિશિષ્ટ કુદરતી બક્ષિસની આવશ્યકતા નથી. માત્ર ધીરજ અને ખંતથી અસાધારણ મહાવરા કરીકરીને ખેલને સિદ્ધ કરવો પડે છે. એના ઉપર સ્વામિત્વ મેળવવું એ જ એના સર્વ રહસ્યોની ચાવી છે.

સામાન્યરીતે આ કળામાં પ્રથમ કયા ખેલો શીખવા અને પછી કયા એવો કોઇ નિશ્ચિત નિયમ નથી. પોતપોતાના સંજોગો, વાતાવરણ અને ફાવટ અનુસાર જે સરળતાથી ગ્રાહ્ય હોય તે ખેલ હસ્તગત કરી લેવો; એના અણિશુદ્ધ સાધનો બનાવી લેવાં અને પછી એકાંતમાં અરીસા સામે ખેલને ફરી ફરી ભજવીને સિદ્ધ કરવો. ખેલ સાથેનું વક્તૃત્વ અને અભિનય કેળવવાં અને પોષાક પણ નિશ્ચિત કરી લેવો. પશ્ચિમમાં તો કાળા રંગનો અમુક જ પ્રકારનો પોષાક પહેરવાની પ્રણાલી છે અને એના અનેક ફાયદાઓ હોવા છતાં પણ હું મનગમતા અને બંધબેસતા રંગીન રમતા ઝુલતા કલામય પોષાકનો તરફદાર છું.

પોષાક, અભિનય, વક્તૃત્વ ને સાધનો સાથે કલાકારે ઓતપ્રોત થઇ જવું જોઇએ. એ બધું સહજ થઇ જાય પછી જ ખેલની જાહેરમાં રજૂઆત કરવી. એક ને એક પ્રેક્ષકો સમક્ષ કોઇ પણ ખેલ ફરી ન બતાવવો. અને ખેલનું રહસ્ય કદી કહેવું નહિ. પ્રેક્ષકોને વિચાર કરતા મૂકી દેવા. અને બની શકે તો તરત બીજો ખેલ રજૂ કરીને એ તક પણ ન આપવી. પ્રેક્ષકોનું ધ્યાન ખેલમાં પણ જરૂર પડે ત્યારે ત્યાંથી ખસેડવાનું, ચૂકવવાનું કે બીજે કેન્દ્રિત કરવાનું અનુભવથી શીખતા જવાય છે. ખેલ કરનાર અને એના મદદનીશોની દૃષ્ટિ આમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. તેઓ જ્યાં જોતા હોય ત્યાં તમાશબીનો પણ મીટ માંડે છે. માટે ન જોવાય એવું ઇચ્છતા હોઇએ એ તરફ નજર સરખી કરવી નહિ. અને ખેલ પણ દિવસ આથમ્યા પછી જ કરવાનો આગ્રહ રાખવો.

આ કળાના કેટલાક પ્રકારના ખેલો એનાં રહસ્યોનું આવરણ દૂર કરીને ચિત્રો સાથે ટૂંકી સાદી સમજણમાં નીચે આપ્યા છે.


૧. માણસના શરીરના બે ટુકડા કરવા

જાદુકલાના રંગમંચ પરનાં અનેક માયાવી દશ્યોમાંનો એક આ ખેલ જાદુના કલાકારો માટે તો હવે બહુ જૂનો થઇ ગયો છે, છતાં હજી યે એ એટલો જ લોકપ્રિય રહ્યો હોવાનું કહી શકાય. છટાભરી રજૂઆત અને તેજસ્વી દેખાડ-કૌશલ પર તેની સફળતાનો ઘણો આધાર રહેલો છે. ખેલની શરૂઆતમાં એકાદ બાળા એક મોટી પેટીમાં પ્રવેશે છે. પ્રેક્ષકોને એ પેટીની બહાર તેના હાથ, પગ અને માથું દેખાય છે. જાદુગર હવે એ બાળાને પેટીની સાથે સાથે વહેરી




નાખે છે અને પડેલા કાપ આડે બે તકતીઓ મૂકી પેટીના કપાએલા બંને અડધિયાં દૂર ખસેડી દે છે. પ્રેક્ષકોને ખરેખર લાગે છે કે બાળા પણ વહેરાઇ ગઇ અને પેટીના બંને અડધિયાંમાં તેનો પણ એકએક ટુકડો છે.

હવે નીચેની આકૃતિઓ જુઓ. પેટીની આડશે બાળા કઈ રીતે ગોઠવાએલી હોય છે અને વહેરાયા પછી કઇ સ્થિતિએ હોય છે તે અનુક્રમે अ અને ब આકૃતિમાં જોવા મળશે.




ઉપરનો ખેલ બીજી રીતે પણ ઘણા કરે છે. તેની સ્પષ્ટતા નીચેની આકૃતિઓ જોતાં થશે. એમાં એકને બદલે બે બાળાનો ઉપયોગ કર્યો છે. પહેલી બાળા જ્યારે પેટીમાં પ્રવેશે ત્યારે બાજઠમાં અગાઉથી જ તૈયાર રહેલી બાળા પોતાના પગ બહાર કાઢે છે. બહારથી જોતાં પ્રેક્ષકોને તો એ પહેલી બાળાના જ પગ લાગે. બાળાની લંબાઇ અને પેટીની લંબાઈ સરખાવી જોનાર કોઇ ચાલાક પ્રેક્ષક પણ ગોથું ખાઈ જાય ખરો.



૨. સ્વયં ઊંચકાતો દેહ

ખેલની શરૂઆતમાં જાદુગરનો એકાદ શાગિર્દ મોટા ટેબલ પર સૂતેલો દેખાય છે. તેના પર ચાદર ઓઢાડી હોય છે. ખેલ કરતી વખતે મંત્રોચ્ચાર કરતો અને અટપટા અભિનયો કરતો જાદુગર તેના શરીર સામે હાથના ચાળા કરતો કરતો આખરે એ 'જીવતી લાશ'ને હવામાં અદ્ધર થવા ફરમાવે છે. અને ખરેખર એ દેહ ઊંચકાતો જ નહિ આગળ પાછળ ખસતો પણ જોવા મળે છે. હવે નીચે તેનું રહસ્ય જુઓ. ટેબલ



પર સૂતેલી એ 'લાશ'ના પગ અને માથું ઓઢેલી ચાદરમાં એ બહાર દેખાય છે, એ જ આ ખેલને રહસ્યમય બનાવવા માટે પૂરતાં છે, અને એમાં જ ચાલાકી છે. સૂતેલો લાગતો માણસ ખરી રીતે આકૃતિ ૩ પ્રમાણેની સ્થિતિમાં હોય છે. તેના બહાર દેખાતા પગ ખરી રીતે તેના શરીરના માપની જ લાકડીઓને છેડે બાંધી રાખેલા જોડા જ હોય છે. હુકમ થતાં માણસ થોડો ઊંચો થાય છે. પાછો કે આગળ ખસે છે, ને મોટી વિશાળ ચાદરમાં એનું રહસ્ય ઢંકાએલું જ રહી જાય છે.

[હવેથી 'કુમાર'માં આવા પ્રયોગો નિયમિત આપવાની યોજના છે.]



પાનાંની રમત

'કુમાર' અંક ૪૦૮માંના કોયડાનો ઉકેલ

લેખક
સાધુરામ દવે

ગયા ડિસેમ્બર '૫૭ના 'કુમાર'ના અંકમાં આપેલા પાનાંના કોયડાનો ઉકેલ નીચે મુજબ છે. જે પાનાંની બાજુમાં લીટી (-) કરેલી છે તે હાથની ત્યાંથી ઉતર શરૂ થાય છે ને જેની બાજુમાં ફુદડી (*) કરેલી છે તેનો તે ઉતરમાં હાથ થએલો છે એમ સમજવાનું છે. ઘડિયાળના આંકડાનો ક્રમ જ રમતમાં લેવાનો છે એ સ્પષ્ટ વસ્તુ હમેશ માટે સૌ ખયાલમાં રાખે. આ રીતે તેરેતેર હાથ ઉત્તર દક્ષિણવાળા કરી જાય છે.

દક્ષિણ	પશ્ચિમ	ઉત્તર.	પૂર્વ
♣ 2*	♣ J	♣ R*	♣ 10
♦ 2*	♣ 4	♣ 3-	♣ K
♥ 2-	♥ A	♥ 5*	♥ 3
♠ 3	♥ A	♣ 9-*	♣ 8
♠ 4	♠ J	♣ 7-*	♠ A
♠ 6	♠ 10	♣ 6-*	♠ K
♠ 9	♠ 7	♣ 5-*	♠ Q
♥ 6	♥ Q	♠ 8-*	♥ K
♥ 10	♥ 7	♠ 5-*	♥ J
♦ 8*	♦ 6	♣ 4-	♦ 7
♠ 8-	♦ 4	♦ 5*	♦ 3
♦ A*	♦ Q	♠ 2-	♦ K
♥ 9-	♦ 10	♦ J*	♦ 9

આ ઉકેલ સિવાય, નાના ફેરફાર સાથે બીજી રીતે પણ ઉકેલ થઈ શકે. કાળીને બદલે લાલનાં પાનાંની ફિશ છોડી દેવાય. છેવટનો હાથ ♦ J ને બદલે, બીજી રીતે રમવાથી ♦ 5 યા ♦ 8નો હાથ પણ લઈ શકાય. આમ, સહેજ ફેરફાર સાથે અનેક રીતે બાવનિયો આપી શકાય. પત્તાં જોતાંની સાથે જ ખબર પડી જશે કે ૧૩ હાથ કરવા માટે કુલ્લીના પત્તાંનો પૂરો ઉપયોગ કરીને, સરનાં પાનાં બંને ભિલ્લુઓએ એવી રીતે રમવાં પડશે કે ઇટક રીતે સરના વધુમાં વધુ હાથ તેઓ મેળવી શકે. એ કલ્પના કરીને જ, પાનાંની ચાળવણી કરવાની રહી. વધુમાં તમે એ પણ જોઈ શકશો કે પૂર્વ-પશ્ચિમવાળા જો ૧૨ હાથ, સીધી રમતની રીતે ♦ના જ સરમાં કરી શકે તો આપણે અહીં ઉત્તર દક્ષિણે એ ૧૨ હાથ કરવા પત્તાંની ચાળવણીની જરૂર છે. ફક્ત એક જ હાથ એવો થશે કે જેમાં પત્તાંની ચાળવણીની જરૂર નથી; પણ ફરજીઆત એ હાથ આપણો થશે. દાખલા તરીકે અહીં ૧૩મો હાથ ઉત્તરના ♦ Jનો થશે જ. જ્યારે ૧૨મા હાથમાં ♦ A નો હાથ તો દક્ષિણનો છે જ, પરંતુ તેમાં આપણે પત્તાંની ચાળવણી કરવી જ પડેલી, કારણ કે પશ્ચિમની ♦ Q અને પૂર્વના ♦ K ને એમાં આપણે પધરાવી દીધેલ.

કોયડો આમ તો ખાસ અઘરો ન ગણાય; પરંતુ મારા ખૂબ જ સંતોષ અને આનંદની વાત છે કે આજ તા. ૨૬-૧૨-'૫૭ સુધીમાં ૧૬૫ ઉકેલ મને પહોંચ્યા છે. માટે ઉત્સાહની પણ વાત છે કે ઘણા ભાઈઓએ આ પાનાંની રમતોની લેખમાળા માટે અભિનંદન દર્શાવીને મને તેમાં આગળ લખવા પ્રેરિત કર્યો છે. આ શુભેચ્છાઓ બદલ તે સવ ભાઈઓનો આભાર માનવાની આ તક લઉં છું. ખૂબ જ વ્યવસાયી માણસોએ પણ આમાં રસપૂર્વક ભાગ લીધો છે, અને આમ, આ પત્તાંની રમતો, સર્વને નિર્દોષ આનંદ આપશે એમ માનું છું.

આ કોયડાનો સર્વ પ્રથમ ઉકેલ મને તા. ૧૮-૧૨-'૫૭ના રોજની ટપાલમાં મળ્યો છે. તે દિવસે સાંજે આ એક જ ટપાલ હતી. આથી મોકલનાર બહેન કમળાબહેન સોનાવાળા(નવસારી)ને 'કુમાર' એક વર્ષ માટે મોકલાશે. ત્યાર બાદ રોજ ૨૦-૨૫ ટપાલ મળતી જ રહી. અલબત્ત, ગામડાંમાં રહેનારને, ટપાલ વહેલીમોડી મળવાને લીધે કોઈ ભાઈ-બહેનને અંક કદાચ મોડો પણ મળ્યો હશે. એટલે આમાં દરેક ઉકેલ મોકલનારને ધન્યવાદ ને અભિનંદન. ભવિષ્યની કોઈ હરીફાઈમાં, પ્રથમ નંબર શોધવાની બીજી કોઈ પ્રથા ગોઠવીશું. રમત વસ્તુ મુખ્ય છે, નહિ કે તેનું પરિણામ. ઘણા પત્રોમાં પણ એ જ નિર્દેશ છે કે તેઓને આવા કોયડાઓમાં ખૂબ જ રસ છે, ભલે તેમનો ઉકેલ પહેલો ન હોય. અવારનવાર આવા કોયડાઓ રજૂ કરવાની ઇચ્છા પણ છે અને બ્રિજનું લખાણ શરૂ થયા બાદ, એની મઝા તમને સર્વને આવશે જ એની મને ખાતરી છે. આવી આ પહેલી હરીફાઈ હોઈ,(આજ તા. ૨૬/૧૨ સુધીમાં) ઉકેલ મોકલનાર ભાઈ-બહેનોનાં નામ નીચે છાપ્યાં છે:

વી. જી. પટેલ, કનૈયાલાલ ઠાકર, ભાણજી સાગોઇ, રમેશ શાહ, અમૃતલાલ દોશી, રજની વોરા, ભાસ્કર શાહ, સી. જરીવાળા, દિલીપ મહેતા, ડી. કે. દેસાઈ, હરીશ ગાંધી, કિશોરલાલ મગનલાલ, હર્ષદ મહેતા, એસ. એમ. શાહ, ભોગીલાલ શાહ, નારાયણદાસ દોશી, નિરંજન મહેતા, ટી. હિંમત, જે. એન. શાહ, અમૃતલાલ મિસ્ત્રી, સી. એસ. સાંજોઇ, શારદા શાહ, બી. એન. અધ્વર્યુ, જી. કે. શાહ, આર. એલ. દેસાઈ, કૃષ્ણદાસ ગિરધરદાસ, અનિલ ભાટિયા, વાડીલાલ વોરા, અનિલકુમાર ઝવેરી, હસમુખ પરીખ, એન. હસમુખ, સુરેશ કદાણી, પ્રવીણચન્દ્ર ઝવેરી, પુરૂષોત્તમદાસ મહેતા, અશોક નંદલાલ, નૌતમ શાહ, રમણ શેઠ, ચુનીલાલ જંસા, ડૉ. મોહનલાલ જોશી, ચિમનલાલ શાહ, ડી. એમ. મહેતા, બી. ડી. સાંગોઈ, ચંપકલાલ મહેતા, ડૉ. વ્યાસ, જસવંતલાલ શાહ, હર્ષા મોદી, હિંમત સી. મહેતા, હીરાલાલ લીલાધર, રમણિક ઘેલાણી, કે. સી. ત્રિવેદી, બી. કે. મહેતા, વસંતકુમાર ઠક્કર, આર. કે. દવે, અમરચંદ મોતીચંદ, હરેન્દ્રકુમાર વકીલ, કીરણ અંતાણી, જે. એમ. ઝવેરી, ડી. કે. ઠાકર, ભાનુશાળી સી. ડી., સી. આર. શાહ અને શ્રી ઝાલા (મુંબઇ). એસ. સી. પટેલ, વી. એમ. પટેલ, પી. ડી. ભટ્ટ, મહેન્દ્ર શ્રોફ, આર. એન. પટલ, અનિલકુમાર દેસાઇ, એચ. સી. બ્રોકર, નટવરલાલ શાહ, જી. જોષી, જે. એસ. સંગીર, એલ. એચ. ત્રિવેદી, આનંદી શાહ, કાન્તિલાલ દેસાઈ, પી. ચાવના, હરિવદન શાહ, પ્રકાશ શેઠ, નવનીતલાલ કેશવલાલ, સૂર્યકાન્ત શાહ, એન. રાણા, દિનેશચંદ્ર શાહ, પી. એચ. શાહ, ચંદ્રશેખર પરીખ, પી. કે. ઠાકોર, બચુભાઈ મોહનલાલ, જગદીશચંદ્ર, દશરથ પટેલ, પી. આર. દેસાઈ, ડુંગરશી પરમાર, રમણલાલ એન. મહેતા, પી. કે. વ્યાસ (અમદાવાદ). એચ. વાય. સાર્વજનિક, આર. બી. દવે, બી. આર. પટેલ, હસમુખ શાહ, મનુભાઇ પટેલ, ડી.પી. પટેલ,

ચંદુભાઇ પટેલ, એચ. એમ. પટેલ, લવકુમાર દેસાઈ, ડૉ. તારાબહેન ભટ્ટ, સરોજ શાહ (વડોદરા). શાન્તિ વી. શાહ, એફ. કે. પારેખ, જનાર્દન ભટ્ટ, વી. ડી. પટેલ, જેઠાલાલ પટેલ, ત્રિવેદી ઍન્ડ કંપની, પ્રફુલ્લચંદ્ર મગનલાલ તન્ના (રાજકોટ). કે. એમ. શાહ, એ. એમ. ફાટીવાળા, મોરારભાઇ પટેલ, હિતેન્દ્ર પંડ્યા, સી. આર. જોશી, એચ. આર. દેસાઇ (સુરત). સંજયકુમાર પટેલ, રસિકલાલ શાહ, આર. ટી. મહેતા (જામનગર). વિનોદ ચાવડા, નવીનચંદ્ર પટેલ, મનોહર બોદાની (ભાવનગર). સુખદેવ ગોહિલ (પોરબંદર). રમણલાલ ત્રિવેદી, એન. શશીકાન્ત (ભરૂચ). એન. જયંતીલાલ, કુમુદચંદ્ર પારેખ (વિરમગામ). એસ. બી. શાહ, આર. ડી. પટેલ (પેટલાદ). સીતા એમ. શાહ (મેહસાણા). સુમન શાહ, બી. વી. પટેલ, સી. કે. મહેતા, વી. એસ. વ્યાસ, નટવરભાઈ પુંજીરામ પટેલ (મહેસાણા). પુષ્કર ગોકાણી, એમ. પી. ભટ્ટ (દ્વારકા). આર. મીપાલાલ, એમ. છગનલાલ (ભાયાવદર). એ. પંડ્યા (ડાકોર). એમ. એમ. જોશી (માણાવદર). એન. કે. મન્ડનકા (બોટાદ). રણજીતસિંહજી (વળા). વી. એ. સાંગાણી (સિંદરી). એન. એમ. નાયક (ઈડર). આર. વી. શાહ (ધ્રાંગધ્રા). કમળાબહેન સોનાવાળા (નવસારી). દરજી ગિરધરભાઇ લાલજીભાઈ (નડિયાદ). કાન્તિલાલ રાવળ (છીપડી). મૂળચંદ પટેલ (તુંડાવ). આઇ. સી. પટેલ (કોચિન). વિનોદચંદ્ર શાહ (બોરસદ). નિરંજન ખંડેરિયા(પૂના). એસ. એમ. દેસાઇ (આણંદ). સી. વી. દોશી (સાવરકુંડલા). નરસિંહ છગન પંચાસરા(ઠાંક). હીરાલાલ નાથાલાલ(ચાણસ્મા). જે. દિલીપકુમાર (ગોંડલ). તી. કે. લક્ષ્મી (નિઝામાબાદ). અનિલા એન. મહેતા (મદ્રાસ). ચતુરભાઇ પટેલ (સિદ્ધપુર). પોપટલાલ શાહ (મોરીઆ). દ્વારકાદાસ ગાંધી (બનસુરા). પુનમચંદ શાહ (સતલસણા). કુલ ૧૬૫.

ફિલિપ્પાઈન્સ ટાપુઓ [અનુસંધાન પૃ. ૧૪થી ચાલુ] લીલી વાડીઓ વચ્ચેથી રસ્તો પસાર થતો ગયો. નેતરની સૂંડલા-ટોપી (સ્ટ્રૉ-હૅટ) પહેરેલા ગ્રામજનો ખેતરમાં કામ કરતાં હતાં.


સૂતરમાંથી કાંટી કાઢતી ફિલિપ્પાઈન્સની તિંગ્વીઅન જાતિની એક સ્ત્રી

ટગાયટે ૨૨૫૦ ફીટ ઊંચાણમાં હોઈત્યાં સારીઠંડકહતી. અહીં એક અત્યંત રમણીય, વિશાળ સરોવર છે. તેનું નામ 'ટાલ'. હિંદીમાં પણ સરોવરને તાલ કહે છે ને? સરોવરની આસપાસ પહાડોની હારમાળા છે અને વચ્ચેના એક દ્વીપ ઉપર એક જ્વાળામુખી પહાડ છે. સરોવરથી ઉપર આવેલા સરસ 'ટાલ વિસ્ટા-લૉજ'માં બપોરનું ભોજન લીધું. બીજા અમેરિકન પ્રવાસીઓના મનરંજન માટે ત્યાં કૂકડાઓની સાઠમારી ગોઠવાઈ હતી. જાવા-બલી ઉપરાંત અહીં પણ આ સાઠમારી લોકપ્રિય છે. સારા કૂકડાઓ પાળી તેમને તાજામાજા કરીને સાઠમારીમાં મૂકે છે ને તેમના ઉપર શર્ત લગાવે છે. સાઠમારીને જીવલેણ કરવા માટે કૂકડાના પંજા ઉપર નાનાં તીક્ષ્ણ ચપ્પાં બાંધે છે, જેથી સામાન્યરીતે બેમાંથી એક કૂકડો માર્યો જાય છે. દ્વન્દ્વ-યુદ્ધ દરમ્યાન કદાચ જો એક કૂકડો નાસી છૂટે તો તેનો માલિક હારી ગયો ગણાય; અને પરિણામે સાંજ સુધીમાં તે કૂકડો પણ હલાલ થઈ જવાનો! આટલી નિર્દય અને ઘાતકી રમતો અને આ નિર્દોષ પ્રાણીની ક્રૂર હત્યા જોઇને માણસનું કેમ મનોરંજન થઈ શકતું હશે તે મારી કલ્પનાની બહાર છે. થોડાં વર્ષો પહેલાં માડ્રીડમાં જોએલું માણસ(માટાડોર)ને આખલા વચ્ચેનું દ્વંદ્વ યાદ આવ્યું. તેમાં પણ પશુ પ્રત્યે એટલી જ નિર્દયતા ભરેલી છે. પૂર્વ-એશિયાની એક કાળે લોકપ્રિય થઈ પડેલી આ કૂકડાની સાઠમારી સ્પૅનિશ દિગ્વિજેતાઓનો વારસો લાગે છે.

સ્પૅનિશ સંસ્કૃતિની બીજી એક અસર તે અહીંની યાઇ-અલાઈ (Jai-Alai) રમત છે, જે સામાન્ય માણસો નહિ પરંતુ ધંધાદારી ખેલાડીઓ જ રમે છે. એ સ્ક્વૉશ(squash)ને ઘણી મળતી આવે છે. રાત્રે દસ વાગ્યે અમે તેના નાના સ્ટૅડિયમ પર ગયા. આશરે બસો ફીટ લાંબા અને ત્રીસેક ફીટ પહોળા કોર્ટ ઉપર બે ખેલાડીઓ રમતા હતા. કોર્ટ ને પ્રેક્ષકોની બેઠકો વચ્ચે લોખંડની જાળી હતી જેથી રમતનો દડો પ્રેક્ષકો પર આવી ન પડે. યાઈ-અલાઈનો દડો નાનો પરંતુ ગૉલ્ફના દડા જેવો નક્કર હોય છે. ખેલાડીઓના બે પક્ષો હોય છે અને જેમજેમ ખેલાડીઓ 'આઉટ' થતા જાય તેમ બીજા તેમનાં સ્થાને આવતા રહે છે. એકીસાથે બે જ ખેલાડીઓ કોર્ટ ઉપર રમતા હોય છે. તેઓ હાથ ઉપર ઘાસમાંથી બનાવેલો મોટો લાંબો પંજો પહેરે છે જે રૅકેટની પણ ગરજ સારે છે. ખેલાડી દડાને આ હાથના 'પંજા'માં ઝીલી લઇને જોરથી તેને સામેની ભીંત ઉપર અફાળે છે, જ્યાંથી તે નીચે આવતાં સામા ખેલાડીએ તેને પોતાના પંજામાં ઝીલી લેવાનો હોય છે. યાઈ-અલાઇની રમત સરકાર તરફથી ચાલે છે અને ઘોડદોડની શરતની જેમ લોકો તેના ઉપર પણ શર્ત (બેટિંગ) લગાવે છે. પૈસાની હાર જીત હોવાથી પ્રેક્ષકોનો ઉત્સાહ આપણા મહાલક્ષ્મીના રૅાખીનો જેવો જ હતો. યાઈ-અલાઇના ઘણાખરા ખેલાડીઓ સ્પૅનિશ જ હોય છે; અહીંના લોકો આ રમતમાં એટલા પ્રવીણ નથી.

ટગાયટેથી પાછા ફરતાં એક પુરાણા ચર્ચમાં સવાસો વર્ષ જૂનું વાંસનું વાદ્ય જોયું. તેમાંથી નીકળતા સૂર કર્ણપ્રિય હતા. સાંજે મનીલામાં ખાસ લોક-નૃત્યો ગોઠવાયાં હતાં. એક નૃત્યમાં પંદર સત્તર વર્ષનાં કુમાર-કુમારિકાઓએ બન્ને ઊંચા હાથ ઉપર એકએક અને માથા ઉપર એક, એમ ત્રણ કાચના ગ્લાસમાં દીવાઓ સળગાવીને પછી ધીમેથી નૃત્ય કરી બતાવ્યું. બીજા એક નૃત્યમાં બે જણા સામસામા નીચે બેસીને હાથમાં લાંબા વાંસનો એક-એક છેડો સામસામો પકડીને ભોંયતળીઆથી ત્રણ-ચાર ઇંચ ઊંચે વાંસને ફેરવતા હતા અને તે બે ફરતા વાંસની વચ્ચે ત્રણ યુવતીઓ ચતુરાઇથી કૂદકા મારીને નૃત્ય કરતી હતી. રાત્રે મનીલા છોડતા પહેલાં બેત્રણ મોટી દુકાનોમાં ફરીને ફિલિપ્પાઇન્સની કેટલીક વિશિષ્ટ કલાકૃતિઓ ખરીદી. ફિલિપ્પાઇન્સમાં પુરુષોનો રાષ્ટ્રીય પોષાક 'બારોંગ' છે: લાંબા બાંયના ખમીસ જેવો જ, ને ઉપર લાક્ષણિક ફિલિપ્પિનો ભરતકામ. એવો એક બારોંગ લીધો. અહીં અનાનાસના છોડમાંથી જે અત્યંત મુલાયમ અને ઝીણું કાપડ બનાવે છે તેનો એક હાથ-રૂમાલ અને મનીલા-હૅમ્પ(શણ)માંથી બનાવેલાં કલાત્મક સેન્ડલ્સ પણ ખરીદ્યાં.

અહીંના બે જ દિવસના સહવાસમાં પણ પ્રિય થઈ પડેલાં મિત્રોની વિદાય લઈને બૅંગકૉક રસ્તે સિંગાપુર જવા નીકળ્યો. [ચાલુ]


જૉન ફ્રૅન્કલિન (અનુસંધાન પૃ. ૫થી) સાથે પ્રવાસ શરૂ કરી દીધો. ફરતાંફરતાં તેઓ સર જેમ્સ રૉસે જ્યાં આગળ પથ્થરોનું એક સ્મારક ઊભું કર્યું હતું ત્યાં આવી પહોંચ્યા. ગોરેએ પોતાની સફરની નોંધ એક કાગળમાં લખી અહીં એક પથ્થર પર ચોંટાડી. ૧૮૪૭ના મેની ૨૮મી તારીખે લખાએલી એ નોંધ આ પ્રમાણે હતી:

''એરબસ' અને 'ટેરર' જહાજોએ વેલિંગ્ટન ખાડીમાં ઉત્તર તરફ ૭૭° અક્ષાંશ સુધી જઈ, કૉર્નવૉલિસ ટાપુની પશ્ચિમે પાછાં ફરી, બીચી ટાપુ પાસે ૧૮૪૫-૪૬માં ૭૪°૪૩'૨૮'' અક્ષાંશ ઉત્તર અને ૯૧°૩૯'૧૫'' રેખાંશ પશ્ચિમે પહેલો શિયાળો ગાળ્યો, અને બીજો શિયાળો ૭૦°૦૫' અક્ષાંશ ઉત્તર અને ૯૦°૨૩' રેખાંશ પશ્ચિમે બરફમાં ગાળ્યો. આ સાહસની સરદારી જૉન ફ્રૅન્કલિને લીધી છે. બધાની તબિયત સારી છે. ૧૮૪૭ના મેની ૨૪મી તારીખે જહાજમાંથી નીકળી બે અફસરો ને છ મદદનીશો સાથે આ નાનકડી ટુકડી અહીં આવી છે.'

બીજી એક ટુકડી બુથિયા ફેલિક્સના પશ્ચિમ કિનારાના પ્રવાસે નીકળી. જે સમયે ફ્રૅન્કલિનનાં બંને જહાજો આ રીતે બીજા શિયાળા દરમ્યાન બરફમાં જકડાઈ ગયાં હતાં, અને પરિણામે આ ટુકડી આ પ્રદેશના મોજણી-પ્રવાસે નીકળી હતી, બરાબર તે જ સમયે અહીંથી લગભગ દોઢસો જ માઇલ દૂર, બૂથિયા ફેલિક્સના બીજા છેડે, સાહસિક રૅ કૅનેડાને માર્ગે થઇને પોતાની સફર ખેડી રહ્યો હતો. તેઓ બંને વચ્ચે બે અઢી દિવસમાં જ પગે ચાલી સંપર્ક સાધી શકાય એટલું અંતર હતું, પરંતુ તેઓ એકબીજાની એટલા નજીક છે એવી તેમને ખબર જ નહોતી. નહિ તો આવા નિ:સીમ નિર્જન પ્રદેશમાં તેઓ એકબીજાને પોતાનાં સાહસો વિષે છેલ્લામાં છેલ્લી માહિતી આપી શક્યા હોત. બૂથિયાના પ્રવાસે નીકળેલી ટુકડીને પ્રવાસ દરમ્યાન જણાયું કે રૉસના નકશામાં જે પ્રમાણે સંયોગીભૂમિ બતાવવામાં આવી હતી એવી કોઇ સંયોગીભૂમિ ખરેખર હતી નહિ. એથી તેમને થયું કે એ વાતની તેમને પહેલેથી ખબર હોત તો તેમણે પોતાનાં જહાજ પશ્ચિમને બદલે પૂર્વ તરફથી લેવડાવ્યાં હોત, અને તો કદાચ તેઓ આજે પૅસિફિકમાં પહોંચી પણ ગયા હોત. માત્ર નકશાની એક નાનકડી, પણ ગંભીર ભૂલને લીધે તેમને બીજો માર્ગ લેવો પડ્યો અને તેઓ બરફમાં સપડાઇ ગયા.

જુદીજુદી દિશામાં ગએલી ટુકડીઓ, ઉનાળો પાસે આવતાં પાછી ફરવા લાગી. પરંતુ જહાજ પર જ્યારે તેઓ બધા પહોંચ્યા ત્યારે વાતાવરણ ગંભીર અને ગમગીની ભરેલું બની ગયું હતું, કારણ કે તેમના સરદાર સર ફ્રૅન્કલિનની તબિયત ઘણી લથડી ગઈ હતી. સૌ તેની સેવાચાકરીમાં લાગી ગયા, પરંતુ થોડા દિવસમાં તો ફ્રૅન્કલિનની હાલત અત્યંત ગંભીર બની ગઈ અને છેલ્લી ઘડીઓ ગણાવા લાગી. સૌ નિરુપાય બની ગયા, કારણ કે બહારથી બીજાં કંઈ તબીબી સાધનસગવડ મળી શકે એમ નહોતાં, કે નહોતું સંદેશો પહોંચાડવાનું તેમની પાસે કંઈ સાધન. અંતે ૧૮૪૭ની ૧૧મી જૂને, બરાબર ૬૦ વર્ષ પૂરાં કરી, પૅસિફિક પહોંચવાની પોતાની અધૂરી આશા સાથે સર જૉન ફ્રૅન્કલિને સફર દરમ્યાન જહાજ પર જ પોતાનો દેહ છોડ્યો, અને તેના મૃતદેહને વિધિપૂર્વક ત્યાં દફનાવવામાં આવ્યો.

ફ્રૅન્કલિનને છેવટ સુધી આશા હતી કે શિયાળો પૂરો થતાં પોતાનાં બંને જહાજો બરફમાંથી મુક્ત થઇ જશે. જોકે વચ્ચે તો એવો કટોકટીભર્યો સમય આવી ગયો હતો કે જ્યારે બરફ એકાએક ખસી જાય તો બંને જહાજો અચાનક જ સમુદ્રમાં ડૂબી જાય! પણ એ સંકટમાંથી તેઓ બચી ગયા હતા. હવે આસપાસનો બરફ જોકે ખસ્યો હતો, પરંતુ જહાજો બહાર નીકળી શકે કે સફર કરી શકે એવી સ્થિતિ હજુ



ગ્રીનિચ હૉસ્પિટલના મ્યુઝિયમમાં રહેલા ફ્રૅન્કલિનની ટોળીના હાથ લાગેલા અવશેષો.

આવી નહોતી. આમ, પોતાનાં બંને જહાજોને મુક્ત થએલાં જોયા વિના જ ફ્રૅન્કલિન ચાલ્યો ગયો. તેના અવસાનથી, મુખ્ય નેતાની ભારે ખોટ પડતાં ટુકડીના માણસોની નૈતિક હિંમત પર ભારે ફટકો પડ્યો.

ફ્રૅન્કલિનનું અચાનક અવસાન થયું, પણ વધારે જીવ્યો હોત તો પણ એવી જ, બલકે એથી પણ વધારે નિરાશાજનક અને દુ:ખદાયક સ્થિતિ એને જોવી પડત. ઉનાળાના કીમતી દિવસો એક પછી એક પસાર થવા લાગ્યા, પણ બરફ ઓગળવાની આશાજનક નિશાનીઓ દેખાતી નહોતી. બરફ ઓગળતો તો નહોતો, આથી નીચેના પાણીના પ્રવાહ પ્રમાણે ધીમે ધીમે ખસતો હતો, અને એની સાથે બંને જહાજો ખસતાં હતાં! આમ ખસતાં ખસતાં બંને જહાજો ઠેઠ રૉસના 'વિક્ટરી પૉઇન્ટ' સુધી પહોંચી ગયાં, અને એમ જ આખો ઉનાળો પૂરો થઈ ગયો! ફરી શિયાળાની અસર ધીમેધીમે વરતાવા લાગી. બરફનાં પડ ઉપર પડ જામવા લાગ્યાં. હવામાનમાં ઠંડી વધી ગઇ. ત્રીજો શિયાળો પણ ત્યાં જ પસાર કરવાનું તેમના ભાગ્યમાં લખાઇ ચૂક્યું!

પોતાના સરદારનું અવસાન એ પહેલી આપત્તિ, અને અકારણ ત્રીજો શિયાળો ત્યાં ને ત્યાં જ પસાર કરવાનું બન્યું એ બીજી આપત્તિ. પણ આટલું જાણે ઓછું હોય તેમ તેમને માથે ત્રીજી ગંભીર આપત્તિ આવી પડી. તેઓ લગભગ ત્રણ વર્ષ ચાલે એટલો ખોરાક લઇને નીકળ્યા હતા. પરંતુ ગયા શિયાળામાં લગભગ અરધો ખોરાક સડી જવાને લીધે નાખી દેવો પડ્યો હતો. એટલે આ ત્રીજા શિયાળામાં ખોરાકની તંગી પડી, અને જે ખોરાક બહારથી સારો દેખાતો હતો તે પણ અંદરથી સડી ગયો હતો. એવો ખોરાક ખાવાને લીધે કેટલાકની તબિયત બગડી ગઈ. તેમ છતાં પેટની ભૂખ માનવીના મનને એવો ખોરાક ખાવા તરફ આકર્ષતી હતી. થોડાક દિવસમાં ખોરાક એકદમ ઝેરી બની ગયો. એ ખાવાથી તત્કાલ ગોરેનું અવસાન થયું, અને એક દિવસમાં સાત અફસરો અને બાર માણસો ઢળી પડ્યા! એકસામટા વીસ માણસોના મૃતદેહો પડતાં ટુકડીમાં હાહાકાર પ્રવર્તી ગયો. ભાગ્યે બેઠેલા માણસો પણ ઊઠી ગયા. પૅસિફિક પહોંચવાનું તો દૂર રહ્યું, પણ જાન બચાવવાની વાત જ મુખ્ય બની ગઇ. પણ એ ય તે કેવી રીતે? કારણકે શિયાળો તો હજુ ચાલુ જ હતો. જહાજ છોડીને બહાર નીકળવાનું જ મુશ્કેલ હતું, અને સડેલા ખોરાકને લીધે કેટલાક માંદા તો પડેલા જ હતા.

ફ્રૅન્કલિન, ગોરે અને બીજા સારાસારા અફસરો જતાં ટુકડીની જવાબદારી ક્રોઝિયેર અને ફિત્ઝજેમ્સ પર આવી પડી. તેમણે કોઠારમાંથી બધો ખોરાક કાઢી જરા પણ સંશયવાળી લાગી એવી એકેએક વસ્તુ ફેંકી દીધી. પૂરેપૂરી પાકી ખાતરી કરી સારો રહેલો ખોરાક વપરાશમાં લીધો. પરતુ એનું પ્રમાણ પણ એટલું ઓછું હતું કે જહાજ-

માં ભૂખમરો પ્રવર્તવા લાગ્યો.

આ પરિસ્થિતિમાં જહાજમાં વધારે વખત રહેવાય એવા સંજોગો નહોતા. ફિત્ઝજેમ્સ અને ક્રોઝિયરે નકશા એમાં જોઇને બંને જહાજોનો ત્યાગ કરવાની અને જ્યાં માનવસંપર્ક સાધી શકાય ત્યાં પહોંચવાની યોજના ઘડવા માંડી. અહીંથી બહારના જગતનો સંપર્ક સાધી શકાય એવો નજીકમાં નજીક પ્રદેશ કૅનેડાના ઉત્તરકિનારાનો હતો. એટલે દક્ષિણ દિશાના માર્ગે કિંગ વિલિયમ લૅન્ડથી સિમ્પસન સામુદ્રધુની સુધી જઇને બૅક નદીના મુખ સુધી પહોંચી, નદીને માર્ગેમાર્ગે કોઇ નજીકના થાણે પહોંચી જવાની યોજના તેમણે ઘડી કાઢી.


સંકટમાંથી બચવા માટે ઓછામાં ઓછું અઢી સો માઇલનું અંતર કાપવાનું હતું. તેમાં કેટલીક દરિયાની સફર હતી, કેટલીક જમીન માર્ગનો પ્રવાસ હતો અને સો માઇલનું અંતર બૅકના કિનારેકિનારે ઊંચીનીચી કરાળ ભેખડો ચડવા ઊતરવાનું હતું. વચ્ચેવચ્ચે આવતી દરિયાની સફરને લીધે હોડકાં લેવાની જરૂર હતી, અને હોડકાં લેવામાં આવે એટલે જમીન માર્ગે એ ખેંચવાની તકલીફ પણ હતી. આ રીતે ઓછામાં ઓછો જરૂરનો સામાન લેવાની તેમણે ગણતરી કરી. દરેકનો અંગત સામાન તો નહિ જેવો જ હતો, પણ માર્ગમાં બચવાને જરૂર પડે એ માટે હોડકાં, તંબૂઓ, બરફગાડી અને એવી બીજી જરૂરની ચીજોનું વજન એટલું થયું કે સરેરાશ એકએક માણસને ફાળે સાતથી આઠ મણનો બોજો ખેંચવાનું આવ્યું, અને તે પણ તેઓ જ્યારે અશક્ત, ભૂખ્યા અને કેટલાક તો તાવ અને રક્તપિત્તથી પીડાતા હતા ત્યારે!

૧૮૪૮ના એપ્રિલ મહિનાની ૨૨મી તારીખે 'એરબસ' ને 'ટૅરર' જહાજમાં બાકી રહેલા આ ૧૦૫ માણસોએ, જરૂરી એટલો સામાન લઇને, બંને જહાજ હતાં ત્યાંને ત્યાં છોડી દીધાં. ઇંગ્લંડથી જહાજમાં બેઠેલા તે વખતે તેમને કલ્પના સુદ્ધાં નહિ કે આમ આવા દુઃખદ સંજોગોમાં પોતાનાં વહાલાં જહાજ રસ્તામાં જ છોડી દેવાં પડશે.

શિયાળો પૂરો થવા આવ્યો હતો, છતાં સમુદ્રનો બરફ બિલકુલ ઓગળ્યો નહોતો. એથી જે સફર સમુદ્રમાં હોડકામાં થઇ શકત તે સફર બરફ પર ચાલીચાલીને અત્યારે તેમને કરવી પડી. થોડાક દિવસ તેઓ રોકાયા હોત તો ચાલવાના શ્રમમાંથી તેઓ બચી જાત અને પગે ચાલવા કરતાં હોડકામાં અંતર પણ ઝડપથી કપાત. પણ એટલું થોભવાની ધીરજ ત્યારે કોઇનામાં રહી નહોતી. કદાચ તેમનું ચાલ્યું હોત તો ભરશિયાળામાં તેઓ નીકળી પડયા હોત.

ચાલતાંચાલતાં અને બરફગાડીમાં સામાન ખેંચતાંખેંચતાં ચારેક દિવસે તેઓ રૉસના 'વિક્ટરી પૉઇન્ટ' આગળ આવી પહોંચ્યા. આગલે વર્ષે ગોરએ જે કાગળમાં કેટલીક વિગતો લખી હતી તેમાં ક્રોઝિયર અને ફિત્ઝજેમ્સે નીચે પ્રમાણે શાહીથી ઉમેર્યું :

"આ સ્થળેથી વાયવ્ય દિશામાં પાંચ લીગ(પંદર માઇલ)-ના અંતરે 'એરબસ' અને 'ટૅરર' જહાજો, જે ૧૮૪૬ના સપ્ટેમ્બરની ૧૨મી તારીખથી બરફમાં ઘેરાઇ ગયાં તે બાકી રહેલા ૧૦૫ માણસોએ ૧૮૪૮ના એપ્રિલની ૨૨મી તારીખે છોડી દીધાં છે. અફસરો અને ખલાસીઓ મળી બાકી રહેલા ૧૦૫


H. M. S hips Erebus and Terra
Wintered in the Ice in
28 of May 1847 Lat 70° 5' N Long 98° 23' W
Having wintered in 1846—7 at Beechey Island in Lat 74° 43'. 28" N Long 91° 39'. 15" W After having ascended Wellington Channel to Lat 77° and returned by the West side of Cornwallis Island.
Sir John Franklin commanding the Expedition
All well
Party consisting of 2 Officers and 6 Men left the Ships on Monday 24th May 1847
Gm. Gore Lieut.
Chas. F. Des Voeux Mate

WHOEVER finds this paper is requested to forward it to the Secretary of the Admiralty, London, *with a note of the time and place at which it was found*, or, if more convenient, to deliver it for that purpose to the British Consul at the nearest Port.

QUICONQUE trouvera ce papier est prié d'y marquer le temps et le lieu ou il l'aura trouvé, et de le faire parvenir au plus tot au secrétaire de l'Amirauté britannique à Londres.

CUALQUIERA que hallare este Papel, se le suplica de enviarlo al Secretario del Almirantazgo, en Londrés, con una nota del tiempo y del lugar en donde se halló.

EEN ieder die dit Papier mogt vinden, wordt hiermede verzogt, om het zelve, ten spoedigste, te willen zenden aan den Heer Minister van de Marine der Nederlanden in 's Gravenhage, of wel aan den Secretaris den Britsche Admiraliteit, te London, en daar by te voegen eene Nota, inhoudende de tyd en de plaats alwaar dit Papier is gevonden geworden.

FINDEREN af dette Papiir ombedes naar Leilighed gives, at sende samme til Admiralitets Secretairen i London, eller nærmeste Embedsmand i Danmark, Norge, eller Sverrig. Tiden og Stædit hvor dette er fundet önskes venskabeligt paategnet.

WER diesen Zettel findet, wird hier-durch ersucht denselben an den Secretair des Admiralitets in London einzusenden, mit gefälliger angabe an welchen ort und zu welcher zeit er gefundet worden ist.

ફ્રૅન્કલિનની શોધના છેલ્લા પ્રકરણનો અંત વિક્ટરી ભૂશિર પાસેથી મળી આવેલા ઉપરના કાગળ પર લખાએલા લખાણથી આવ્યો. સંકટગ્રસ્ત અને માર્ગ ભૂલેલા વહાણો ઍડમિરલ્ટીની છાપવાળા જે કાગળો પર પોતાનો આખરી સંદેશો મૂકતા જાય છે એવો આ કાગળ લેફ્ટેનન્ટ હૉબસનને હાથ લાગેલો.

માણસો કૅપ્ટન ક્રોઝિયરની સરદારી હેઠળ અહીં ૬૯°૩૭' ૪૨" અક્ષાંશ ઉત્તર અને ૯૮°૪૧' રેખાંશ પશ્ચિમ પર આવ્યા છે... સર જૉન ફ્રૅન્કલિન ૧૮૪૭ના જૂનની ૧૧મીએ અવસાન પામ્યા છે. આજ દિવસ સુધીમાં ટુકડીના બધા મળીને નવ અફસરો અને પંદર બીજા માણસો ગુજરી ગયા છે. આવતી કાલે ૨૬મી તારીખે બૅક નદી તરફ જવા માટે અમે ઊપડવાના છીએ.' [જુઓ ઉપરનો એ મૂળ પત્ર]

અને અહીંથી ૧૦૫ માણસોની વણઝાર ચાલુ થઇ : ભૂખ્યા, અશક્ત અને કેટલાક માંદા. તેમની ગતિ અત્યંત મંદ હતી. તેમનાં શરીર નિર્બળ બની ગયાં હતાં. તેમના ચહેરા પરથી તેજ ઊડી ગયું હતું. તેમનામાં ઉત્સાહ જેવું કશું રહ્યું નહોતું. તેમનું ધ્યેય માત્ર એક જ હતું—ગમે તેમ કરી જીવ બચાવવો અને રાહતના સ્થળે પહોંચી જવું.

આસપાસ ક્યાં યે એસ્કિમોના વાસ પણ નહોતા કે જ્યાંથી મદદ મળી શકે. જેમજેમ તેઓ અશક્ત બનતા ગયા તેમતેમ તેઓ ભારરૂપ વસ્તુઓ રસ્તામાં છોડી દેતા ગયા. પછી તો જરૂરની વસ્તુઓ પણ પડતી મુકાવા લાગી. રસોઇનાં વાસણો, કપડાં, ધાબળા, પાવડા, કોદાળીઓ, તંબૂઓ, દવાની પેટીઓ—એક પછી એક વસ્તુઓ તેમના માર્ગને જાહેર કરતી રસ્તામાં છૂટીછવાઈ વેરાવા લાગી.

પણ આગળ જતાં ભૂખ અને અશક્તિ સાથે માર્ગનો થાક ઉમેરાયો. માંદા માણસો મરવા લાગ્યા; થાકેલા માંદા પડવા લાગ્યા ને સશક્ત થાકવા લાગ્યા. પોતાના વહાલામાં વહાલા સાથીદારોને દિવસેદિવસે મરતા જોવાનું દુ:ખ જીવતા રહેલા માણસો માટે ઓછું નહોતું; અને છતાં તેઓ એટલા તો લાચાર હતા કે પોતાના સાથીદારોના મૃતદેહોને વિધિસર દફનાવવાની ધીરજ કે હામ પણ તેમનામાં કોઇમાં રહી નહોતી. જેનો દેહ જ્યાં પડચો ત્યાં જ પડી રહ્યો!

લથડિયાં ખાતાખાતા તેઓ ઘડી બેસતા, ઘડી ઊઠતા, ઘડી ચાલતા. ભૂખને લીધે તેમના દેહ તદ્દન હાડપિંજર જેવા બની ગયા હતા. મૂછદાઢી વધેલા તેમના ચહેરાની આંખો ઊંડી ઊતરી ગઇ હતી. તેમનો અવાજ રૂંધાઈ ગયો હતો. તેમની ગતિ મંદ પડી ગઇ હતી. જેટલું બને તેટલું અંતર કાપી જીવ બચાવવા માટે તેઓ મથી રહ્યા હતા. ગમે ત્યાં, ગમે તેમ રાતવાસો પડી રહી ફરી ઊઠીને તેઓ આગળ ચાલતા. કેટલાક સૂતા પછી જાગતા જ નહિ, તો કેટલાક ચાલતાચાલતા લથડિયું ખાઇ પડતા તે ઊઠતા જ નહિ. સૌથી આગળ નીકળી ગએલા અને સૌથી પાછળ રહી ગએલા જીવતા માણસ વચ્ચેનું અંતર ઘણું વધતું ગયું. સૌની ગતિ મંદ પડી ગઇ હતી, પણ કેટલાકે તો મંદ પાડી દીધી હતી–કંઇક પાશવી હેતુથી. અસહ્ય ભૂખે કેટલાકની માનવતા ટકાવી રાખી હતી, તો કેટલાકને પાશવી બનાવી દીધા હતા. કસોટીરૂપ આવા કટોકટીના સમયમાં કેટલાક પોતાના સાથીદારોના મૃતદેહોનો સ્પર્શ કરવા કરતાં ભૂખથી રિબાઇને મરવું પસંદ કરતા હતા, કેટલાક ભૂખની વેદનાથી રિબાઇને મરવા કરતાં મૃતદેહના માંસનું ભક્ષણ કરવાનું પસંદ કરતા હતા. નરમાંસનું ભક્ષણ કરવાના આશયથી કોઇકે પોતાના જીવતા સાથીદારને મારી પણ નાખ્યો હશે!

પણ આ બધું ક્યાં સુધી? દિવસેદિવસે એક પછી એક માણસો ઓછા થવા લાગ્યા. ભૂખ અને થાકના દુ:ખની સાથે ફરી પાછી અસહ્ય ઠંડીનો ઉમેરો થયો. અને બૅક નદીના મુખ સુધી પહોંચતાં પહેલાં તો આખી ટુકડીના બધા જ માણસોના પ્રાણ હરાઈ ગયા! 'વિક્ટરી પૉઈન્ટ'થી બૅક નદીના મુખ સુધીના લગભગ સો માઈલના શ્વેતબરફના એ નિર્જન વિસ્તારમાં એકસો પાંચ મૃતદેહો વેરાએલા પડી રહ્યા!

આમ, ધ્રુવપ્રદેશ મારફતે પૅસિફિકમાં પહોંચવા માટે સર જૉન ફ્રૅન્કલિનની સરદારી હેઠળ 'એરબસ' અને 'ટેરર'માં ઉપડેલા એકસો ઓગણત્રીસ માણસો ધ્રુવપ્રદેશમાં જ વિલીન થઇ ગયા. આ મહાન સાહસમાં સ્થાન મળવાથી પોતાને વધુમાં વધુ ભાગ્યશાળી માનનાર માણસોનો આ રીતે કરુણમાં કરુણ અંત આવ્યો. પોતાનાં દુ:ખની અને વીતકોની કથની કહેવા માટે એક પણ માણસ જીવતો રહ્યો નહિ. કદાચ ફિટ્ઝજેમ્સ જેવો બાહોશ, શક્તિશાળી અને ખેલદિલ માણસ સૌને આશા, ઉત્સાહ અને આધાર આપતોઆપતો છેવટ સુધી જીવતો રહ્યો હશે. પણ ત્યારે છેલ્લે એવા એકલા રહેલા માણસની મનોદશા કેવી હશે! પોતાના ૧૨૮ સાથીદારો ગુમાવ્યા પછી પોતાનાં વીતકોની કથની કહેવા માટે ઝઝૂમવાની શક્તિ એનામાં કેટલી રહી હશે?

ઉત્તર ધ્રુવનાં સાહસોમાં વધુમાં વધુ માનવભોગ આપનાર અને વધુમાં વધુ કરુણ આના જેવું બીજું એકે સાહસ નથી. અને આ બંને જહાજોનો પત્તો મેળવી, આ સાહસિકોને શોધવા કે એમની માહિતી મેળવવા માટે જેટલાં બીજાં સાહસો થયાં એટલાં બીજા કોઈ સાહસિકોને શોધવા માટે દુનિયાના ઇતિહાસમાં નોંધાયાં નથી.

અનુસંધાન] **ઉત્તરાયણને દિવસે** [પૃષ્ઠ ૯થી

બૈરાં મોટેમોટેથી બૂમો પાડવા લાગ્યાં અને પુરુષોમાં યે થોડી ધક્કાધક્કી થઈ ગઈ. ધમાલધમાલમાં બીજા પચ્ચીસ–ત્રીસ માણસો એકઠા થઇ ગયા, જ્યારે શેરીનાં છોકરાં તો હાથમાં પાશિયા, અડધિયા, કુદ્દીઓ, ઘેંશિયા, પિલ્લાં, લચ્છા કે ફિરકીઓ સાથે લગભગ બધાં જ દોડી આવ્યાં. કૂતરાં વળગી પડચાં હોય એમ વળગી પડેલા અને બાથંબાથી કરતા એ બેને માંડમાંડ છોડાવ્યા. ભગ્ગુનું ગંજી ચિરાઈ ગયું અને વાળ વેરવિખેર થઈ ગયા, જ્યારે પેલાના અડધા ગાલ પર મોંમાંથી નીકળી પડેલી લાળ પથરાઈ ગઈ. બંને હાંફતાંહાંફતાં એકબીજા સામે ઝનૂનથી જોઈ રહ્યા.

'આ વઢવાડ અહીં શી? જાવ ભાગોળે અને કરો કુસ્તી! આ તે ઘર છે કે અખાડો?' ભગ્ગુનો કૉલર પકડનાર જોરશોરથી બોલવા લાગ્યો. ભગ્ગુએ તેને ગણકાર્યો નહિ. તેણે તો વાળ ઉલાળ્યા અને પેલા સામે દાંતકચકચાવ્યા. લોકોમાંથી મોટાભાગના ભગ્ગુના વિરોધી બની ગયા હતા. છોકરાંમાંથી કોઇકે ભગ્ગુના પેટમાં આંગળી ઘોંચી, કોઇકે ખમીસ ખેંચ્યું, કોઇકે પગ પરના વાળ ખેંચ્યા. મગજનું સરી જતું સમતોલપણું મહાપરાણે જાળવી રાખવું હોય એમ બે હાથથી માથું દબાવી ભગ્ગુ ભોંય પર બેસી ગયો.

એટલામાં ટોળામાંથી માર્ગ કરતી એક વ્યક્તિ—આધેડ વયની ને કીમતી વસ્ત્રો પહેરેલી—આગળ આવી. તેના વ્યક્તિત્વનો પ્રભાવ એવો પડચો કે લોકોમાંના ઘણાખરા એકદમ શાંત થઈ ગયા. તેણે ભગ્ગુનો ખભો પકડચો. 'અલ્યા ભગ્ગુ! આ બધું છે શું?'

'શેઠજી!' ભગ્ગુના મુખમાંથી એટલા શબ્દો નીકળ્યા. પછી તે તરત અટકી ગયો. અત્યારે પોતે જે અવદશામાં મુકાયો હતો તેમાં પોતાના શેઠને આવેલા જોઈ તે સાવ નાહિંમત બની ગયો. તેનું મસ્તક નીચું નમી ગયું. વિધિ આ કેવો ખેલ ખેલી રહી છે એ તેને સમજાયું નહિ. અંતરમાં તે એક સતત થરથરાટીભર્યો કંપ અનુભવવા લાગ્યો.

શેઠે ઉભેલાઓમાંથી બીજાઓને શું બન્યું તેની હકીકત પૂછી. બધાની પહેલાં શેઠની સાથે વાત કરવાનું માન ખાટી જવા બચુભાઈએ તક ઝડપી લીધી. 'વાતમાં કંઈ માલ નથી, શેઠજી! અંદરોઅંદરની તકરાર છે.'

'શી તકરાર છે?'

'પેલાએ આને ચોર કહ્યો—'અહીં બીજો કોઈક પણ બોલવાની તક સાધવા જતો હતો, પણ બચુભાઇએ તેને બોલવા ન દીધો. 'આ ગુસ્સે થઈ ગયો. પછી બન્ને મારામારી પર આવી ગયા. આપે આનું નામ દીધું, તે આપ એને ઓળખો છો?'

'હા, એ તો મારો નોકર છે. ભગ્ગુ, તારા દેદાર ઠીક કર. તને આણે ચોર શાથી કહ્યો? એ તને ઓળખે છે?'

'હા.' ભગ્ગુએ જવાબ આપ્યો, અને જે વાત હજી હમણાં આ લોકો સમક્ષ કરી ગયો હતો તે જ ફરીથી જણાવી.

'કેમ અલ્યા, આને તું ચોર શાથી કહે છે?' શેઠે લાલ બંગલાવાળા નોકરને પૂછ્યું. એણે કશો જવાબ ન વાળ્યો.

શેઠ બચુભાઈ તરફ વળ્યા. 'અમને અહીં રહેવા આવ્યે તો એક

જ મહિનો થયો હશે, પણ આ તો અમારે ત્યાં છેલ્લાં ચાર વર્ષથી નોકરી કરે છે. એનો હાથ તો એકદમ ચોખ્ખો છે. એને ચોર કહ્યો એટલે એ ગુસ્સે થઈ જાય એ સ્વાભાવિક જ છે.'

શેઠે પોતાને ઉદ્દેશીને વાત કરી એટલે બચુભાઈને મન પોતાનું મહત્ત્વ ખૂબ વધી ગયું. તરત કહ્યું, 'બરાબર છે શેઠજી! કોઈ પણ સ્વમાની માણસને ચોર કહીએ એટલે ગુસ્સો ચઢ્યા વગર રહે જ નહિ!'

શેઠ પેલા લાલ બંગલાવાળા નોકર સામે વેધક દૃષ્ટિથી તાકી રહ્યા. જણાવ્યું, 'તારા મોઢા પરથી તો લાગે છે કે તું જ પાકો ગઠિયો છે.'

'હું પણ એ જ કહેવા જતો હતો.' બચુભાઇ બોલ્યા.

'છે જ શેઠજી, છે જ!' ભગ્ગુએ કહ્યું.

શેઠે ભગ્ગુને અટકાવ્યો, પછી પેલાને ધમકાવ્યો: 'યાદ રાખજે, જો ફરીથી ખોટો આક્ષેપ મૂક્યો છે તો તારી વાત તું જાણે. તું અત્યારે ક્યાં નોકરી કરે છે?' 'લાલ બંગલામાં.'

'ઓ—એમને ત્યાં! એમને હું ઓળખું છું. જો ફરીથી આવા ધંધા કર્યા તો તો કાનપટ્ટી પકડીને કઢાવી મૂકીશ બહાર.'

પેલો નીચી મૂંડીએ સાંભળી રહ્યો. તેનો આખો દેહ ચાડી ખાવા લાગ્યો કે ભગ્ગુને હેરાન કરવાની દાનતથી જ તેણે ખોટું આળ મૂક્યું હતું. બચુભાઇ તેના પર ઊકળ્યા: 'બદમાશ! કોઈ સારા માણસની બદબોઈ કરતાં અચકાતો નથી? જોડે અમને ય ઊંડાં ભણાવે છે?' પછી શેઠ તરફ ફરીને કહ્યું, 'અમને તો ખબર જ નહિ, શેઠસાહેબ! જુઓ ને, આવા ય માણસો પાક્યા છે દુનિયામાં!'

ભગ્ગુની આંખો કૃતજ્ઞતાથી છલકાઇ આવી. તેનું હૃદય ગદ્ગદ થઈ ગયું. તેના મનમાં એક જ વિચારનો પડઘો પડવા લાગ્યો: 'આવા મારા શેઠ!' તે હવે પૂરેપૂરા વિશ્વાસથી બોલ્યો, 'ખોટું ક્યાં સુધી ચાલે? બાકી આણે કેવાં કરતૂક કર્યાં છે તે હું જાણું છું. તેણે—'

'બસ બસ બસ.' શેઠે તેને વારી દીધો. 'આપણે બીજાની વાતો કરીને શું કામ છે? પણ તું અહીં કેમ આવ્યો? મેં તને દિવ્યાનું ધ્યાન રાખવાનું નહોતું કહ્યું?'

'કહ્યું તો હતું, પણ નાનાશેઠનો પતંગ આમના છોકરાએ તોડી લીધો હતો એટલે પાછો માગવા આવ્યો હતો.'

વ્યંગભરી ચીઢમાં શેઠ તેની સામે જોઈ રહ્યા. નોકરો તે નોકરો જ–એ વળી સાંકડા મનના મટી મોટા મનવાળા થવાના જ નહિ એવો ભાવ તેમના શબ્દોમાં આવ્યો. 'ભીખ તે ભીખ જ રહ્યો તું–એમ પતંગ પાછો માગવા અવાય ખરું? પતંગ તો બબ્બા થોકબંધ છે આપણી પાસે અને એ ય થઈ રહ્યા હોય તો બીજા વેચાતા લઈ આવો.'

ભગ્ગુએ વિનયથી ધીમા અવાજે જણાવ્યું: 'પણ નાનાશેઠે તો હઠ જ લીધી કે મારે તો આ જ પતંગ પાછો જોઇએ. કેમે ય માન્યા નહિ.'

અહીં બચુભાઇએ ફરીથી બોલવાની તક સાધી. 'પોતાનો પતંગ તોડી લે કોઈ, એટલે છોકરાંને તો દુ:ખ થાય જ ને? અરે, અમારા જેવા મોટાઓને પણ લાગી આવે છે!' પછી પેલા છોકરાને પૂછ્યું, 'અલ્યા એય, આમનો પતંગ તેં તોડી લીધો છે ને?'

છોકરાએ આમ જોયું, તેમ જોયું, અને રડવા મંડી પડ્યો.

'જા જા, લઈ આવ. કોઈના પતંગ તોડે છે શું કરવા, સુવ્વર! પાછો રડવા બેઠો–મોટો ઢાંઢ જેવો છે છતાં ય!' બચુભાઇએ ખરેખરો ગુસ્સો બતાવ્યો.

છોકરો ઉપર જવા ગયો ત્યાં શેઠ બોલી ઊઠ્યા: 'રહેવા દો, રહેવા દો. નાનાં છોકરાંનું તો એમ જ ચાલવાનું. અને એવા તો આજે કેટલા યે પતંગ આવવાના અને જવાના.'

'આપની એ વાત બરાબર છે,' બચુભાઇએ ઉત્તર વાળ્યો. 'પણ મારો તો સિદ્ધાંતની દૃષ્ટિથી જ એનો વિરોધ છે. કોઈના પતંગ તોડી લેવાની ટેવ જ કેવી ખરાબ? આજે આપનો તોડ્યો, કાલે બીજાનો તોડે! આવા સંસ્કાર છોકરાં પર પડવા જ કેમ દેવાય?' પછી છોકરાને ઉદ્દેશ્યો. 'ઊભો શું રહ્યો છે બહોત જેવો! જા, લઈ આવ જલદી.' પછી શેઠને કહ્યું, 'અમને તો ખબર જ નહિ કે આ આપનો નોકર છે. આપ નવાનવા રહેવા આવ્યા એટલે ખાસ ઓળખાણ નહિ. હું અહીં સામે જ રહું છું. પેલું દેખાય એ આપણું ઘર. ઘણાં વર્ષોથી હું ને વકીલાત કરું છું. ચાલો, ચા–બા પીને જજો. એકાદ પતંગ પણ સાથે ચગાવીશું.'

'ઓહ-આભાર.' શેઠ મીઠું હસ્યા. 'પણ મારે અત્યારે હજી પેઢી પર જવું છે તે મોડું થાય, એટલે દિલગીર છું.'

'કંઈ વાંધો નહિ. આપને માટે તો સમય એ બહુ મોંઘી ચીજ કહેવાય.' બચુભાઇએ પણ સામું હાસ્ય વેર્યું. 'ફરીથી જ્યારે સમય મળે ત્યારે પધારશો.'

'જરૂર, જરૂર.' શેઠે જણાવ્યું. પછી ભગ્ગુ તરફ ફર્યા. 'તું જા હવે, અને રસ્તામાંથી મીઠાઈનાં શેરશેરનાં ત્રણ પડીકાં ઘેર લેતો જજે.' તેમણે દસ રૂપિયાની નોટ ભગ્ગુના હાથમાં મૂકી.

એટલામાં છોકરો ઉપરથી પતંગ લઇને આવ્યો. શેઠે આનાકાની કરી છતાં પતંગ ભગ્ગુને સોંપવામાં આવ્યો. સોંપતાંસોંપતાં બચુભાઇએ ભગ્ગુને ઠપકો આપ્યો. 'ભલા માણસ, તારે અમને પહેલેથી કહેવું તો જોઇએ ને કે હું અમુક જગ્યાએ નોકરી કરું છું? તો આ ધમાલ ન થાત!'

શેઠ ગયા. બધા વીખરાયા. છોકરાની માએ તો હજી મોઢું ચઢેલું ને ચઢેલું જ રાખ્યું હતું, પણ પેલા કૉલર પકડનારે જતાંજતાં ભગ્ગુને કહ્યું, 'મને ખબર નહિ, હોં દોસ્ત!' આ વખતે તેણે કૉલર નહિ, ખભો દબાવ્યો.

મીઠાઈ લઈ પાછા વળતાં ભગ્ગુનું મગજ અવનવા વિચારોથી ઊભરાઈ આવ્યું. શું દુનિયા છે! શું જિંદગી છે! હઠીલો દિવ્યો, ઉતાવળિયણ સ્ત્રી, તામસી કૉલર પકડનાર, તકસાધુ વકીલ, ઘંટીચોર પેલો નોકર, પતંગ તોડનાર છોકરો, શેઠ–બધાં જ પાત્રો એકીસાથે તેનાં મનશ્ચક્ષુ સમક્ષ તરવરવા લાગ્યાં. તેમાં એક ફિક્કલિયા આકૃતિ તેની પોતાની પણ હતી. ભગવાન સૂર્યનારાયણના ઉત્તર-અયનના આ દિવ્ય દિવસે પોતાને આવો કડવો અનુભવ થયો તેથી તેનું દિલ થોડુંક ભરાઈ આવ્યું. વારંવાર તેના મનમાં તો એ જ વિચાર જાગવા લાગ્યો કે પેલો નોકર હવે ફરી મળે તો રૂડું. ઠીક છે કે તેના શેઠ સમજુ હતા; નહિ તો તેની સ્થિતિ શી થાત? અને બીજું તો શું, પણ આ બધું બીજા કોઈ દિવસે નહિ ને આ પવિત્ર દિવસે જ બન્યું તેથી તેને ખૂબ દુ:ખ થયું.

શેઠાણી પાસે મીઠાઈનાં પડીકાં અને વધેલા પૈસા મૂકતાં તેમણે પૂછ્યું, 'દિવ્યો હજી ઉપર જ છે?'

નીચે નથી એટલે ઉપર જ હોવો જોઇએ એમ કલ્પી તેણે હા કહી.

'તો લે–આ થાળી ઉપર જ લઈ જા. પાણીનો ગ્લાસ પણ લેતો જજે.'

ભગ્ગુ અગાસીમાં ગયો અને બોલ્યો, 'લ્યો નાનાશેઠ! આ થાળી, અને આ તમારો વીસરંગી!'

તેને જોતાં જ દિવ્યો હરખથી નાચવા લાગ્યો, અને પોતાના હાથમાંનો પતંગ બતાવવા લાગ્યો. 'ભગ્ગુ! ભગ્ગુ! જો આ પાઘડીદાર!'

'સરસ છે.' ભગ્ગુએ થાળીની રકાબી અને ગ્લાસ નીચે મૂક્યાં. પછી એ પતંગ પોતાના હાથમાં લીધો. 'પણ આ આપણો નથી લાગતો.'

'એ તો મેં પકડ્યો!' 'એમ? ત્યારે તો બહુ મઝા પડી, નહિ?'

'હા.' કહી દિવ્યાએ ફરી એ પતંગ પોતાના હાથમાં લઈ લીધો. પછી દૂરના બીજા છાપરા તરફ હાથ લાંબો કરી ભગ્ગુનું ધ્યાન તે તરફ દોર્યું. 'પે.....લો છોકરો ઉડાડતો હતો તે તેના પતંગે સીધી આપણી અગાસીમાં જ ગોથ ખાધી!–ને મેં તોડી લીધો!'

સાહિત્યસંપર્ક

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારકગ્રંથ

ગુજરાતનાં પ્રાચીનસાહિત્ય ને કળાના પોષણનું તથા પરંપરિત સજીવ તત્ત્વજ્ઞાન-સંચારનું જૈન ધર્મ એક આગવું અંગ બની ગયો છે. જૈન ધર્મની ને સાથોસાથ ગુજરાતની એક અગ્રિમ તત્ત્વવિભૂતિ, જૈન સમાજમાં અનેક જરૂરી સુધારા કરનાર ને કેળવણીપ્રચારના અડીખમ પુરોધા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરી (આ અંકના 'માધુકરી' વિભાગમાં જેમની જીવનરેખા આપવામાં આવી છે) ઈ. ૧૯૫૪ના સપ્ટેમ્બરની ૨૨મીએ (સં. ૨૦૧૦ ભાદરવા વદ ૧૦) કાલધર્મ પામ્યા એ નિમિત્તે મુંબાઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયે (ગોવાળિયા ટૅન્ક રોડ, મુંબાઈ-૨૬; કિંમત રૂા. ૧૭.૫૦) પ્રકાશિત કરેલા તેમના જીવનને શ્રદ્ધાંજલિ રૂપ આ સ્મારક ગ્રંથમાં આચાર્યશ્રીનું જીવન, તેમને ભાવાંજલિ, તથા જૈન તત્ત્વજ્ઞાન અને કળા પર અભ્યનીય સાહિત્ય, ભાવક-અધિકારી લેખકોની કલમમાંથી ગુજરાતી, હિંદી ને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં, વિશદપણે ને સંખ્યાબંધ ચિત્રો સાથે, સુઘડ તથા રુચિકર મુદ્રણમાં, આપવામાં આવ્યાં છે.

જૈન તત્ત્વજ્ઞાનની અગાધતા ને સૂક્ષ્મતા તો જાણીતી છે જ; પરંતુ પ્રાચીન જૈનમંદિરોનો જે કળાવૈભવ સમગ્ર ભારતમાં અને તેમાં યે શ્રેષ્ઠ ને મબલખ રૂપે ગુજરાતમાં જે અનેક સ્થળોએ પ્રસરેલો છે એ તો દેશ સમસ્તની કલાસમૃદ્ધિનું લાક્ષણિક અંગ છે. એનો ઊડતો પરિચય કરાવતો શ્રી રવિશંકર રાવળનો માહિતી પ્રચાર લેખ એ ગ્રંથમાંથી તારવીને આઠ ચિત્રપ્લેટો તથા અન્ય નવી ચિત્રસામગ્રી ઉમેરીને આ અંકમાં ઉતારીએ છીએ.

આ ગ્રંથ એ સદ્. આચાર્યશ્રીના જીવનતત્ત્વની વિગતો દ્વારા ચિંતકો-ભાવકો માટે ઉત્તમ પ્રેરણાસ્થાન, ને જૈન સાહિત્ય કળા તથા તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓ માટે અભ્યાસનીય છે.

મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય(વડોદરા)નાં પ્રકાશનો

નલાખ્યાન : ગુજરાતી આખ્યાન-કાવ્યના પિતા ભાલણની છેલ્લાં દસ વર્ષથી અપ્રાપ્ય રહેલી આ શ્રેષ્ઠ આખ્યાનકૃતિ હવે આપણા આરૂઢ વિદ્વાન અને ભાષાશાસ્ત્રી શ્રી કેશવરામ કા. શાસ્ત્રીના સંપાદન સાથે આ પ્રકાશન દ્વારા સુલભ્ય બને છે. શ્રી શાસ્ત્રીએ લખેલી આ વિશિષ્ટ આખ્યાનકાવ્યની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના, તેમણે તૈયાર કરેલા ભાષાશાસ્ત્રીય મહત્ત્વ ધરાવતા વિસ્તૃત શબ્દકોશ તથા મૂળ હસ્તપ્રતની બે ફોટો-પ્લેટો સાથે. રૂ. ૮.૦૦.

નિરુત્તમા : પ્રાચીન આખ્યાનકાવ્ય 'નલાખ્યાન'ની સાથોસાથ અર્વાચીન એવું આખ્યાન પ્રકટ કરવાની જાણે યોજના હોય એવું આ પ્રકાશન, અર્વાચીન ગુજરાતી કવિતાના કાયિક સ્વરૂપને ઘડનાર પ્રો. બલવંતરાય ક. ઠાકોરનું સ્ત્રી-સ્વાતંત્ર્ય ચર્ચતું, સળંગ ઉપજાતિ છંદમાં લખાએલું અદ્યતન આખ્યાનક છે, અને ગુજરાતી પદ્યાત્મક કથાસાહિત્યમાં તે એક નવતર પ્રકારનો ઉમેરો કરે છે. વિચારપ્રધાનતાનો કવિતામાં આગ્રહ રાખતા પ્રો. ઠાકોરે સમાજમાં પ્રચલિત એક વિચાર-પ્રવાહને કથારૂપે આ કૃતિમાં નિરૂપ્યો છે, અને શક્ય એટલા વધુ પ્રમાણમાં તેની આંટીઘૂંટીઓને પણ પોતાની રીતે તેમણે છણી છે.

કૃતિના વિગતવાર પરિચય રૂપ 'પ્રસ્તાવના'માં શ્રી હર્ષદ મ. ત્રિવેદીએ જણાવ્યું છે તદનુસાર જેમ 'કવિનાં વાર્તાકલ્પન, વિચારબિંદુઓ અને સાથે એ બધાંના સમંજસ ગુંફનની કવિની અભિનવ કલાશક્તિની પરખની એક નવી તક ઊભી થાય છે.' તેમ આપણા કવિતા-સાહિત્યની સરહદો ને સંગ્રહશક્તિના યોગ્ય વિકાસનું તે એક આગવું પગલું છે. રૂા. ૨-૦૦.

દક્ષિણ કૈલાસ દર્શન : સ્વામી પ્રણવતીર્થજીએ કરેલા લંકાના પ્રવાસનું પોતે વાસરિકા (ડાયરી) રૂપે લખેલું આ બયાન એ સફરનું સૂકું વર્ણન નથી, પરંતુ પ્રવાસ-આનંદની સ્વાભાવિકતા-સાહજિકતાને તે જાળવી શક્યું છે; છેક સિલોન સુધી પ્રસરેલાં ભારતીય ધર્મ ને સંસ્કૃતિનો પ્રભાવ તથા તે પર વિદ્વત્તાભર્યું વિવેચન પણ તેમાં જોવા મળે છે. રૂા. ૬.૦૦.

મુંબઈ રાજ્યનાં કેટલાંક કૃષિકેન્દ્રોનો સરળ ભાષામાં સર્વાંગીણ વિગતો તેમજ આંકડાઓ સાથે પરિચય આપતી આ પુસ્તિકા ખેતીના વ્યવસાયીઓ તેમજ અભ્યાસીઓને માટે ઉપયોગી હાથપોથી સમી છે. રૂા. ૨.૫૬.

મહાકવિ શેક્સપીઅરનાં નાટકોને સરળ કથાનકો રૂપે ઉતારીને ચાર્લ્સ લૅમ્બે 'લૅમ્બ્સ ટેઈલ્સ ફ્રૉમ શેક્સપીઅર' દ્વારા બહુજનસમાજમાં ઉચ્ચ સાહિત્યનો આસ્વાદ પહોંચાડવા જે પ્રશસ્ય પ્રયત્ન કર્યો તેને અનુસરીને આપણા સંસ્કૃત સાહિત્યનો એવો પરિચય આપવાની પ્રવૃત્તિ થોડા સમયથી જે શરૂ થઈ છે તેમાં પ્રો. તારાબહેન રમણલાલ શાહ રચિત માળા 'પ્રાચીન સાહિત્યસુધા'ની ગણનાપાત્ર ઉમેરો કરતી પહેલી શ્રેણી હમણાં બહાર પડી છે; જેમાં મહાકવિ કાલિદાસ કૃત **શાકુન્તલ, વિક્રમોર્વશીય** તથા **માલવિકાગ્નિમિત્ર**; મહાકવિ હર્ષ વિરચિત **પ્રિયદર્શિકા, રત્નાવલી** તથા **નાગાનંદ**; મહાકવિ ભાસ કૃત **પ્રતિમા, પંચરાત્ર, પ્રતિજ્ઞાયોગંધરાયણ**, તથા **સ્વપ્નવાસવદત્તા** એટલાં કથાનકોનો સમાવેશ થાય છે. સાથે મૂળ કર્તા તેમજ કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય પણ આપ્યો છે. પ્રકાશક : આર. આર. શેઠની કંપની, ગોવિંદ બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨. દરેકના ૦.૫૦ (આઠ આના)

લૅન્ડૉરની જીવનકથા : સાહિત્ય અને જીવન વચ્ચે જેટલું અંતર ન દેખાય, એટલું ઘણી વાર આપણે સાહિત્યકાર અને જીવન વચ્ચે જોઇએ છીએ. વિદ્વાન અંગ્રેજી સાહિત્યકાર અને કવિ વૉલ્ટર સૅવેજ લૅન્ડૉર (૧૭૭૫-૧૮૬૪) તેનું દૃષ્ટાંત છે. શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે (ખપાટિયા ચકલા, સુરત)ની પ્રૌઢિસંપન્ન તેમજ ગૌરવાન્વિત કલમે આલેખાએલું, એ પ્રગલ્ભ વિચારક, ધીટ વિદ્વાન તથા પ્રતિભાસંપન્ન સાહિત્યકારનું આ ચરિત્ર જીવન-સાહિત્યના અવલોકનકારોએ અને સાહિત્યરસિકોએ ખાસ વાંચવા જેવું છે. રૂા. ૨.૦૦.

લૅન્ડૉરના કાલ્પનિક સંવાદો ભાગ-૨ : અંગ્રેજ વિદ્વાનમંડળમાં વખણાએલા લૅન્ડૉરના પ્રૌઢ વિચારો અને મધુર વાણીસંપન્ન કાલ્પનિક સંવાદોમાંથી ઉત્તમ સંવાદોના શ્રી મોહનલાલ પાર્વતીશંકરે કરેલા ભાષાન્તરનું આ સંકલન એક કાળે ગુજરાતી સાહિત્યમાં અભ્યસનીય પુસ્તક ગણાતું. એની નવી આવૃત્તિ બહાર પાડીને ઇષ્ટ સેવા કરી છે. તેના 'અવલોકન'માં સ્વ. આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવે યોગ્ય જ રીતે કહેલું કે 'આ એક શિથિલ ભાષાન્તર નથી, પણ મૂળની શોભા સાચવતું રમણીય પ્રતિબિંબ છે. સંવાદો 'લિરિક'ની પેઠે એક અખંડરૂપ હોઈ થોડે શ્રમે વિશેષ આનંદ આપે છે. પદ્યપંક્તિઓમાંની ભાષાન્તરકારની કવિતા પ્રાસાદિક છે.' પ્રકાશક : ભાષાન્તરકર્તા પોતે. રૂા. ૬-૦૦.

પ્રકીર્ણ

૧૮૫૭ : આટલું તો જાણજો : જેની શતાબ્દી ગયે વર્ષે અત્યંત ઉમંગ ને વ્યાપકતાથી ચર્ચાઈ-ઊજવાઈ તે ૧૮૫૭ના 'રાજદ્વારી હિંદની હતાશા અને ક્રોધના મરણિયા ખેલ' રૂપી વિપ્લવ વિષેના શ્રી વિજયશંકર મંછારામ ભટ્ટની કૃતિ : આટલું તો જાણજો, સિપાઇઓમાં અસંતોષની જ્વાળા, સૂત્રધારો,



માધુકરી


યાત્રાએ જાઉં ત્યારે પથ સરલ ન’જો, ફાવતા વા ન વાજો,
ને કંઠે શોષ ઊંડો જળ વિણ પડજો, આકરી લૂય વાજો,
ને યેથી યે અકારી અબવચ નડજો કૈં ઉપાધિ અકલ્પી,
શ્રદ્ધાની કિન્તુ કોદિ’ નવ ખૂટી પડજો વાટમાં વાટખર્ચી!

પ્રયાણ’ — દેવજી રા. મોઢા

બ્રિટનના વડાપ્રધાન : હૅરૉલ્ડ મૅકમિલન

બ્રિટન અને હિંદના લગભગ બે સૈકાના સંબંધ દરમિયાન બ્રિટનના વડાપ્રધાને કદી ભારતની મુલાકાત લીધી નથી. ચાલુ માસમાં અહીં આવી ગએલા હૅરૉલ્ડ મૅકમિલન એ હિંદ આવનારા બ્રિટનના પહેલા વડાપ્રધાન છે.

આજથી એક વર્ષ પહેલાં–૧૯૫૭ના જાન્યુઆરીમાં સર ઍન્થની ઈડનના રાજીનામા પછી બ્રિટનના વડાપ્રધાનપદે આવેલા મિ. મૅકમિલન જગતના રાજકારણના શાન્ત પરંતુ ધીટ ખેલંદા છે. બ્રિટનના ‘રૂઢિચુસ્ત ટોરી’ પક્ષમાં તે અજોડ ને મક્કમ પ્રત્યાઘાતી ગણાય છે. ઢીલા અને ચીલા ચાલુ કૉન્ઝર્વેટિવોની કારકિર્દી દરમ્યાન અનેકવાર તે ઉગ્ર ‘બળવાખોર’ પણ થયા.



સસેક્સ મુકામે પોતાની અંગત લાયબ્રેરીમાં મિ.મૅકમિલન

‘મૅકમિલન’નામ એક બીજી રીતે તો લગભગ મોટા ભાગના શિક્ષિત ભારતવાસીને જાણીતું છે. પાઠ્ય પુસ્તકો (ને ઉચ્ચ કોટિના સાહિત્ય ગ્રંથો) પ્રકટ કરનારી મૅકમિલનની પ્રકાશનસંસ્થા દ્વારા! એ મૅકમિલન કંપની એમના જ કુટુંબની પેઢી છે, અને પ્રધાનમંડળની કે બીજી સરકારી કામગીરીમાં જોડાએલા ન હતા એ દરમ્યાન તેઓ એના મૅનેજિંગ ડાયરેક્ટર હતા.

સ્કૉટિશ પિતા અને અમેરિકન માતાને ત્યાં ઈ. ૧૮૯૪માં જન્મેલા મિ. મૅકમિલન ઇંગ્લંડના પ્રાચીન ને પીઢ પરંપરાવાળા શિક્ષણધામ ઈટનની શાળામાં શિક્ષણ લઈ આક્સફર્ડની બેલીઅલ કૉલેજમાં જોડાયા. જ્યાંથી મૉડરેશન્સમાં




ચાહા

બહુ ઓછું જોવા મળતું આ પંખી યાયાવર હોવા ઉપરાંત ભારતનું રહેવાસી પણ છે. યાયાવર પંખીઓ સપ્ટેમ્બરમાં અહીં આવે છે ને મે મહિના સુધી રોકાય છે.

તેની ચિત્રરૂપતાને લીધે અંગ્રેજીમાં તેને ‘પેઇન્ટેડ સ્નાઇપ’ કહે છે. તેની પીઠ કાળી, તેમાં સફેદ પટ્ટીઓ અને પાછળના ભાગમાં સફેદ ને કાળી આડી રેખાવાળી પાંખ ટૂંકી ને પહોળી, ગાઢા તપખીરિયા રંગની, સફેદ રેખાઅંકિત, છેડે સફેદ, ઉપરના ભાગમાં કાળી-સફેદ ટપકાં છંટાએલી. પેટાળ ધોળું, આંખની કીકી તપખીરિયા રંગની, ચાંચ મેલી તપખીરિયા ને લાંબી, આગળને ભાગે સહેજ ફૂલેલી–જેથી કાદવમાંના કીડા ચૂંટતાં કાદવ અનાયાસ તરવાઈ જાય. પગ મેલા લીલા. પગે લાંબા નહોર. નરની લંબાઈ લગભગ દસ ઈંચ ને માદાની અગિયાર. નર કરતાં માદા દેખાવડી.

નદીતળાવનો (છુપાવા માટે ઊગેલી ઘાસ જેવી વનસ્પતિની સગવડવાળો) કાંઠો એ તેનું નિવાસસ્થાન. ખોરાક નાનાંનાનાં જંતુ કીડાનો, ક્યારેક ચોખા ને વનસ્પતિ યે ખાય. છુપાવામાં તેતર જેવું ને ભાગવામાં બટેર જેવું હોશિયાર. ઉડ્યન આયાસવાળું ને રેલપાટા જેવું સીધું, થોડા વાર સુધી ઊડીને છેયાનેતરમાં ઊતરી પડે. આડે આવતા ઘાસ કે છેયામાં થઈને સફાઈથી રસ્તો કાઢતું મજબૂત ને તેજીલા પગ વડે દૂર સુધી દોડી શકે. પ્રસંગ પડ્યે આશ્ચર્યજનક કુશળતાથી તરી યે શકે. માદાનો સ્વર નરના તીણા અવાજની સરખામણીમાં ઊંડો ને કોમળ.

જમીન પરના ઘણું કરીને ઘાસના માળામાં વરસની કોઈ પણ ઋતુમાં માદા તપખીરિયા છાંટવાળાં ઝાંખા મટોડી રંગનાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે. ત્યાં સુધી તો એ પોતાના નરનું હરીફોથી રક્ષણ કરવા કૃતસજ્જ રહે છે. લડાઈઓ પણ નોતરે છે; પરંતુ પછી ઇંડાં સેવવાનું તથા બચ્ચાં ઉછેરવાનું નરને સોંપી દઈ બીજા જ નરની શોધમાં પલાયન થઈ જાય છે!



લંડનમાં ૧૯૫૭માં મળેલી કૉમનવેલ્થના વડાપ્રધાનોની કૉન્ફરન્સમાં વડાપ્રધાનો અને પ્રધાનો. તેમાં ડાબી બાજુથી બેઠેલા ડૉ. કવામ નુક્રુમાહ (ઘાના), પંડિત જવાહરલાલ નેહરુ (ભારત), જહૉન ડિફેન્બૅકર (કૅનેડા), હૅરોલ્ડ મૅકમિલન (યુનાઇટેડ કિંગડમ), આર. જી. મૅન્ઝીઝ (ઑસ્ટ્રેલિયા) અને એચ. એસ. સુહરાવર્દી (પાકિસ્તાન) તથા પાછળ ઊભેલામાં ડાબી બાજુથી એમ. ડબ્લ્યુ. એચ. ડી. સિલ્વા (સિલોનના ન્યાયખાતાના પ્રધાન તથા ત્યાંની સેનેટના પ્રમુખ), ટી. એલ. મૅકડોનલ્ડ (ન્યૂ ઝિલૅંડના સંરક્ષણ અને વિદેશખાતાના પ્રધાન), ઈ. એચ. લૌ (યુનિયન ઑવ સાં. આફ્રિકાના વિદેશખાતાના પ્રધાન) તથા રૉય વેલેન્સ્કી (ર્હૉડેશિયા અને ન્યાસાલૅન્ડ), ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટના બગીચામાં.

તેઓ પહેલા વર્ગમાં આવ્યા.

પહેલા મહાયુદ્ધમાં ગ્રીનેડીઅર ગાર્ડ્ઝમાં કામગીરી બજાવતાં તે ત્રણ વાર ઘવાયા હતા, જેમાં એક ઘા તો જીવલેણ જેવો નીવડેલો, અને તેની કદરમાં 'મિલિટરી ક્રૉસ'થી તેમનું બહુમાન કરવામાં આવેલું. યુદ્ધ સમાપ્તિ પછી ૧૯૧૯માં કૅનેડાના ગવર્નર જનરલપદે નીમાએલા. ડ્યૂક ઑાવ ડેવનશાયરના એ. ડી. સી. તરીકે ગયા, જ્યાં બીજે વર્ષે ડ્યૂકની પુત્રી ડૉરૉથી કૅવૅન્ડિશની સાથે તે લગ્નગ્રંથિથી જોડાયા. એ દંપતીને આજે એક પુત્ર (એ પણ પાર્લામેન્ટમાં ચૂંટાયા છે) ને ત્રણ પુત્રીઓ છે.

જગતની જૂનામાં જૂની ને સફલતમ પ્રકાશન સંસ્થાઓ પૈકીની એક મૅકમિલન કંપનીને તેમની દક્ષ કાર્યપ્રણાલીએ વધુ પ્રગતિમાન કરી છે. આશ્ચર્ય લાગે એવી વાત છે કે વિખ્યાત અર્થશાસ્ત્રી કેઈન્સ, ઈ. એચ. કાર અને જી. ડી. એચ. કોલ જેવા જે લેખકો ટોરી પક્ષના કટ્ટર વિરોધીઓ હતા તેમનાં જ પુસ્તકોનાં પ્રકાશનમાં એમનો મોટો ફાળો હતો! એ બતાવે છે કે તેમને પોતાનો પક્ષ જેટલો વહાલો છે એટલું જ ન્યાયમૂલક જ્ઞાનવિજ્ઞાન પણ પ્રિય છે તથા પોતે પૂરા ખેલદિલ છે.

ઈ. ૧૯૨૩માં તેઓ પહેલવહેલા પાર્લામેન્ટની ચૂંટણી માટે ઊભા રહ્યા ત્યારથી આજ લગીની કારકિર્દીમાં એમને કેટલીક વાર હાર પણ મળી છે; પરંતુ ધીટતા અને સ્પષ્ટ વિચારસરણી દાખવીને તેઓ અંતે વિજયી નિવડયા છે. વળી, ખુદ પોતાના પક્ષમાં પણ તે ખોટી હાજી હા ભણીને કોઇના હાથા કદી નથી બન્યા. યુદ્ધ પૂર્વેનાં વર્ષોમાં એમણે પોતાના પક્ષના પ્રમાદ અને ઢીલી નીતિ સામે તેજાબી ટીકાઓ કરી હતી. પાર્લામેન્ટમાં પ્રથમથી જ તેઓ સામાજિક સુધારણામાં સક્રિય રસ લેતા રહ્યા છે. તેમના શબ્દોમાં કહીએ તો, 'ગરીબીને મારી હટાવવા, અનિશ્ચિત પરિસ્થિતિઓનો અંત લાવવા, આબાદી સ્થાપવા તથા તંગીઓને દૂર કરતી સામાજિક યોજનાઓ કરી વાસ્તવિકતાની સાથે મેળ બેસે તેવી નવી પદ્ધતિઓ હાંસિલ કરવા'ના વર્તમાન પેઢી માટેના આ એક મહત્તમ કાર્યના તેઓ હિમાયતી છે. પોતાના આ વિચારો એમણે ભાષણોમાં તથા 'ધ મિડલ વે' (મધ્યમ માર્ગ) નામના પોતાના એક પુસ્તકમાં રજૂ કર્યા છે. આ સદીની ત્રીશીની શરૂઆતમાં ભયંકર બેકારીથી જ્યારે લોકો બ્રિટનની ભૂમિ પર ધંધા વિનાના રખડતા હતા ત્યારે સરકારને તેમણે તાતાં તીર જેવી વાણીથી સતત ને સખત વખોડી કાઢેલી. અને પોતાના પક્ષમાં સ્વસ્થ આર્થિક નીતિઓની સ્થાપના માટે તેમણે 'જિંજર ગ્રૂપ' (તેજસ્વી વિચારકોનો સંઘ) રચીને તેની સરદારી લીધેલી. આમ, કોઈની પણ કદમબોસી કર્યા વિના કે મોંએ સારું લગાડયા વિના તેઓ પોતાના પક્ષમાં 'બળવાખોર' બની રહ્યા.

યુદ્ધકાળ દરમિયાન પણ એમણે અલ્જિરીઆ, ઈટાલી, ગ્રીસ, વગેરે દેશોમાં ઘણી અગત્યની કામગીરીઓ બજાવેલી. ૧૯૪૦માં જ્યારે વિન્સ્ટન ચર્ચિલ વડા પ્રધાન બન્યા ત્યારે તેમણે મૅકમિલનની શક્તિ પિછાણીને તેમને પુરવઠાપ્રધાન મંડળમાં લીધા. ૧૯૪૨માં તેઓ સંસ્થાનો માટેના ઉપમંત્રી બન્યા. અને આમ બ્રિટનના વડાપ્રધાન બનવા દરમ્યાન પાર્લામેન્ટની અનેક ફરજો એમણે દક્ષતાથી બજાવી છે.

પોતાનો મત ભૂલભરેલો લાગે તો તુરત તેઓ એને એક વીર પુરુષને છાજે એ રીતે છડેચોક બદલી શકે છે. ઈ. ૧૯૪૫માં સામાન્ય ચૂંટણીમાં બેઠક ગુમાવી ત્યારે તેમણે પોતાના મતો એવી જ નીડર રીતે

બદલેલા. અત્યારે તેઓ સામ્યવાદી આક્રમણ સામે યુરોપને એકસૂત્રે સંગઠિત કરવાની ચળવળના અગ્રેસર ગણાતા નેમક્રમ સભ્યોમાંના એક છે.

વડાપ્રધાનપદે આવ્યા પછી યુનાઈટેડ કિંગડમમાં અણુશક્તિના વિકાસ માટેની જવાબદારી પણ તેઓ જ સંભાળે છે. અગાઉ આ ફરજ કાઉન્સિલના લૉર્ડ પ્રેસિડન્ટની હતી. પોતાના વડાપ્રધાનપદ દરમ્યાન એમની સામે ઘણા આંતરરાષ્ટ્રીય પ્રશ્નો આવ્યા છે. ઈ. ૧૯૫૭ દરમિયાન એટલા સારુ જ એમને પારિસ, બૉન, બર્મ્યુડા, વૉશિંગ્ટન અને ઓટાવાની મુલાકાતો લેવી પડી છે. આમ, આજે તો યુરોપ-અમેરિકાનું એટલે કે રાજકારણની પોણા ભાગની દુનિયાનું ભાવિ તેમના અને અમેરિકાના પ્રમુખ આઈઝનહુવરના નિર્ણયો પર તોળાઈ રહ્યું છે.

૧૯૫૭ના જૂન-જુલાઈમાં, પોતાના વડાપ્રધાનપદ દરમિયાનની પહેલી જ એવી, કૉમનવેલ્થના વડાપ્રધાનોની કૉન્ફરન્સ મળી ત્યારે તેના તેઓ પ્રમુખ હતા. કૅનેડાના વડાપ્રધાનના શબ્દોમાં કહીએ તો 'આ મિટિંગ અત્યાર સુધીની આવી મિટિંગોમાં ઘણી જ આગળપડતી હતી', અને એ માટે મિ. મૅકમિલને પણ એક વાયુપ્રવચનમાં કહ્યું હતું કે, 'મારા હૃદયને જે હૂંફ આપે છે તે તો એ છે કે આ વખતે પરસ્પર સહાયભૂત થવાની પરોપકારભરી અનેક સમજણો અને કબૂલાતો થઈ શકી છે. આનું કારણ એ છે કે, પ્રણાલીઓ, જાતિઓ, ધર્મ અને ઇતિહાસમાં વિભિન્નતા હોવા છતાં એક જ આદર્શ—વ્યક્તિગત હક્કો, સ્વતંત્રતા, લોકશાહી સરકાર અને આંતરરાષ્ટ્રીય ન્યાયના આપણે સૌ હિમાયતી છીએ. આપણે એકબીજાના મન ઓળખીએ છીએ. અને આ પરિસ્થિતિ વડે જ કૉમનવેલ્થ પોતાના સભ્યોમાં કાયમ માટેની એક ઊંડી શ્રદ્ધા પ્રેરશે અને જગતમાં પોતાની લાગવગ વધારી શકશે.'

જૈન આચાર્ય સ્વ. શ્રી વિજયવલ્લભસૂરિજી

કોઇકે કહ્યું છે કે ભારતમાં હવે રાજદ્વારી પુરુષો, સેનાધિપતિઓ, ઈજનેરો ને વિજ્ઞાનીઓ વિશેષ પાકતા થયા છે, પણ મહાત્માઓ વિરલ બનતા જાય છે. એવી એક મહાત્મ્યવિભૂતિ ગુજરાતે જે છેલ્લાં વર્ષોમાં ખોઈ છે, તે જૈન ધર્મના તત્ત્વવિદ્યાવારિધિ, જૈન સમાજમાં સક્રિય સુધારક ને કેળવણીના અખંડ પુરોધા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી. ફૂલ પોતાને પડખેથી નીકળતા રાહદારીને યે પોતાની સુવાસનો લાભ આપે છે; તેમ જૈન તેમજ જૈનેતર જે લોકો એ વિભૂતિના સમાગમમાં આવ્યા તે સહુએ તેમની પાસેથી મનભર માર્ગદર્શન અને પ્રેરણા મેળવ્યાં છે. તેમણે જીવનભર જે કંઇ કર્યું તે ન ધન માટે, ન કીર્તિ માટે કે ન કોઇ પ્રકારના ઐહિક સુખ માટે; માત્ર પરમાર્થદષ્ટિએ. તેઓ કહેતા: 'આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે; પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોગમાં આ જીવનમાં જે કાંઇ ફાળો આપી શકાય તે આપવાનું કેમ ભૂલી શકાય? આ ક્ષણભંગુર શરીરનો છેવટની ઘડી સુધી ઉપયોગ તો કરી લેવો જોઇએ ને?' આવા, શરીરને ક્ષણભંગુર ગણીને, કાર્યને તાણે ત્યાગનો વાણો સંલગ્ન કરીને પરમ જીવનસિદ્ધિની પ્રાપ્તિ કરનારા મહાત્માઓ વિરલ છે.



તેમનો જન્મ સં. ૧૯૨૭ના કારતક સુદ બીજને દિવસે વડોદરામાં થયો હતો. એમનાં માતુશ્રી અને પિતાશ્રીનાં નામ ઇચ્છાબાઈ ને દીપચંદભાઇ; અને એમનું સંસારી નામ છગનલાલ. નાનપણમાં જ પિતાનું અવસાન થતાં શ્રદ્ધાળુ માતાએ પુત્રના જીવનમાં ધાર્મિક સંસ્કારો રેડવા માંડ્યા, પરંતુ તે હજુ અંકુરિત છોડરૂપે પાંગરી ઊઠે તે પહેલાં માતાનું પણ અવસાન થયું. એવામાં જૈનધર્મધુરંધર આત્મારામજી મહારાજ વડોદરે આવ્યા, અને તેમના સાંનિધ્યમાં છગનભાઇએ પોતાની ધર્મપિપાસાનું તૃપ્તિસ્થાન શોધ્યું. તે પરથી સં. ૧૯૪૪ના વૈશાખ સુદ ૧૩ને દિવસે, સત્તર વર્ષની કુમળી વયે, રાધનપુરમાં તેમણે દીક્ષા લીધી અને મુનિશ્રી હર્ષવિજયજીના શિષ્ય થયા. પણ જૈન ધર્મના સંસ્કારો તો મુનિશ્રી આત્મારામજી મહારાજની સીધી દોરવણી નીચે મેળવ્યા જ કરેલા; અને પાલીમાં સં. ૧૯૪૬ના વૈશાખ સુદ દશમને દિને આત્મારામજી મહારાજે તેમને વડી દીક્ષા આપી. આ વેળાએ તેમણે 'આત્મપ્રબોધ' તેમજ 'કલ્પસૂત્ર'ની 'સુબોધિની ટીકા'નું અધ્યયન કર્યું. ત્યાર પછી 'ન્યાય', 'અમરકોશ', 'અભિધાનચિન્તામણિ', 'દશવૈકાલિક સૂત્ર' તથા 'આચારપ્રદીપ'નો અભ્યાસ કર્યો અને 'ચન્દ્રપ્રભા' વ્યાકરણનું તથા 'શ્રી આવશ્યકસૂત્ર'ના અધ્યયન સાથે જ્યોતિષનો પણ અભ્યાસ કર્યો.

સં. ૧૯૫૨ના જેઠ સુદ સાતમને દિને પૂ. આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા, એટલે તેમનું જીવનકાર્ય મુનિશ્રી વિજયવલ્લભજીએ ઉપાડી લીધું. તેમણે પંજાબના જૈન સંઘને પ્રેરણા આપી, અને અનેક ધાર્મિક સંસ્થાઓ સ્થાપી તથા જૈનતાત્ત્વિક પ્રવૃત્તિઓ આરંભાવી અને બાર વર્ષ સુધી પંજાબને જ તેમણે પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

સં. ૧૯૬૪ પછી ગુજરાત તરફ આવવાની નેમથી તેમણે વિહાર શરૂ કર્યો, અને દિલ્હી બિનૌલી વગેરે ફર્યા. ગુજરાનવાલામાં વધુ નિર્ણયાત્મક શક્તિ સાથે તેમણે સાહિત્યિક પ્રવૃત્તિ શરૂ કરી 'વિશેષ નિર્ણય' અને 'ભીમજ્ઞાનત્રિંશિકા' નામનાં બે પુસ્તકો તૈયાર કર્યાં. આ પુસ્તકોમાં પ્રાચીન હિંદુ શાસ્ત્રો અને તેની ટીકાઓનો ઉપયોગ કરી, મુનિશ્રીએ યજ્ઞની પ્રવૃત્તિ પર પ્રકાશ પાડ્યો છે. તે પછી અનેક વિહારો કરતા સં. ૧૯૬૫ના જેઠ સુદ બીજને દિવસે તેઓ પાલણપુર આવ્યા. હવે તેમના જીવનનું ઘડતર થઈ ચૂક્યું હતું. સં. ૧૯૮૧ના માગશર સુદ ૫ને દિને તેમણે લાહોર ખાતે આચાર્યપદારોહણ કર્યું.

જૈન તથા જૈનેતર હિંદુ, બૌદ્ધ આદિ ધર્મોના પણ તેઓ વિદ્વાન તત્ત્વપંડિત હતા. તેમની વિશિષ્ટ સેવા તો એ છે કે તેમણે લોકોને માત્ર જૈન ધર્મનું જ તત્ત્વજ્ઞાન ન સમજાવ્યું, પરંતુ સંકુચિત વાડાબંધીના વિચારોને દૂર કરીને કલ્યાણ અને એકતાનું જ ઉદ્બોધન કર્યું. પોતાની ૮૪મી જન્મજયંતી પ્રસંગે મુંબાઈમાં ચોપાટી પર યોજાએલા સમારંભ વખતે તેમણે ઉચ્ચારણ કર્યું હતું: 'હું જૈન નથી, બૌદ્ધ નથી, વૈષ્ણવ નથી, શૈવ નથી, હિંદુ નથી, મુસ્લિમ નથી; હું તો પરમાત્માને શોધવા માટેના પંથ પર આગેકૂચ કરવા માગતો માનવી છું.' પહેરવા માટે ખાદીનાં કપડાંનો જ આગ્રહ રાખીને તથા પરદેશી ખાંડનો ત્યાગ કરીને તેમણે રાષ્ટ્રદષ્ટિને જીવનમાં ઉતારી હતી.

જ્યાંજ્યાં પોતે ગયા-રહ્યા ત્યાંત્યાં તેમણે જૈન વિદ્યાલયો, પાઠશાળાઓ, ગુરુકુળો, સ્ત્રીશિક્ષણાલયો, પુસ્તકાલયો, ને ઔષધાલયો બંધાવ્યાં. ધર્મ અને કેળવણી ઉભયને તેઓ અવિભાજ્ય સમજતા. અખિલ ગુજરાતના જૈન સમાજમાં કેળવણીના ધામ તરીકે પ્રખ્યાત મુંબાઈનું શ્રી મહાવીર જૈન મહાવિદ્યાલય એ કેળવણી માટેની તેમની ધગશનું જીવતુંજાગતું ઉદાહરણ છે. આવી જ્ઞાનસંસ્થાઓના ભંડોળથી માંડીને તેનાં મકાન, સગવડ, જ્ઞાનસામગ્રી આદિની અનેકવિધ યોજનાઓ-ચિંતાઓ તેઓ રાખતા અને આ સંસ્થાઓને પગભર-પ્રતિ-

ક્ષિત કરવામાં તેમનો બહોળો ફાળો રહેતો.

એક સિદ્ધ આચાર્ય તરીકે તેમની સમજાવટની શક્તિ અને શૈલી એટલી અસરકારક હતી કે સ્થળેસ્થળે જૈન સંઘ-શ્રાવકોના ઝગડાઓનો તેઓ સહુને સંતોષ થાય એવી રીતે જોતજોતામાં નિકાલ લાવી દઇ શકતા. જૈન સમાજમાં પ્રવર્તતા કન્યાવિક્રય, વરવિક્રય જેવા અનેક કુધારાઓને તેમણે બંધ કરાવ્યા. જૈન સંમેલનો કે પરિષદોના તો તેઓ ભૂષણ બની રહેતા.

તેમને થએલા અષ્ટિલાગ્રંથિના વ્યાધિએ ઉગ્ર સ્વરૂપ પકડતાં તા. ૨૧મી ડિસેમ્બર ૧૯૫૩થી તેઓ મુંબાઈના જૈન મહાવિદ્યાલયમાં સારવાર માટે રહેલા. ભારતભરના નિષ્ણાત દાક્તરોની માવજતભરી સારવાર લેવાએલી. પરંતુ તે નિષ્ફળ જતાં તા. ૨૨મી સપ્ટેમ્બર '૫૪ના રોજ એ મહાત્માએ, દેહવ્યાધિને જાણે ઓળખતા જ ન હોય એવા 'શિવમસ્તુ સર્વ જગતઃ' એ વિચારસંપૃત મને શાંતિથી દેહ ત્યજ્યો.

વિકસતું વિજ્ઞાન

◐ રૂરકી ખાતેની બાંધકામ સંશોધન સંસ્થામાં ગામડાંના ઘરની દીવાલો, ભોંય અને છાપરાં માટે (પ્રીકાસ્ટ ડબલી કર્વ્ડ શેલ એલીમેન્ટસ) શોધવામાં આવ્યાં છે. એક ગુણપાટની નીચે કાંઈક આધાર મૂકીને ગુણપાટમાં સિમેન્ટ કૉન્ક્રીટ, લાઈમ સુરખી અથવા લાઈટ વેઈટ કૉન્ક્રીટ ભરવામાં આવે છે અને પછીથી ગુણપાટની નીચેનો આધાર ખસેડી લેવામાં આવે છે. આ સામગ્રી ઉષ્ણ કટિબંધના દેશોમાંની હવામાન પરિસ્થિતિ માટે ખાસ અનુકૂળ છે.

◐ શીંગનાં છોડાં, ભાતનાં છાલાં, કેળની છાલ, કાથી, બગાસે (ખાંડનો મેલ), વગેરે નકામા પદાર્થોમાંથી ઇન્સ્યુલેટિંગ મટીરિઅલ્સ (ગરમી અને અવાજને શોષી લેનારી સામગ્રી) મહિસૂર ખાતેની સેન્ટ્રલ ફૂડ ઍન્ડ ટેકનૉલૉજિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટમાં તૈયાર કરવામાં આવી છે. આ સામગ્રી બૂચના જેવા ગુણધર્મો ધરાવે છે.

◐ મલાઇને પ્લાસ્ટિકની કોથળીઓમાં ભરીને વેચવાની એક નવી પદ્ધતિનો અમેરિકામાં અખતરો થયો છે. તેનાથી મલાઈની જાત સુધરી છે, જગ્યા ઓછી રોકાય છે, અને વજન ઓછું થાય છે સંશોધને બતાવેલું છે કે જ્યારે મલાઇને આ કોથળીઓમાં સારી રીતે ભરવામાં આવે છે ત્યારે તેનું માખણ ઊંચી જાતનું બને છે.

◐ ઇલિનોય યુનિવર્સિટીના પ્રયોગકેન્દ્રમાં પ્રાણીઓને અપાતા ખોરાકમાં વિવિધ રસાયણો ભેળવવાથી શી અસર થાય છે તેના પ્રયોગો થતા હતા. તેમાં ઘેટાંના ખોરાકમાં જરા ગંધક નાખવાથી તેમનું ઊન એક વાર ખેંચ્યા પછી સંકોચાઈ જતું ન હતું! આ નવી શોધ ઘેટાંના ઉછેરના વ્યવસાયમાં ક્રાંતિ કરશે.

◐ અમેરિકાના એક તુસખાબાજ પિતાએ એવી જાતનું પારણું શોધી કાઢ્યું છે કે પારણામાં સૂતેલું બાળક રડવા માંડે કે તરત પારણું ઝૂલવા લાગે. એમાં વીજાણુથી ચાલતું નિયામક યંત્ર છે. બાળકના રુદનથી થતો અવાજ આ યંત્રને ચાલુ કરી દે છે, અને તે યંત્ર એક વીજળીની મોટરને ચાલુ કરી દે છે, જેથી પારણું ઝૂલવા માંડે છે.

◐ એક બહેરો માણસ બીજા બહેરા સાથે સ્પર્શેન્દ્રિયથી વાત કરી શકે એવું એક નવું સાધન શોધાયું છે. એમાં બે નાની પેટીઓ હોય છે. એક પેટીમાંથી પિયાનો જેવી ચાવીઓ દબાવીને એક માણસ બીજી પેટી તરફ મોજાં વહેતાં મૂકે છે. આ મોજાંની અસરથી ધ્રૂજે તેવી તકતી પર હાથ મૂકીને સામો માણસ સંદેશા ઝીલે છે.

◐ શિકાગો પાસે આવેલી આર્ગોન રાષ્ટ્રીય પ્રયોગશાળામાં અણુશક્તિથી નીપજતી વીજળીથી ચાલતું ગણિતયંત્ર શોધાયું છે. તે એક સેકન્ડમાં ૨ લાખ જુદાજુદા સરવાળા કરી શકે છે.

આ માસ (જાન્યુઆરી) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૨ ટચૂકડા જાપાને વિરાટકાય રશિયાને હરાવી પૉર્ટ આર્થર પર વિજયધ્વજ ફરકાવ્યો, ૧૯૦૫.
તા. ૪ હિંદની સવિનય ભંગની ચળવળનાં મંડાણ; નેતાઓની ધરપકડ, ૧૯૩૨.
તા. ૭ બળવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહની દેશનિકાલી, ૧૮૫૮.
તા. ૧૦ અંગ્રેજો માટે વેપારની મંજૂરી લેવા સર ટૉમસ રો જહાંગીરના દરબારમાં આવ્યો, ૧૬૧૬.
તા. ૧૩ તૈમૂર લંગે દિલ્હી જીત્યું અને લૂંટ્યું; હિંદ પર પરદેશી વર્ચસ વધુ વ્યાપક બન્યું, ૧૩૯૯.
તા. ૧૪ 'અકબરનામા'ના વિદ્વાન લેખક અને ઇતિહાસકાર અબુલફઝલનો જન્મ, ૧૫૫૧.
તા. ૧૭ કૅપ્ટન કૂકે પોતાની સાહસસફરમાં અજાણપણે દખ્ખણ ધ્રુવનું કૂંડાળું ભેદ્યું, ૧૮૭૩.
તા. ૨૪ આયર્લંડના સ્વાતંત્ર્યનો મુખ્ય કર્ણધાર એમન દ વેલેરા ત્યાંનો પ્રમુખ ચૂંટાયો, ૧૯૩૩.
તા. ૨૬ હિંદની કેળવણીમાં રાષ્ટ્રીય અસ્મિતાના જનક સર ગુરુદાસ બૅનરજીનો જન્મ, ૧૮૪૪.
તા. ૩૧ દખ્ખણમાંથી મુઘલ રાજ્યની જડ ઉખેડવા શિવાજીએ પ્રવૃત્તિ આરંભી, ૧૬૪૭.

વ્યક્તિવિશેષ: જેમ્સ વૉટ



વરાળની પ્રચંડ શક્તિને નાથીને માનવહિતમાં યોજવાની કલ્યાણકારી શોધના પ્રાણ પ્રતિષ્ઠાતા યંત્રશાસ્ત્રી જેમ્સ વૉટનો જન્મ ઈ. ૧૭૩૬ની ૧લી જાન્યુઆરીએ સ્કૉટલંડના ગ્રીનૉક ગામમાં એક બાહોશ સુથારને ત્યાં થયો હતો. ૧૮ની ઉમરે તો એ ગાણિતિક ઓજારો બનાવતો થઈ ગએલો. ગ્લાસગોમાં પોતાની કળાને વિશેષ તક ન લાધતાં તે લંડન આવ્યો, જ્યાં એક વરસ સુધી હંગામી શિખાઉ તરીકે કામ કર્યું. દરમ્યાન ગરીબી અને નાજુક તબિયતે તેનો સતત કેડો લીધેલો. ૨૦ની વયે ફરી ગ્લાસગો આવી ૧૭૫૭માં યુનિવર્સિટીમાં ગાણિતિક ઓજારો બનાવનારની જગ્યા લીધી. ઈ. ૧૭૬૩માં તેને યુનિવર્સિટીનું એક બગડેલું 'ઍટમૉસ્ફેરિક ઍન્જિન' સમું કરવાનું આવ્યું. વર્ષો પૂર્વે શોધાએલી વરાળયંત્રની જાતનું આ એન્જિન બળતણ ખૂબ ખાતું અને કામ નહિ જેવું ઉતારતું. એન્જિનમાં થતો શક્તિનો આ ક્ષય રોકતું એક 'કન્ડેન્સર' યોજીને તેણે આ કોયડાનો જે ઉકેલ શોધ્યો તે વરાળવિજ્ઞાનના ઇતિહાસમાં સીમાસ્તંભરૂપ બન્યો, અને ઈ. ૧૭૬૯માં તેણે તેનું પેટન્ટ લીધું. ઈ. ૧૭૭૪માં તેણે નહેરો-બંદરોની મોજણીનું ઈજનેરી કામ કર્યું, જે દરમ્યાન તેણે વરાળયંત્રની શોધનું પોતાનું યશોજ્જ્વલ કાર્ય આદરી દીધેલું, એટલે એ જ બર્મિંગહામ નજીક જાણીતા ઈજનેર મૅથ્યુ બોલ્ટનના ધીકતા કારખાનામાં તે ભાગીદારીથી જોડાયો, અને તે જ વર્ષે બંનેએ મળીને આજના વરાળયંત્રના વડવા રૂપ પહેલું એન્જિન તૈયાર કર્યું. વૉટનું એન્જિન પહેલાં તો હવા ભરવાના, ને ભઠ્ઠી ફૂંકવાના કામમાં યોજાતું; પરંતુ બોલ્ટનના સાહસથી પ્રેરાઇને તે ગતિચાલક એન્જિન બનાવવા પાછળ મચ્યો રહ્યો, જે ૧૭૮૧માં તૈયાર થઈ પેટન્ટ કરાયું. વરાળયંત્રને લગાડાતા સેન્ટ્રિફ્યૂગલ ગવર્નર અને જલ-માપક માટે પણ આપણે તેના જ ઋણી છીએ. એ પછી છેક ૮૨ વર્ષની ઉમરે તેણે શિલ્પોની પ્રતિકૃતિઓ ઉતારનાર યંત્રની પણ શોધ કરેલી. ઈ. ૧૮૧૯ની ૧૯મી ઑગસ્ટે તેનું અવસાન થયું.

પ્રસંગ વિશેષ: એડન અંગ્રેજોના હાથમાં ગયું: ૧૯મી જાન્યુઆરી ઈ.સ.૧૮૩૯

અરબસ્તાનની દક્ષિણે ઉજ્જડ જ્વાળામુખી ખડક પર વસેલું ધીકતું બંદર એડન, રાતા સમુદ્રનું દક્ષિણનું સગવડભર્યું ને અતિ ઉપયોગી પ્રવેશબારું છે. મીઠું, કોલસા, લાકડાં, સિગારેટ ને જહાજ-બાંધકામના ઉદ્યોગોનું અગત્યનું મથક પણ છે. યુરોપ-એશિયાના મહત્વના બારા તરીકે સદીઓથી જાણીતા આ બંદર પર ઈ. ૧૫૧૩માં પૉર્ટુગલના આલ્ફોન્ઝો દ આલ્બુકર્કના નિષ્ફળ હુમલા બાદ ઇ. ૧૫૩૮માં તે તુર્કોને હાથ આવ્યું. સત્તરમી સદીમાં તુર્કોએ પોતાની જીતો યેમેનને સુપરત કરતાં અહીં સાનાના સુલતાને વર્ચસ્ સ્થાપ્યું, જે ૧૭૩૫ સુધી રહ્યું. તે પછી લાહેજના શેખે વફાદારી તજીને સ્વતંત્ર સુલતાની સ્થાપી અને ૧૮૩૯ની ૧૯મી જાન્યુઆરીએ બ્રિટિશોએ તેને હિંદ સાથે જોડી દીધું. ૧૬મી થી ૧૯મી સદી સુધી યુરોપ અને પૂર્વ વચ્ચેનો વાહનવ્યવહાર કેપ ઑવ ગુડ હોપ થઇને ચાલતો તે સુએઝ નહેર ખોદાયા પછી રાતા સમુદ્રમાં વળતાં હિંદનો વેપાર એડન દ્વારા ખૂબ વિકસ્યો. ૧૯૩૭માં એડન સ્વતંત્ર સંસ્થાન બન્યું, જેમાં પેરિમ, કામરાન અને કુરિયામુરિયા ટાપુઓનો સમાવેશ થાય છે.

હિંદી પત્રમિત્રો

(1) Arunkumar P.—16, C/o Prabhudas Jaisinh, 59/61 Ramgopal Pet, Secunderabad (A. P.), Reading, Swimming, Stamps; (2) Vasantkumar P. Thakkar–14, 8 Sarasvati Bhavan, M. G. Road, Ghatkopar, Bombay-39, Stamps, Playing Cards, Photos; (3) A. Gafaar A. Chhatbar—19, Lindi Bazaar, Near Pani-ni Kundi, Jamnagar (Saur.), Painting, Literature, General Knowledge, Oratory; (4) Dhirajlal Gulabdas Patel–32, C/o Shree Narayan Stores, Near Mota Bazaar Gate, Navsari, Personal Photos, View Cards, Friendly Exchange; (5) Gulammohammed C. Malek–17, Hakim-chichi Street, Rani Talao, Surat, Stamps, Photography, Reading, Post Cards; (6) Chandubhai V. Patel—21, New Poly-Tech Hostel, Room No 1 c, Near Nilam Bag Palace, Bhavnagar (Saur.), Photography, Literature, View Cards, Playing Cards; (7) Jawahar Chandulal Chawda–17, Vallabh Hospital, Room No. 10, Vallabh Vidyanagar, Via Anand (Kaira Dist.), Photography, Art, Nail Painting, Western Way of Living, Correlation; (8) Kesarikant Shah–21, 5 R. K. Bldg., Station Yard, Petlad (Dist. Kaira), Stamps; (9) Ramesh J. Parekh–16, Mulji Vakil's Dela, Vora Bazaar, Bhavnagar (Saur.), Stamps, View Cards; (10) Hareshbabu Dolatram Shah–17, Chheda Nivas, Room No.11, Deshal Rana's Chawl, Ghatkopar, Bombay-39, Stamps, Coins; (11) Navinchandra Laljibhai Ajvalia–16, C/o Laljibhai Naranjibhai Masalawala, Diwanpara Road, Kachhiavad, Bhavnagar (Saur.), Drawing, Cricket; (12) Dinesh Ratanlal Shah–21, Chhipa Mavji's Pole, Bariwalo Khancho, Ahmedabad-1, Drama, Literature, Travelling.

(ચાલુ)

કલાયાત્રી

સ્વ. ભાનુ સ્માર્ત

કલાના શિક્ષણ વિના બધી જ કેળવણી અધૂરી ગણાય. અને કલા એટલે માત્ર ચિત્રણા કે આલેખન નહિ, પણ વસ્તુનું પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સૌંદર્ય પારખવાની સૂઝ. ગઈ તા.૧૦મી ડિસેમ્બરે ભર યુવાન વયે અવસાન પામેલા, રંગાવટ અને ચિત્રસંયોજનામાં પ્રથિતયશ ગુજરાતી કલાકાર ભાનુ સ્માર્ત એવા કલાકાર હતા, જેમણે પોતાની કલા-કારકિર્દીની સાથોસાથ ઉપર્યુક્ત સિદ્ધાંત પર બાળકોમાં કલા-શિક્ષણના વિકાસ માટે પણ એટલી જ જહેમત ઉઠાવી હતી.

પોતાની શક્તિઓથી આકર્ષાઇને આવેલાં, સીનેમાક્ષેત્ર અને વ્યાપારક્ષેત્રની કારક-કલા માટેનાં લોભાવનારાં આમંત્રણોને નકારીને પણ માત્ર શુદ્ધ કલા ને કલાશિક્ષણના ક્ષેત્રને વળગી રહેનાર, અને ૧૯૩૬થી ૧૯૫૭ સુધીની એક વીશી ને એક વર્ષની એકધારી સેવા એ જ ક્ષેત્રને આપનાર સ્વ. ભાઈ ભાનુ સ્માર્તનો જન્મ ઈ. ૧૯૧૩ની ૧લી જાન્યુઆરીએ સૌરાષ્ટ્રમાં રાજકોટ મુકામે થયો હતો. એમની ત્રણ જ વર્ષની બાળ વયે એમના પિતા અવસાન પામતાં એમનું દસેક વર્ષસુધીનું બાળપણ સૂરતમાં વીત્યું, જ્યાં ગરીબ વિધવા માતાએ કામકાજ કરીને પાંચ પુત્રોને ઉછેર્યા. ત્યાર બાદ મોટાભાઈ મનહરલાલે મુંબાઇમાં નોકરી લેતાં આખું કુટુંબ મુંબાઈ ગયું. અને નાનપણથી જ ચિત્રશક્તિ દાખવતા અને કલાકાર થવાની અભિલાષા સેવતા એ કિશોરની કલાભિરુચિને પોષતા તેમના મોટાભાઇએ, તેને એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થતાં જ મુંબાઈની સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટમાં મૂકયા, જ્યાં ભારતીય ચિત્રપ્રણાલિના અધ્યાપક શ્રી જગન્નાથ અહિવાસી પાસે પાંચ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કરી ૧૯૩૫માં તેમણે પેઇન્ટિંગનો ડિપ્લોમા મેળવ્યો. ઉપરાંત એમની શક્તિઓને કારણે ભિત્તિચિત્ર (મ્યૂરલ પેઇન્ટિંગ)ના અભ્યાસ માટે એક વર્ષની શિષ્યવૃત્તિ પણ મળી. આ દરમ્યાન તેઓ ફેલોશિપ હાઈસ્કૂલના કલાશિક્ષક તથા જાણીતા કલાકાર શ્રી પુલિનબિહારી દત્ત તથા તેમના ભાઈ રવીન્દ્ર દત્તના સંપર્કથી પણ ખૂબ પ્રોત્સાહિત થયા.

૧૯૩૬માં શિષ્યવૃત્તિ પૂરી થતાં તેઓ મુંબાઈની મૉડર્ન સ્કૂલમાં કલાશિક્ષક પદે નિયુક્ત થયા, ને ભારતીય પ્રણાલિની પોતાની ચિત્રણાને વધુ પરિપ્લાવિત કરવા માટે બંગાળના નવકલાનિર્માણનો પરિચય કરવા ૧૯૩૭માં તેઓ શાન્તિનિકેતનમાં કલાગુરુ શ્રી નંદલાલ વસુ પાસે પણ એક વર્ષ રહી આવ્યા.

મુંબાઈ પાછા આવીને તેમણે મૉડર્ન સ્કૂલમાં યશસ્વી કામગીરી બજાવીને એક અગ્રગણ્ય કલાશિક્ષક તરીકે નામના મેળવી અને એ શાળાનાં ગૌરવ તથા પ્રતિષ્ઠા વધારવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. અહીં તેમણે બાળકોની ચિત્રકળા (ચાઇલ્ડ-આર્ટ)નું નવું ક્ષેત્ર વિકસાવ્યું અને બાળકોમાં રહેલી અસંપ્રજ્ઞાત કલાશક્તિઓ શૈલી તથા પ્રણાલિના કોઈ પણ બંધન વિના સ્વૈરપણે વિકસે એ ધ્યેય માટેની હીલચાલમાં શ્રી પુલિનબિહારી દત્ત સાથે કેવળ સેવાભાવથી છેક મૃત્યુ સુધી સક્રિય અને અવિશ્રાંત કાર્ય કર્યું. બાળક પોતાને ચાહે તે શૈલી, સાધન અને સંયોજનમાં મુક્તપણે પોતાની કલા-ઊર્મિની અભિવ્યક્તિ કરે ને વિકસી શકે એ સિદ્ધાંતમાં તેમને અચળ શ્રદ્ધા હતી અને તે માટે યોજાએલાં મુંબાઈનાં અનેક 'બાળકળા-પ્રદર્શનો'માં તેમનો ફાળો મહત્ત્વનો રહેતો. આ રીતે સર્જાએલાં મૉડર્ન સ્કૂલનાં તથા અન્ય બાળકોનાં અનેક ચિત્રો ઈંગ્લંડ, અમેરિકા, ફ્રાન્સ, જાપાન ને દિલ્હીનાં પ્રદર્શનોમાં મુકાઇને પ્રશંસા પામ્યાં હતાં.

તળપદી કલાપરંપરા સાચવતાં ગામડાનાં રમકડાં એકઠાં કરવાનો એમને ખાસ શોખ હતો. મારવાડ, ગુજરાત ને બંગાળ ઉપરાંત દેશના બીજા પણ અનેક ભાગોમાંથી માટીનાં તેમજ લાકડાનાં રમકડાંઓનો એમનો સંગ્રહ સમૃદ્ધ છે. ગામડાંના કલાકારોની રંગ અને રચના વિષેની પરંપરાગત સમજ તથા સૂઝ એ કોટિની હોય છે કે જેનો ઉન્મેષ સીધો બાળકોનાં હૃદય સુધી પહોંચે છે.

ઓછી છતાં જોરદાર રેખાઓ અને સામંજસ્યવાળી રંગાવટ એ એમની વિશિષ્ટતા હતી. રેખા ને સંયોજનને તેઓ મહત્તમ સાદગી સુધી પહોંચાડતા. મુક્તપણે વિહરતી તેમની પીંછી પાછળ આકલ્પન ને સંયોજનની ચીવટ દેખાઇ આવે છે. વાસ્તવાલેખન કે તસ્વીરાલેખન પ્રત્યે તેમને ખાસ રુચિ ન હતી. બાળકો માટે એમણે પરીકથાઓનાં કલ્પનારંગી અનેક ચિત્રો કર્યાં છે જે પ્રશંસનીય છે.

સિમલા, મુંબાઇ, કલકત્તા વગેરે અનેક સ્થળે પ્રદર્શનોમાં એમનાં ચિત્રોને ચંદ્રકો, પારિતોષિકો ને પ્રમાણપત્રો મળ્યાં છે. 'માતા' નામનું એમનું ચિત્ર મુંબાઈ આર્ટ સોસાએટીના વાર્ષિક પ્રદર્શનમાં રૌપ્યપદક પામેલું, તથા લંડનની



સ્વ. ભાનુ સ્માર્ત

રૉયલ ઍકેડેમીના પ્રદર્શન માટે પસંદગી પામેલું. એમાં રાખોડી કે શ્યામ રંગના છરકામાં સહેજસાજ ગુલાબી કે લાલ રંગની છાંટ સાથે નિર્ભય રેખાઓથી એમણે પોતાના સામર્થ્યને ઘણી સફળતાથી પ્રદર્શિત કર્યું છે. આ અંકના મુખચિત્ર તરીકે પ્રકટ થએલું 'રાસ-નૃત્ય' મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં અને 'અભિસારિકા' નામનું બીજું ચિત્ર શેઠ કલ્યાણજી કરમશીના કલાસંગ્રહમાં છે. એમનાં 'બળદગાડીની શરત', 'અશ્વખેલ, 'નાગપંચમી' (કુમારના ૩૦૦મા અંકમાં આવેલું) વગેરેમાં લોકકળા તથા ગતિમય રેખા પ્રત્યેની એમની અંતર્ગત અભિરુચિ જોવા મળે છે. મુઘલશૈલીના એમના એક ચિત્રમાં મુમતાઝની મરણપથારી પાસે બેઠેલા 'શાહજહાંના તાજમહાલના સ્વપ્ન'ને એમણે સફળતાથી આલેખ્યું છે.

ચાઈલ્ડ આર્ટ સોસાએટી, ગુજરાત કલામંડળ અને આર્ટ સોસાએટી ઑવ ઇંડિયાના તેઓ ક્રીયાશીલ સભ્ય હતા. તે ઉપરાંત તેઓ મુંબાઇ સરકારે નીમેલી 'આર્ટ એડ્યુકેશન ફોર સ્કૂલ્સ કમિટી'ના પણ સભ્ય હતા.

સ્વભાવે તેઓ આનંદી, સહૃદયી ને સેવાભાવી હતા. કીર્તિ અને દ્રવ્યની એમણે કયારે યે અપેક્ષા રાખી ન હતી. અને મિજાજ પણ કલાની ખુમારીભર્યો સ્વમાની. આથી જ ચિત્રપટો કે ધંધાદારી કામ માટેના અનેક પ્રલોભનોને ઠોકરે મારી છેવટ સુધી પોતાના કાર્યાલયને ને શિક્ષણપ્રેમને એકનિષ્ઠાથી, સેવાભાવથી ને મમતાથી તેઓ વળગી રહેલા.

કલાકારના મિજાજ અને પ્રતિભા ઉપરાંત (અનુસંધાન છેલ્લા પાનાને ત્રીજા કોલમે)







ટિકિટસંગ્રહ

૧૯૫૭ના વર્ષાન્તે ભારતે બે પ્રસંગે ત્રણત્રણ નવી ટિકિટો બહાર પાડી તે આ સાથે આપી છે. પં. નેહરુના જન્મદિન ૧૪મી નવેમ્બરે 'બાળદિન' નિમિત્તે જમતાં ને ભણતાં બાળકો ને રમકડું નિદર્શાતી; અને ગયા વર્ષમાં ભારતની ત્રણ પીઠ યુનિવર્સિટીઓ-મુંબાઇ, કલકત્તા, મદ્રાસ ની સ્થાપના શતાબ્દી નિમિત્તે ૩૧મી ડિસેમ્બરે બહાર પાડેલી એ ત્રણેનાં મકાનોની છાપવાળી. આ છેલ્લા પ્રસંગે બહાર પડેલાં ફર્સ્ટ-ડેકવર ભરત કે. સી. દેસાઇ અને હીરાલાલ શાહે મોકલેલાં, તેનો ઉપયોગ કરી શકાયો નથી. રશિયાએ અવકાશમાં છોડેલા પ્રથમ ચન્દ્રની વૈજ્ઞાનિક સિદ્ધિને અંકિત કરતી રૂમાનિયાએ બહાર પાડેલી ત્રણ ટિકિટો (મોકલનાર ભાઇ અશોક કાન્તિલાલ કોરા) આ પાનાને છેડે આપી છે.

આવતી ૧૦મી ફેબ્રુઆરીએ સંયુક્તરાષ્ટ્રસંઘ-યુનોતરફથી ૧૯૫૮ની પ્રથમ સ્મૃતિ-ટિકિટો બહાર પડશે, જે અણુ સંસ્થા અંગેની હોઇ તેના ઉપર તેને અનુરૂપ પ્રતિકો હશે.









શાર્દૂલ

જે જીતે નવ જીતિયાં મનુજનાં હૈયાં, નહિ જીત એ

મહારાષ્ટ્રીય સંતકવિ તુકારામને કર્કશા પત્ની જોડે પાનું પડેલું. એક વાર શેરડીના સાંઠા લઇને તુકારામ ઘેર આવતા હતા ત્યાં માર્ગમાં થોડા રંક માણસો મળ્યા; તેમના પર દયા આવવાથી તેમને તે વહેંચ્યા અને બાકી એક વધ્યો તે લઇને ઘેર આવ્યા. તેમનાં પત્નીને આ ખબર **પહેલેથી જ પહોંચ્યા** હતા, એટલે જેવો તેમણે એ સાંઠો પત્નીને આપ્યો તેવું જ તેણે ચંડીરૂપ ધારણ કરી તે સંતના વાંસામાં એટલા તો જોરથી માર્યો કે સાંઠાના બે કકડા થઈ ગયા; છતાં સંત તો અદ્‌ભુત સહનશીલતાથી હસીને બોલ્યા: 'તેં ખરેખર સહધર્મિણીનો ધર્મ બજાવ્યો છે. મેં તને એકલીને ખાવા માટે આપ્યો, પણ તેં એકલાં ન ખાતાં ભાંગીને બે કટકા કર્યા.'

અનેકાર્થી શબ્દ: **રાડ=બૂમ કે ચીસ**; કજિયો; વેર; યુદ્ધ; ફરિયાદ; જુદાપણું; અનુરાગ; ઇચ્છા; બીકણ; નિરુપયોગી; હલકું.

૧૯માંથી ૧૨ બાદ કરતાં ૯ બાકી રહે, એમ કોઈ કહે તો નવાઇ લાગે ને? પણ જુઓ બાજુએ:

XIX
XII
ooIX



કલાકણિકા: ઈ. પૂર્વે ૨૦૦૦માં ઇજિયન સમુદ્રમાં ક્રીટ ટાપુમાં જે ગ્રીક સંસ્કૃતિ વિકસી તે સમયના (આજથી ૪૦૦૦ વર્ષ પહેલાંના) આ પાત્ર પરની કલા, માનવ સંસ્કૃતિના આદિકાળની તેની ઉચ્ચ કોટિની પ્રતીતિ રૂપ છે.




ગયા માસમાં બહાર પડેલી 'યુનિવર્સિટી શતાબ્દી-ટિકિટોના રદીકરણની છાપ (રા. ર. ઇનામદાર)



સાતસો વર્ષનું વૃક્ષ

જર્મનીના પાટનગર બર્લિન કે પૉલૅંડના વૉર્સૉ શહેરનું સમવયસ્ક આ એક વૃક્ષ આજનાં હેલ્સિંકી, ટોકિયો અને કલકત્તા શહેરો કરતાં ઉમરે ક્યાંય મોટું છે. માર્કો પોલો જ્યારે ચીનની સફર પર હતો અને અંગ્રેજ પાર્લમેન્ટ હજુ બેસવા માંડી હતી, ગુજરાતમાં વાઘેલાઓનું રાજ હતું અને આબુમાં વસ્તુપાલ ને તેજપાલનાં મંદિરો બંધાતાં હતાં ત્યારે, આજથી સાત સદીઓ પૂર્વે, રશિયાના યુક્રેઇન પ્રાંતના વેર્ખેનાયા ખાર્તિત્સા નામના ગામડામાં એ પોતાની લીલી ડાળીઓમાં સમયના સમીરને ઝીલતું ડોલી રહ્યું હતું. તે ૧૧૮ ફૂટ ઊંચું છે; તેના થડનો ઘેરાવો ૨૦ ફૂટ ને ૯ ઇંચ, ને તેના મથાળા crownનો વ્યાસ ૧૪૧ ફૂટ થાય છે.



અંગ્રેજી મૂળાક્ષરનો દસમો અક્ષર 'જે' મૂળ ઇજિપ્તની ચિત્રલિપિ 'હાયરો ગ્લિફ'માં 'આઇ'થી ઉલટી દિશાની બે ત્રાંસી **સમાંતર લીટી** રૂપે હતો, તેમાંથી અનુક્રમે 'હાયરેટિક', ફિનિશિયન, જૂની ગ્રીક, પૂર્વ લૅટિન તથા આજના રૂપે તેનો ઉત્તરોત્તર કેવો વિકાસ થતો ગયો તે ઉપલા ચિત્રમાં બતાવ્યું છે. નીચેની તકતીમાં તેના કૅપિટલ તથા નાના અક્ષરોનાં લેખનસ્વરૂપનો વિકાસ પ્રથમ હિબ્રૂ પછી ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રૉસિંગ ઇટાલિક ટ્યૂડર, વિક્ટોરિયન અને છેલ્લે આધુનિક લિપિઓમાં જે ક્રમ થયો તે દર્શાવ્યું છે.

કાપડ પર પડેલા ચામડાના ડાઘ કાઢવા માટે તે પર સરકો અથવા ઍસેટિક ઍસિડ લગાડવો. પછી ડાઘવાળો ભાગ ધોઈ નાખવો.

ડુંગળીને કાપી કે છૂંદીને તેમાંથી નીકળતો ગૅસ વાઈ કે એવા કારણે બેશુદ્ધ થએલા દરદીને સુંઘાડતાં તે શુદ્ધિમાં આવશે.

કલાવાર્તા (અનુસંધાન પૃષ્ઠ ૪૦થી ચાલુ) એમનામાં કલાશિક્ષકની સાચી દૃષ્ટિ હતી. ગુજરાતી સાહિત્ય અને શિક્ષણસાહિત્યના પણ તેઓ સારા અભ્યાસી હતા. કોઇ પણ જાતનાં પ્રલોભનોમાં પડયા વિના કેવળ પોતાના ધ્યેયને જ વળગી રહેતાં એમને આર્થિક સંકડામણો પણ વેઠવી પડી છે અને એ એમણે હસતે મોંએ વેઠી છે. છેલ્લાં નવ વર્ષથી તો તંદુરસ્તી પણ લથડી હતી. મીઠી પેશાબ, ગાઉટ, ક્ષય, બ્લડ પ્રેશર, યુરેમિયા વગેરે ભયંકર રોગો એક પછી એક એમના શરીરમાં પ્રવેશેલા, એટલે છેલ્લાં નવ વર્ષ દરમિયાન તેમનાથી બહુ ઓછું સર્જન થઇ શકેલું; છતાં આ માંદગીઓ પણ એમણે ખૂબ હિંમત અને સહનશીલતાથી વેઠી. એમાં કંઈ કે રાહત જેવું લાગે કે તરત પ્રવૃત્તિમાં લાગી જ ગયા હોય. પણ છેલ્લા છએક માસ તો તેઓ પથારીવશ જ હતા. એમનું જીવન ટૂંકું છે એનો ખયાલ એમને આવી ગયો હતો, છતાં મૃત્યુનો ભય એમને કદી ડારી નહિ શકેલો. અને આમ, અડગ ધૈર્યથી આવી લાંબી માંદગીઓ ભોગવી એ પ્રતિભાવાન આત્મા આખરે ગયા માસની ૧૦મી તારીખે આપણી વચ્ચેથી પ્રયાણ કરી ગયો.









મધ્યભારતનાં જંગલો વચ્ચે આવેલા ખજુરાહોમાં દસમી અને અગિયારમી સદીમાં અજ્ઞાત શિલ્પીઓએ અસંખ્ય મંદિરોનાં જે અપ્રતિમ કલારત્નો વિલસાવ્યાં ત્યાં તેમાંના હાલ માત્ર ત્રીસેક મંદિરોનાં અર્ધખંડિત જેવાં રત્નો જ આપણને લભ્ય છે. પણ એણે યે આજે દુનિયા આખીમાં નામ કાઢ્યું છે. (ભારત સરકારે ઉતારેલી એની ડૉક્યુમેન્ટરી ફિલ્મને ફિલિપ્પાઈન્સમાં મળેલા આંતરરાષ્ટ્રીય ફિલ્મ-મહોત્સવમાં પ્રથમ ઈનામ મળેલું.) આ અંકમાં જૈન કળા વિષે આપેલા લેખના અનુસંધાને આ ઉપર, ત્યાંના પાર્શ્વનાથના મંદિર(૧૦મી સદી)નાં શિલ્પોમાં કંડારેલાં હિંદુ દેવ-દેવી (ડાબી બાજુની પટ્ટીમાં ઉપરથી નીચે અનુક્રમે) વિષ્ણુ, પાર્વતી અને સરસ્વતી, તથા (જમણી બાજુનું મોટું ચિત્ર) આદિનાથના મંદિર(૧૧મી સદી)માંથી દર્પણમાં મુખદર્શન કરતી અપ્સરા આપેલાં છે. તેમના મુખભાવ અને લાલિત્યભરી અંગભંગિ ત્યારના કલાકારોએ પથ્થર પર મેળવેલી ચરમ સિદ્ધિની સાહેદી પૂરે છે.

ગિરનારની તળેટીમાં
દામોદર કુંડ [એચિંગ]
કલાકાર:
યજ્ઞેશ્વર શુક્લ



કલાકાર કલમ કે પીંછીથી જે ચિત્ર આલેખે છે તેમાં તો એ એક જ કૃતિ તૈયાર થાય છે, પણ પશ્ચિમમાં ઘણા કલાકારો ધાતુની–મોટેભ ત્રાંબાની પ્લેટ ઉપર તીક્ષ્ણ ઓજાર વડે ચિત્ર આલેખી કોરી કાઢે છે, અને તે પ્લેટ પર શાહી લગાડી તેના પર કાગળ રાખીને નકલો કર છે. એ પદ્ધતિમાં પણ કલાકારની સ્વહસ્તની કૃતિ જ મળતી હોવાથી તેનાં મૂલ્ય ને મહત્તા મૂળ કૃતિ જેવાં જ ગણાય છે. એમાં પણ ચિત્રો છાપ લેતાંલેતાં પ્લેટ પરનું કોતરકામ ઉત્તરોત્તર ઘસાતું જતું હોવાને કારણે નકલોની સંખ્યા ઘણી મર્યાદિત ઊતરે છે; એટલે જેમ નકલે સંખ્યા ઓછી તેમ કિંમત વધારે. ℂ ધાતુની પ્લેટ પર આ રીતે ચિત્ર કોરવાના ત્રણેક પ્રકાર છે: એચિંગ, ડ્રાઈપોઈન્ટ અને એકવાટિ એચિંગમાં, પ્લેટ પર મીણ કે એવા મિશ્રણનું આછું પડ પાથરી તેના પર કલાકાર અણીદાર સાધન વડે પોતાનો વિષય કોતરે છે; અને ક કરતાં તેટલા ભાગમાંથી મીણનો પટ ઉઝરડાઇ જાય છે. એ પ્લેટને પછી તેજાબના મિશ્રણમાં નાખી હલાવવાથી રેખાઓવાળો પ્લેટનો ખુ ભાગ તેજાબથી કોરાઈ જઈ ત્યાં ઊંડા આકા પડે છે. પછી મીણને કાઢી નાખી તે પ્લેટ પર શાહી લગાડી હળવે હાથે પ્લેટ સાફ કરી ન છે, એટલે આંકાઓમાં શાહી ભરાઈ રહી બાકીનો ભાગ ચોખ્ખો બની જાય છે. એ પ્લેટ પર પછી પોચો કાગળ મૂકી દાબપ્રેસમાં તેની ઉતારે છે. ℂ આ પદ્ધતિનો ઉગમ પશ્ચિમમાં થયો છે, અને જર્મન કલાકાર આલ્બર્ટ ડ્યૂરર, ડચ કલાકાર રેમ્બ્રાં, ફ્રેન્ચ કલાકાર રોદાં અમેરિકન કલાકાર વ્હિસ્લર આ પ્રકારોના સમર્થ કલાસ્વામીઓ ગણાતા. આપણે ત્યાં પણ આ પદ્ધતિએ કામ કરતા કલાકારોમાંથી નંદલાલ બોઝ, શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી ને શ્રી યજ્ઞેશ્વર શુક્લ વગેરેની કૃતિઓ 'કુમાર'માં પ્રકટ થતી રહી છે. ઉપર એવી એક વધુ કૃતિ આપી